આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર

વસંત

સંસ્થાપક - રવિશંકર રાવળ



તંત્રી
બચુભાઈ
રાવત

વર્ષ ૩૦મું - અંક ૩ જો · માર્ચ ૧૯

ફોટો · પ્રફુલ્લચંદ્ર સી. પટેલ

સળંગ
૩૫૧
મો અંક



[ચિત્રકાર · રવિશંકર રાવળ]

મુંજાલ મહેતા

[કુમાર · માર્ચ ૧૯૫૩

'મારાં સર્જેલાં પાત્રોને ચિત્રદેહ આપવામાં શ્રી રાવળે સારી સફળતા મેળવી છે, પરંતુ એ બધાંમાં મુંજાલ મહેતા તો એમણે આબેહૂબ મારી કલ્પના મુજબના જ સાકાર કર્યા છે.'

શ્રી કનૈયાલાલ મુનશીની ષષ્ટિપૂર્તિ નિમિત્તે અમદાવાદની ગુજરાત સાહિત્યસભા તરફથી પ્રકટ થએલો 'શ્રી ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' નામનો બત્રીસ પૂર્ણરંગી ચિત્રોનો મોટો સુંદર ચિત્રસંપુટ (જેમાંથી આ ચિત્ર સાહિત્યસભાના સૌજન્યથી અહીં ઉતાર્યું છે તે) શ્રી મુનશીને અર્પણ કરવાના સમારંભમાં એમણે કાઢેલા ઉદ્ગારો.

કુમાર

માર્ચ ૧૯૫૩

અંક ૩૫૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે....

આ અંકમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકલનારને 'કુમાર'માં આવેલું અગારી અનુકૂળતા પ્રમાણેનું કોઈ પણ એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલવામાં આવશે.



૧ આ સુંદર ચહેરામાં 'કુમાર'ના નાગાક્ષરો વંચાય છે? (મોકલનાર નારાયણ દેસાઈ)

છેલ્લા અંકમાં રવિશંકર મહારાજનું ચરિત્ર વાંચતાં એક વધુ સ્મરણ મોકલું છું.

૧૯૩૨-૩૩ની લડતવખતે મહારાજસાથે હું પણ વીસાપુર જેલમાં હતો. આ વખતે તેઓએ આશરે ૨૫૦૦ કેદીઓની રસોઇની વ્યવસ્થાનો ભાર ઝીલવા હામ ભીડી હતી. રાત્રે બાર વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા—પુરાવાના વખત—સુધી એ મોટા સમૂહની રસોઈ કરાવવાની, તેમને જમાડવાની તમામ વ્યવસ્થા તેઓએ કેટલાયે મહિના પોતાના મળામાં લીધી હતી. અને સરકારના એટલા જ ખર્ચે પણ અલ્લાબહલી કરી (લોટ વધુ મળતો તેથી વધારાના રોટલા ફેંકી દેવાતા, તે લોટ ઓછો લઈ) તેલ અને ગોળ વધારે મેળવી, પૂરી, શીરો, માલપુંઆ, પૂરણપોળી વગેરેનાં જમણ તેઓએ કેદીઓને જમાડયાં હતાં. વળી એટલા કેદીઓનાં મળમૂત્ર તળાવની પાળે નંખાતાં ને પાણીને બગાડતાં, તે મળમૂત્ર ઉપડાવી ખેતરોમાં મોકલી શાકભાજી અનેઅનાજનાં કદને પ્રમાણમાંવધારો કરાવવામાં તેઓનો મોટો સાથ હતો....

(કચ્છ માંડવી) —ગોકુળદાસ બાંભડાઈ

ગયા અંકમાં પ્રો. રાનડે લિખિત 'મૅટ્રિક પછીનું માર્ગદર્શન'માં જણાવેલો વૈદ્યકનો ચાર વર્ષનો કોર્સ ગયા વર્ષથી બંધ કરી દેવાયો છે, અને તેને સ્થાને ઈન્ટર સાયન્સ 'બી' ગ્રૂપ સાથે પાસ થયા પછીનોડિગ્રીકોર્સ દાખલ કરવામાં આવ્યો છે. તે સાડાચાર વર્ષનો કોર્સ છે અને ખર્ચાળ પણ ઓછો તો નજ કહેવાય. પાસ થવા માટેનું ધોરણ પણ એમ. બી. બી. એસ. જેટલું જ છે.

(સુરત) —રશ્મિ દોશી

કુમાર પ્રાંતપ્રાંતના એક લેખકોની દર અંકે એકેક કૃતિ છાપીને હિમાલયથી કન્યાકુમારી સુધીનું સમ્યક્ જ્ઞાન આજના નવયુવકને બહારનાં(અંગ્રેજ, અમેરિકન)જીવનચરિત્રો આપવાને બદલે આપવાનું શરૂ કરે તો? (બહારના લોકોનાં જીવનચરિત્રો બુદ્ધિગમ્ય નથી એમ નહિ.) વળી હાલના નવયુવકને'મૅટ્રીકપછી'ની ચિંતા ઘણી જ હોય છે. તે માટે તમે વ્યવહારુ, જીવનોપયોગી વસ્તુઓ સસ્તી સારી અને ઓછી મૂડીમાં કેમ બનાવવી અને કયાં વેચવી તેની એકાદ કટાર શરૂ કરો તો 'કુમાર'નો ફેલાવો થવા સંભવ ખરો. અને છેલ્લે છેલ્લે હિંદુ ધર્મથી શરૂઆત કરીને મુસલમાની ધર્મ, યહૂદી ધર્મ, તેઓનું ઉદ્ભવસ્થાન તેઓનું વિશેષ લક્ષ્યબિંદુ, હાલમાં રહેલી ખોડો અથવા તો તેઓની શ્રેષ્ઠતાઓ એ પ્રમાણે દુનિયાના દરેક પંથો ને ધર્મોનું સ્પષ્ટ ને સચોટ જ્ઞાન આપવાનું 'કુમાર'માં શરૂ કરો તો?,બાકી તો પ્રત્યક્ષ ખાત્રી ન હોવાથી આપ ઉપરના દૃષ્ટિકોણોને ચારેગમથી તપાસી યોગ્ય કરજો.

(મુંબાઇ) —નવીન વોરા

ચાલુ 'કુમાર'માં 'યુદ્ધનાં કારણો'માં અગત્યનું એવું 'સ્રી' ભુલાઇ ગયું લાગે છે.

આયુર્વેદ ઉપર દરેક અંકમાં એકાદ લેખ બાપાલાલભાઇ વૈદ્ય જેવા કોઈ નિષ્ણાત પાસેથી મેળવી છાપો તો સારું.પહેલેથી સામાન્ય માણસને જાણવા યોગ્ય દરેક વિગત પૂરી પાડવાથી ડૉકટરોના ખાટલાઓથી બચવા ઘણાને મદદરૂપ થશે.

(મુંબઈ) —જમનાદાસ ખેરાજ

દરેક માસે અગત્યના અને જીવનમાં ફેરમ આપનાર પુસ્તકોનું સવિસ્તર અવલોકન આવે તો સારું એમ હું માનું છું. તદુપરાંત 'કુમાર'ના બહોળા એવા અનુભવી, જ્ઞાની, તજ્જ્ઞો પાસેથી તેમને કયાં પુસ્તકો પ્રિય છે, જીવનમાં ઉપયોગી નીવડયાં છે તેની યાદી અને તેમની જ એ પુસ્તકઉપરની ટૂંકી નોંધ સાથે છપાય તો સારું એમ લાગે છે.

(આણંદ) —નટવરલાલ દવે

શ્રી કરસનદાસ ર. ઠક્કરના બીજા વિચાર સાથે હું સહમત છું. અવલોકન કરતાં પરિચય વધુ ઈષ્ટ છે. Books that have influenced me કરતાં books that have attractedmeનું તત્ત્વ રહેવું જોઈએ.

(ઉમરેઠ) —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ફેબ્રુઆરી અંકના પૃ. ૪૪ પર જમણી બાજુની ત્રીજી કંડિકામાં આમ છે: 'આ રીતે નાનપણથી જ શ્રમ પ્રત્યે મહારાજને કશા શરમ કે સંકોચ નહોતાં રહ્યાં.' આ વાકયમાં 'કે' હોવાથી 'કશાં' વિશેષણ શરમ અને સંકોચ બંનેને ન લાગુ પડે. 'અને' હોત તો 'કશાં' શરમ અને સંકોચ બંનેને લાગુ પડત. 'કે' રાખવું હોય તો આમ લખાય: 'મહારાજને કશી શરમ કે કશો સંકોચ નહોતો રહ્યો.'

એ જ અંક: 'પંચવર્ષીય યોજના'ના લેખમાં નીચેથી ત્રીજી લીટીમાં આમ છે: 'સૌએ તેને અંગે પોતાને ભાગે આવતી ફરજ ને ફાળો...' આ વાકયમાં 'આવતી' વિશેષણ ફરજ ને ફાળો બંનેને લાગુ પડે છે, એટલે 'આવતાં' ફરજ ને ફાળો એમ જોઈએ.

'વાચકો લખે છે'ની નીચેની નોંધમાં 'આ વિભાગમાં પ્રકટ થતા દરેક ચિત્ર, ફોટોગ્રાફ તથા પત્ર માટે તેના મોકનારને..' આ વાકયમાં 'તથા' ને સ્થાને 'અથવા' કે 'વા' હોવું જોઈએ, કારણ ચિત્ર, ફોટોગ્રાફ કે પત્ર એ ત્રણેમાંથી એક જ પ્રસિદ્ધ થાય તો પણ ચિત્ર ભેટ મોકલાય એવો ઉદ્દેશ સ્પષ્ટ છે.

(મુંબાઈ) —નટવર સુવાગુમાર

કોઈ પણ વિષય રદ કર્યા સિવાય 'કુમાર'માં રંગકામ, છાપકામ, વણાટકામ, એન્જિનીઅરિંગ વગેરે જેવા ટેકનિકલ વિષયોની માહિતી પણ આપી શકાય તો વિશેષ જાણવાનું મળે અને આ વિષયો પણ કળાના અંગરૂપે જ હોઈ રસપ્રદ નીવડે.

(બોરીવલી) —અ. ના. રાવળ

છેલ્લા થોડા અંકોથી આપે મારી એક મુરાદ પૂરી પાડીને 'કુમાર'ને શ્રેષ્ઠ બનાવી દીધું છે, અને તે છે રહસ્યકથાઓની લેખમાળા.

શ્રી બકુલ ત્રિપાઠીની નિર્બંધિકાઓ પ્રસિદ્ધ કરો છો તે પણ ઘણું જ આવકારદાયક છે. મારા અમુક મિત્રો તો તે જ્યારે નથી આવતી ત્યારે ઘણા જ નિરાશ થઈ જાય છે.

ડૉ. ત્રિવેદીની શારીરિક વિજ્ઞાનને લગતી લેખમાળાએ અમારા જેવા biologyના વિદ્યાર્થીઓને કેટલો લાભ આપ્યો છે તેનું તો વર્ણન જ કરી શકાય તેમ નથી. હાલ અમેરિકામાં તેમજ રશિયામાં ચાલી રહેલી વૈજ્ઞાનિક શોધો પર આપ જો પ્રકાશ પાડી શકો તો ઘણું જ સારું.

(અમદાવાદ) —જગદીશકુમાર આર. દેસાઈ

વસંત (પંચમીના) પવનો

• પૃથ્વી •

વસંતપવનો નિહાળી રહું એટલે હું ખડો;
અલજજ અળવીતરા ટીખળી ટોળીબંધે પડ્યા
અહો, નાકળી શેરીએરી વનવીથિએ ફાંકડા
રજોમલિન માઘના રખડુ ફાગવેશે [illegible]!

વસંતપવનો નિહાળી રહું એટલે : શી અહા!
ધમાચકડી રે મચાવા રમણે ચઢ્યા આકળા
જવાન વયના તુફાની ભરવાડના જોકરા,
વને હચમચાવી વલ્લીદ્રુમ પર્ણ સૌ, વાઉ વા!

વસંતપવનો : અહો, નફિકરા, પડ્યા પ્રાતથી
મચેલ ઉધમાતિયા ધૂળ ઉરાડવા ગૌરવ;
બધાંથી અદકા પ્રહૃષ્ટ મધુ આગમે ઉત્સવ
અશો મહીંલ વન્ય અન્યતર કોઇને યે નથી.

વસંત પવનોની હ્યાં ઘરતટે સહુ ઝાપટો,
અને વયતટે મનો, વનતટે કળીસંપુટો.

'ઉશનસ્'

જુવાનને

• ઝુલણાં •

થાક શો જુવાનને?
હોડી જ્યાં છૂટી પછી શું ઝાલવું સુકાનને?
નીકળ્યા પછી શું કામ શોચવો મુકામને?
થાક શો જુવાનને?

એક વાર તંબૂઓ તણા ઊઠ્યા ખીલા,
ના પછી રુકાય કો દિ ઊપડેલ કાફિલા,
ના બને જગે કદી ય માર્ગ ને મકાનને.
થાક શો જુવાનને?
તીર તું ઘડેલ ના જ રાખવા કમાનમાં,
નીર તું ભરેલ ના જ બંધ કો તડાગમાં,
દે છૂટી મૂકી જ સાવ તાહરી લગામને
થાક શો જુવાનને?

'સનાતન'

અગ્નિરથને

• પૃથ્વી •

નિશા, નિબિડ અંધકાર, ગતિ, પાંથ તંદ્રાભર્યો;
સહુએ લયબદ્ધ ગીતરવ લોહ સંઘર્ષણે
સુણી જીવનયુદ્ધની નવબહાર ચાખી રહ્યો :
ભર્યાં જીવતરે ભલે સતત આગ ને ઘર્ષણ,
છતાં લયપ્રચૂર લિજ્જત ભરેલ સંવાદની
તમે અનલકાય અગ્નિરથ હે! કરી ઇજ્જત.

કાન્તિ વડોદરીઆ

હવેલી પાછળ નમતો ચાંદ

• ગઝલ •

હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

ઝરણ પર વહેતી એ રંગીન રમણા!
ખીલ્યાં પોયણાં સંગ સોહાગ-શમણાં;
અને લોચનોની શમી આંજ કેવી
મદીલી છતાં મૂક વ્રજ્જાળુ લહેરો!
હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

વિષાદી જો વાદળમાં એ મુખ લપાતું,
અમારું ત્યાં કેવું કલેજું કપાતું!
હવે તો પડ્યો રાહુથી પણ ભયાનક
શું પૃથ્વી પરેનો આ પડછાયો ઘેરો?
હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

હશે ઈન્દ્રપુરની નવોઢા એ નારી?
હશે લાડલી દેવ કેરી દુલારી!
'પિતા! પૂછતી આંજ આંખો નિમાણી
તમારાં રતન રોળવા શું ઉઝેરો?'
હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

અજાણ્યા ઝરૂખે સલૂણી, સુહાની,
ભર્યા જોબને આં ઢળી જિન્દગાની,
અરે! મુક્ત આકાશી પંખીને પીંખે
હવેલીનો પાષાણી પંજો નમેરો.
હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

મકરન્દ દવે

¶ જુવાન અને જુવાનીને લગતાં પહેલાં બે કાવ્યોના લેખકો બે ભાઇઓ થાય છે એ ઘણા નહિ જાણતા હોય. 'ઉશનસ્'નાં કાવ્યોમાં સફાઈદાર ઓપ કરતાં ખરબચડાપણાનું બલ વિશેષ હોય છે તે આમાં જણાશે. ¶ 'સનાતન'નું કાવ્ય તો વિશદ છે. ¶ આધુનિક જીવનમાંથી જ ભાવ-પ્રતીકો ને રૂપકો શોધવા મથતી આધુનિક કવિતાનું લક્ષણ 'અગ્નિરથને'માં જોવા મળશે. ¶ અને દર્દનું વાતાવરણ આલેખતી વાણીની પીંછીની કુમાશ મકરન્દ દવેના કાવ્યમાં અનુભવશો.

(માર્ચ ૧૯[illegible])

ગરીબીમાંથી ઊંચે આવી જે ઉદ્યોગના અગ્રણી બન્યા અને
યુનિવર્સિટીનું મોં નહિ જોએલું તે પ્રો-ચાન્સેલર બન્યા

નલિનીરંજન સરકાર

ની પુરુષાર્થી જીવનરેખા



ગરીબ અને મધ્યમ કુટુંબમાં જન્મેલો, યુનિવર્સિટીનું શિક્ષણ નહિ પામેલો, ૨૯ વર્ષનો એક તરુણ કલકત્તામાં આજીવિકાની શોધ અર્થે આવી પહોંચે છે. પૈસા વગરનો, મિત્રો વગરનો એ જુવાન અહીંતહીં આથડી છેવટે હિંદુસ્તાન કોઑપરેટિવ ઇન્સ્યુરન્સ સોસાએટી લિમિટેડમાં સામાન્ય નોકરી મેળવે છે. સખ્ત પરિશ્રમ સાથે ઉચ્ચ બુદ્ધિપ્રતિભા દાખવી, એક પછી એક પાયરી ચડતો જઈ છેવટે એ સંસ્થાનો તે સુકાની બને છે, ભયંકર આપત્તિના વાવાઝોડામાંથી સંસ્થાની નાવને હેમખેમ પાર ઉતારે છે, અને એની આ વ્યવસાયબુદ્ધિને કારણે વ્યાપાર-ઉદ્યોગનાં અનેક ક્ષેત્રોમાં એનાં સલાહ અને સહકાર મહત્ત્વનાં બની જાય છે. એ જે જૉઇન્ટ સ્ટૉક કંપનીમાં હોય એના શેર જોતજોતાંમાં ખપી જાય છે. એકવારનો એ અજાણ્યો, અકિંચન જુવાન બંગાળના ઉદ્યોગ-વેપારના ક્ષેત્રની એક અગ્રગણ્ય વ્યક્તિ બની છેવટે દેશવ્યાપી પ્રસિદ્ધિ મેળવે છે.

આ વ્યક્તિ તે કલકત્તા મુકામે ગયા જાન્યુઆરી માસની તા. ૨૪મીએ સાંજે જેમનું અવસાન થયું તે શ્રી નલિનીરંજન સરકાર. ગરીબ સ્થિતિના મધ્યમ કુટુંબમાં જન્મી, કેવળ આપબળે વાઇસરૉયની કારોબારી સમિતિના સભ્યપદ પર્યંત પહોંચી તેમણે બ્રિટિશ અમલ નીચે કોઇ પણ હિંદીને મળતો ઊંચામાં ઊંચો દરજ્જો મેળવેલો. એ દરજ્જે રહીને એમણે કરેલી સેવા આજે ગૌણ ગણાય, પરંતુ સ્વસંકલ્પ અને સ્વપ્રતિભાએ સામાન્ય સ્થિતિએથી અસામાન્ય સ્થિતિએ પહોંચવાનો એમનો પુરુષાર્થ તો પ્રશસ્ય જ રહેશે.

શ્રી સરકારનો જન્મ ઈ.સ. ૧૮૮૩માં, હાલ પૂર્વ પાકિસ્તાનમાં આવેલા બંગાળના માયમનસિંગ જિલ્લાના એક નાના સરખા ગામડામાં થએલો. પ્રાથમિક શિક્ષણ એ ગામમાં જ મેળવી, માધ્યમિક શિક્ષણ એમણે ઢાકામાં અને પછી કલકત્તામાં મેળવ્યું. યુનિવર્સિટીનું શિક્ષણ મેળવી શકે એવી કુટુંબની આર્થિક સ્થિતિ નહોતી, એટલે એમને નાની વયથી જ ધંધે લાગી જવું પડેલું. ધંધાની શોધમાં કલકત્તા આવી તેમણે જે ઝડપી પ્રગતિ સાધી તેની રૂપરેખા ઉપર આપી છે.

શ્રી સરકાર યુનિવર્સિટીનું શિક્ષણ ભલે ન મેળવી શક્યા, પરંતુ પ્રત્યક્ષ જીવનની શાળામાં એ જેવા કેળવાયા એવી કેળવણી કોઇ યુનિવર્સિટી એમને આપી ન શકત. દેશમાં અનેક ઉદ્યોગોના વિકાસમાં એમણે સહાય કરેલી, જેમાંના કેટલાક ઉદ્યોગ ઉપરાંત રાજકારણમાં પણ દેશબંધુ દાસના કહેવાથી એ ભાગ લેવા મંડેલા. એમની સ્પષ્ટ અને તેજસ્વી વિચારસરણીને લઈ દાસબાબુએ એમને પોતાના સલાહકાર બનાવેલા. એમની ઉચ્ચ બુદ્ધિપ્રતિભા વિષે ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુર, પં. મોતીલાલજી અને સર તેજબહાદુર સપ્રુ જેવાને પણ માન હતું. કૉંગ્રેસમાં હતા ત્યારે બંગાળ ધારાસભાના સ્વરાજ પક્ષના 'ચીફ વ્હિપ' તરીકે તેમણે બજાવેલી કામગીરી પ્રજામાં ખૂબ જાણીતી છે. પાછળથી એ કૉંગ્રેસમાંથી નીકળી ગયા અને બ્રિટિશ વહીવટદારોના સાથી બન્યા એ કેટલાકને વિચિત્ર લાગે છે. પરંતુ શ્રી સરકારે નવી દિલ્હીની વાટ પકડેલી તે બ્રિટિશરોના કાંધિયા તરીકે નહિ પરંતુ એમની સાથે રહીને દેશનું જે કંઈ હિત સાધી શકાય તે સાધવાના ઇરાદાએ. છેવટે જ્યારે એમને ખાતરી થઈ કે બ્રિટિશ શાસકોની નીતિ દેશનાં વ્યાપક હિતોની વિરુદ્ધ જઈ રહી છે ત્યારે તેમણે તરત વાઇસરૉયની કારોબારીમાંથી રાજીનામું આપી દીધું. સામાન્ય લોકો લોકપ્રિયતાની તૃષ્ણા રાખે છે, જ્યારે શ્રી સરકારે પોતાને યોગ્ય લાગતા માર્ગે જવામાં અપ્રિયતાનું જોખમ વહોરતાં પણ પાછું નહોતું જોયું. એમણે એક સ્થળે જણાવેલું છે તેમ, 'મેં જો લોકપ્રિય રાગમાં મારો સૂર પુરાવ્યો હોત તો આજે હું મહાન લોકનાયક પરંતુ ઊંણો મનુષ્ય હોત.' દરેક પ્રશ્નનો અનેક દૃષ્ટિકોણથી વિચાર કરી એ છેવટનો નિર્ણય લેતા અને પછી એમાંથી મુદ્દલ ચસકતા નહિ. એક બ્રિટિશ યુનિવર્સિટીની દીવાલ પર કોતરાએલા આ શબ્દો એમના જીવનમાં પૂરા ચરિતાર્થ થએલા ગણાય:

"They say
What say they
Let them say."

બંગાળના વડા પ્રધાન શ્રી વિધાનચંદ્ર રાયે આપેલી અંજલિ મુજબ, બંગાળના સાર્વજનિક જીવનનાં અનેક ક્ષેત્રોમાં શ્રી સરકારનો મહત્ત્વનો હિસ્સો હોઇ એ પ્રાંતને તેમની ખોટ સૌથી વધુ સાલશે એ નિઃશંક છે. નહિ પૈસો, નહિ ઉચ્ચ શિક્ષણ, નહિ કોઇ સામાજિક કે રાજકીય નેતાની હૂંફ, છતાં આપબળે આગળ વધેલા શ્રી સરકારનું મનોજગત ઓગણીસમી સદીના આશાવાદીનું હતું, વીસમી સદીના નિરાશાવાદીનું નહિ. ઉદ્યોગના ક્ષેત્રમાં નામ કાઢી એ રાજકારણમાં ઝળક્યા, કલકત્તાના નગરપતિ બન્યા, બંગાળના ફઝલુલ હકના મિશ્ર પ્રધાનમંડળમાં નાણાંખાતાના પ્રધાન બન્યા અને વાઇસરૉયની કારોબારીના સભ્ય તરીકે એમણે શિક્ષણ ખાતાનું દફતર સંભાળ્યું, એટલું જ નહિ પણ યુનિવર્સિટીનો ઊંબરો ન જોનાર શ્રી સરકાર દિલ્હી યુનિવર્સિટીના પ્રો-ચાન્સેલર બન્યા. અનેક યુનિવર્સિટીઓમાં એમણે આપેલાં દીક્ષાંત ભાષણો એમનો શિક્ષણવિષયક મૌલિક દૃષ્ટિકોણ વ્યક્ત કરે છે. બંગાળના મિશ્ર પ્રધાનમંડળમાં જોડાતાં પહેલાં એમણે ફઝલુલ હક પાસે એવું કબૂલ કરાવેલું કે મુખ્ય પ્રધાન સિવાયના પ્રધાનોની બંને મુખ્ય કોમોની સંખ્યા સરખી રહે, અને મુખ્ય પ્રધાનપદ પણ બંને કોમોની વ્યક્તિઓ વારાફરતી સંભાળે. આ કંઇ જેવીતેવી સિદ્ધિ ન ગણાય.

જેવો અદમ્ય એમનો ઉત્સાહ હતો એવું જ અદમ્ય એમનું ધૈર્ય હતું. પ્રાપ્ત પરિસ્થિતિમાં સંતોષ માની લેવો એ જીવનનો ક્ષય નોતર્યા બરાબર છે, અને શ્રી સરકારે સંત ઑગસ્ટાઇનની આ ઉક્તિ મનમાં સતત ઘૂંટતા રહીને પોતાના જીવનને એવા ક્ષયના ચેપથી મુક્ત રાખ્યું હતું : 'Be displeased with what thou art if thou desirest to attain to what thou art not; for where thou hast pleased thyself thou abidest, and if thou sayest I have enough, thore perishest.'

શ્રી સરકારે એમના જીવનમાં અનેક વિરોધો સહ્યા હતા, પરંતુ એ પ્રત્યેક વિરોધે એમનામાં નવો કાર્યોત્સાહ પ્રેર્યો હતો. સુરેન્દ્રનાથ બૅનરજી અને અરવિંદ ઘોષના નેતૃત્વ નીચે સ્વદેશી આંદોલનમાં ઝુકાવનાર શ્રી સરકારમાંથી દેશભક્તિનો વિલય થઇ જાય એ સંભવિત જ માત્ર નહોતું. એમની દેશભક્તિએ અન્ય માર્ગ ગ્રહણ કરેલો અને તે દેશમાં ઉદ્યોગવેપારના વિકાસનો. એમણે એક સ્થળે પોતાને માટે લખ્યું છે: "પ્રજાના વિવિધ વર્ગો મારે માટે શું ધારે છે એ જાણવું ઘણીવાર રસપ્રદ થઇ પડે છે. કેટલાકની નજરે હું અઢળક પૈસાદાર છું મારી જાણ બહારની મારી આસ્થિતિની લોકોની કલ્પના મને આનંદિત બનાવે છે. બાકી લોકોને જાણવું જ હોય તો મારી બૅંકની પુરાંત કેટલી છે એ હું કોઇને પણ બતાવવા તૈયાર છું. કેટલાક મને અપ્રિય બનેલા 'મૂડીવાદી' તરીકે ઓળખાવે છે. અલબત્ત, હું મૂડીવાદી ચોકઠામાં રહીને કામ કરું છું, પણ હું પોને મૂડીવાદી નથી મેં મૂડીનો તિરસ્કાર નથી કર્યો કારણકે વિકાસવાંછુ રાષ્ટ્રને તેની કેટલી અગત્ય છે તે હું જાણું છું. કેટલાક મને મહાન પ્રતિભા તરીકે ગણે છે, જે સાચું જોતાં હું નથી. પરંતુ પ્રતિભાની આ વ્યાખ્યામાં હું સંપૂર્ણપણે માનું છું કે, પ્રતિભા એટલે ૯૯ ટકા પરસેવો ને ૧ ટકો પ્રેરણા."

મર્હુમ જ્યૉર્જ બર્નાર્ડ શૉ યુનિવર્સિટી-સ્નાતકોના વર્ગને 'a class politically obsolete and scientifically ignorant' તરીકે ઓળખાવતો. શ્રી સરકાર પ્રત્યક્ષ જીવનમાંથી જ અનુભવના પાઠ મેળવતા જઈ એ વર્ગની આ ક્ષતિથી મુક્ત રહેલા. એમના નિર્વ્યસની જીવનમાં કોઈ એકમાત્ર વ્યસન ગણાવી શકાય તો તે કાર્યનું વ્યસન હતું. સવારના પાંચ વાગ્યાથી એ કામે લાગતા તે મોડી રાત સુધી મંડ્યા રહેતા. એમને વધુમાં વધુ તિરસ્કાર કોઇ ચીજ તરફ હોય તો તે આળસ અને અકર્મણ્યતા તરફ હતો. હિંદુસ્તાન કંપનીનું એ તંત્રસંચાલન કરતા ત્યારે કંપનીના દરેક કાર્યકરના ટેબલ પર એમણે મોટા અક્ષરે નીચે મુજબનું છાપેલું લખાણ મુકાવેલું: 'Come to a man of business, talk business, finish your business and leave the man of business to his business.'

શ્રી સરકાર રાજકીય નેતાઓની જેમ આપાદશીર્ષ રાજકારણમાં નહોતા પડ્યા, છતાં એમની રાજનૈતિક કુનેહ ને વહીવટી દક્ષતા સમર્થમાં સમર્થ રાજકીય નેતા જેટલાં હતાં. આ કારણે તો બંગાળના ડૉ. વિધાનચંદ્ર રાયના પ્રધાનમંડળમાં એમને લેવામાં આવેલા, એટલું જ નહિ પરંતુ ડૉ. રાયની કેટલાક સમયની ગેરહાજરી દરમિયાન એમને જ બંગાળનું હંગામી મુખ્ય પ્રધાનપદ સોંપાએલું. અહમદનગરની જેલમાં ગાંધીજીના ૨૧ દિવસના ઉપવાસ વખતે એમના હૃદયમાં વહેતી દેશભક્તિની પ્રજાને સાચી જાણ થઇ. એમણે ગાંધીજીને મુક્ત કરવા વાઇસરૉયને જણાવ્યું, જેની ના પાડવામાં આવતાં એમણે તરત રાજીનામું આપી દીધું મુસ્લિમ લીગે બંગાળમાં જે રક્તતાંડવ શરૂ કરેલું તે સમયે એમણે બજાવેલી સેવા અવિસ્મરણીય જ રહેશે.

આવી એક પુરુષાર્થી, પ્રામાણિક અને પોતાની આગવી રીતે દેશસેવામાં જીવનભર રત રહેલી વ્યક્તિને જો ઊગતી પ્રજા અંજલિ ન આપે તો તે કૃતઘ્નતા જ ગણાય.

અશોક હર્ષ

સુભાષિત

(અનુષ્ટુપ)

विद्वद्भिः सेवितः सद्भिर्नित्यमद्वेषरागिभिः।
हृदयेनाभ्यनुज्ञातो यो धर्मस्तं निबोधत ॥

(અનુવાદ)

રાગદ્વેષ વિના નિત્યે સંત વિદ્વાન સેવતા,
હૃદે જ્યાં સંમતિ પ્રેરી એને ધર્મ ખરો ગણો.

[વિવરણ : અનાદિ કાળથી ભારતમાં જેને ધર્મશાસ્ત્ર કહે છે, તેના આદ્ય પ્રણેતા ભગવાન મનુએ ઋષિમુનિઓને કહેલી 'ધર્મ'ની આ વ્યાખ્યા છે. સમય જતાં અનેક સંપ્રદાયો, અનેક આચાર્યો તથા અનેક ટીકાકારોએ 'ધર્મ એટલે શું' એના ઉપર મોટાં વિવેચનો કર્યા છે, પરંતુ ભવભૂતિ કહે છે તેમ આદ્ય મહર્ષિઓની વાણીની પાછળ તો અર્થ દોડતો આવે છે. તેમ, ધર્મની આ સીધી સાદી ને સરળ વ્યાખ્યા એની સાદાઈમાં જ સુંદર છે, ઉત્તમ છે, સચોટ છે અને ભારતના સનાતન સંસ્કારની મૂર્તિમંત પ્રતિમા જેવી છે. ધર્મ કોને કહેવો? કર્મકાંડથી ભરપૂર પાઠપૂજાને? કે એક પગે ઊભા રહેવા જેવાં કષ્ટ દેહને આપી જે ક્રિયાને તપનું નામ આપવામાં આવે છે તેને? કે છાપાં-તિલક વા કંઠીમાળા ધારણ કરવાની ક્રિયાને? કે યજ્ઞયાગાદિને?

આ શ્લોક સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે સંતપુરુષો, જે વિદ્વાન પણ હોય અને જે નિત્ય રાગદ્વેષ વિનાનું જીવન ગાળતા હોય તે જે સેવે તે ધર્મ. વિદ્વાન હોય પણ સત્પુરુષ ન હોય તો તેની ક્રિયા 'ધર્મ' ન કહેવાય. તેમજ એ બંને હોય, પણ રાગદ્વેષથી મુક્ત ન હોય તેમની ક્રિયા પણ ધર્મ નથી. વળી રાગદ્વેષ રહિતપણું પણ નિત્યનું જોઇએ, ક્ષણિક નહિ. અને આટલું બધું હોય તેમ છતાં પણ પોતાના હૃદયની એ કાર્યને સંમતિ મળવી જોઇએ, એટલે કે અંતરાત્માની રજા જોઇએ. અંતરાત્મા કોને જવાબ દે? રાગદ્વેષ વિનાના સંતપુરુષને; ગમે તે વિદ્વાનને નહિ. એટલે જ કાલિદાસ કહે છે કે:

सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतःकरण प्रवृत्तयः।

સંતને જ્યાં સંદેહ પડે ત્યાં અંતઃકરણનો અવાજ એ જ પ્રમાણ છે. એટલે અંતઃકરણે અનુજ્ઞા આપેલો અને રાગદ્વેષ વિનાના સંતપુરુષોએ સેવેલો ધર્મ તે ખરો ધર્મ. આ સુંદર વ્યાખ્યામાં સદાચાર, સંસ્કાર અને ધર્મ (culture civilization & religion) એ બધાંનો તાત્ત્વિક સાર આવી જાય છે. વળી આ વ્યાખ્યાના 'ધર્મ' શબ્દમાં એ બધા શબ્દોના અર્થો તો આવી જ જાય છે. છતાં એ અર્થો ઉપરાંત હૃદયની આજ્ઞાને લીધે કાંઈક વિશેષતા પણ તરી આવે છે. 'ધર્મ' શબ્દ આપણા ઋષિઓએ આવા ઉદાર અર્થમાં લીધો છે. આ અર્થમાં ધર્મ સમજાય તો વિશ્વમાંથી અશાંતિ દૂર થાય.

ર. ભી.]

પોતાના પોલાદી મનોબળ વડે માર્ક્સ ને લેનિનના આદર્શોને આગવી

માત્ર રશિયાના જ નહિ પણ સમસ્ત સામ્યવાદી જગતના સૂત્રધાર માર્શલ સ્તાલિનનું ગુરુવાર તા. ૫મીના રોજ અવસાન થયું. એના પુરોગામી અને સાથી લેનિનની જેમ જ એનું અવસાન પણ મગજમાં રક્તસ્રાવના પરિણામે થવા પામ્યું છે. રક્તસ્રાવની સાથે જ પક્ષઘાત લાગુ પડચો, વાચા બંધ થઈ ગઈ, શ્વાસોચ્છ્વાસ મંદ પડતા ગયા અને ૩૬ કલાકમાં જ રશિયાનો એ પોલાદી પુરુષ ચિરનિદ્રામાં પોઢી ગયો.

લેનિને ક્રાન્તિના અધૂરા મૂકેલા કાર્યને સ્તાલિને પૂર્ણ કર્યું, એટલું જ નહિ પણ એને ચોક્કસ આકાર આપ્યો. માનવ દ્વારા માનવતાના શોષણ સામે ઓગણીસમી સદીમાં કાર્લ માર્ક્સે સામ્યવાદના જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું એ સિદ્ધાંતને લેનિને રશિયાની ક્રાન્તિમાં અમલી રૂપે પ્રયોજ્યા અને એના ઉત્તરાધિકારી સ્તાલિને એ અમલ પરાકાષ્ઠાએ પહોંચાડચો. લેનિન જાતે પોતાના આદર્શ મુજબનો નવો સમાજ ન રચી શકચો, પરંતુ માર્ક્સ અને લેનિનના આદર્શોને સ્તાલિને તેની પોતાની રીતે અમલમાં મૂકી રશિયામાં નવસમાજની સ્થાપના કરી. દુનિયાના સુધરેલા દેશો કરતાં અનેકગણા પછાત રશિયાને ઔદ્યોગિક નજરે એ સર્વ દેશોની હરોળમાં લાવી મૂકનાર અને લશ્કરી સામર્થ્યની નજરે એને જગતની એક મહાસત્તા બનાવનાર સ્તાલિનમાં જે અદ્ભુત શક્તિ અને અપ્રતિમ મનોબળ હતાં એથી જો સહેજ પણ ઓછાં હોત તો આજનું રશિયા કદાચ અસ્તિત્વમાં જ ન આવત. એક વાર એક ધ્યેય નક્કી કર્યું એટલે આડું અવળું જોયા વિના એ સિદ્ધ કરવા પાછળ જ સઘળી શક્તિ કામે લગાડી દેવી એ એની ખાસિયત હતી. એ સિદ્ધિની આડે આવતા સઘળા અંતરાયોને ઉખેડીને ફેંકી દેવા એ એની વિશિષ્ટતા હતી—પછી ભલે એ અંતરાયો સાચા હોય કે કલ્પી લીધેલા. એની આ નિષ્ઠુરતા લોકશાસનની નજરે તો નિંદ્ય જ ગણાય, પરંતુ એ નિષ્ઠુરતા જેનાથી પ્રેરિત હતી એ રશિયન સમાજનું નવનિર્માણ તો એણે સિદ્ધ કરી જ બતાવ્યું, અને તે યે એવા સુદૃઢ પાયે કે ગયા મહાયુદ્ધમાં હિટલર તેના સઘળા લશ્કરી બળ સહિત તૂટી પડયા છતાં સ્તાલિનના રશિયાએ તેને મચક ન આપતાં ભૂંડે હાલે પાછો ધકેલ્યો. રશિયાએ જો નાઝી દળોને શીર્ણવિશીર્ણ ન કરી નાખ્યાં હોત તો ગયા મહાયુદ્ધમાં સાથી રાજ્યોનો વિજય અસંભવિત હતો. રશિયાનો આ વિજય આકસ્મિક કહી શકાય તેમ નથી. જમીનના એકે એક તસુ માટે તેના સૈનિકો અને નાગરિકો નાઝી ધાડાં સામે ઝૂઝયા હતા અને સ્તાલિનગ્રાદમાં તો પોળે પોળ, ઘેરે ઘેર અને મજલે મજલે દુશ્મનોને યુદ્ધ આપીને રશિયન વીરોએ જગતના ઈતિહાસના પાને એક ભવ્ય વીરગાથા અંકિત કરી હતી. વર્ષોના પરિશ્રમે સ્તાલિને એક સમયના દુર્બળ રશિયાને જે દુર્દાન્ત મહાશક્તિમાં ફેરવી નાખ્યું હતું તેનો એ નક્કર પુરાવો હતો; એ અકસ્માત નહોતો. હિંદને મન જેવા ગાંધીજી હતા તેવો રશિયાને મન સ્તાલિન હતો. અલબત્ત, બંનેની કાર્યનીતિ વચ્ચે આસમાન જમીનનો તફાવત હતો, પણ બંને પોતપોતાની રીતે રાષ્ટ્રનિર્માતાઓ હતા, યુગપરિવર્તકો હતા.



સ્તાલિન : તેની વિદ્યાર્થી અવસ્થામાં

સ્તાલિનનો જન્મ ઇ.સ. ૧૮૭૯માં કૉકેસસના પહાડી પ્રદેશમાં આવેલા દીદી–લોલો નામના ગામડામાં થએલો. એ ગામડું જ્યાં આવેલું એ જ્યૉર્જિયાનો પ્રદેશ રશિયાના ઝારે ઓગણીસમી સદીમાં તલવારના બળે જીતી લીધેલો, એટલે સ્તાલિનને ખરું જોતાં રશિયન નહિ પણ જ્યૉર્જિયન જ કહી શકાય. ગ્રીક પુરાણકથાઓમાં આવતા બંડખોર પ્રોમીથ્યુસનો જન્મ કૉકેસસના પહાડી મુલ્કમાં થયાનો ઉલ્લેખ છે, અને વીસમી સદીના મહાન બંડખોર સ્તાલિનનો જન્મ પણ એ જ મુલ્કમાં થએલો. એનું જન્મનું નામ જોસેફ વિસારિયોનૉવિચ જુગાશ્વીલા.

સોસો (જોસેફ માટે રશિયન ભાષામાં વપરાતું લાડનું નામ) નાનપણથી જ મિજાજી અને ઝનવાયું કરવાવાળો હતો. એનો પિતા એક અદના મોચી હતો અને સ્તાલિનને પણ એ જ ધંધામાં નાખવા માગતો હતો. પરંતુ માતાની ઈચ્છા એને પાદરી બનાવવાની હતી એટલે એને ટિફલિસની પાદરીશાળામાં મૂકવામાં આવ્યો. એ સમયની પાદરીશાળાઓ અનેક દૂષણોના ઘર જેવી હતી અને સ્તાલિન પોતે જે શાળામાં ભણવા બેઠેલો એ પ્રત્યે એને સદા તિરસ્કાર જ રહેલો.

પિતાનું તો જોસેફની અગિયારેક વર્ષની ઉમરે અવસાન થયું. માતાએ મજૂરી કરી તેના ભણતરનું ખર્ચ કાઢવા માંડયું. પરંતુ જોસેફને એ પાદરીશાળાનું વાતાવરણ વધુ ને વધુ ગૂંગળાવતું જતું હતું. એ અરસામાં ટિફલિસ, બાકુ વગેરે મોટાં શહેરોમાં ઝારશાહી દમન સામે ક્રાન્તિની લહર ઊઠતી જતી હતી. જોસેફ એવા કેટલાક ક્રાન્તિકારીઓના પરિચયમાં આવ્યો અને પોતાની શાળામાં જ એણે એવું એક મંડળ ઊભું કર્યું જેમાં ક્રાન્તિકારી સાહિત્ય વંચાવા અને ચર્ચાવા લાગ્યું. પાદરી શાળા ક્રાન્તિનો આ ચેપ સહી ન શકી અને જોસેફને તેણે રૂખસદ આપી દીધી.

અભ્યાસનો આમ અંત આવતાં જોસેફ ગમે તે રીતે પોતાનું પેટિયું કાઢતો રહી ક્રાન્તિકારી આંદોલનને વધુ ને વધુ વેગ આપતો રહ્યો. ઈ.સ. ૧૯૦૦માં રશિયન સોશ્યલ ડેમૉક્રેટિક પક્ષે ટિફલિસ કૉંગ્રેસની સ્થાપના કરતાં જોસેફને તેનો સભ્ય અને પગારદાર પ્રચા-

રીતે મૂર્તિમંત કરી જનાર સમગ્ર સામ્યવાદી જગતનો અનન્ય સૂત્રધાર

રક બનાવ્યો. કૉકેસસની ગોદમાં આવેલાં ગામડાંઓમાં ઘૂમી તે સભાઓ ભરવા અને સમાજવાદના સિદ્ધાંતોનો પ્રચાર કરવા લાગ્યો. ભવિષ્યમાં ક્રાન્તિની મહાજ્વાલા પ્રકટાવે એવી ક્રાન્તિની ચિનગારીઓ એ સર્વત્ર વેરવા લાગ્યો. ક્રાન્તિકારીઓને એનામાં એક સમર્થ કાર્યકર મળી ગયો. વખત આવ્યે ક્રાન્તિના પક્ષે એની જીભ નહિ પણ હાથ સુદ્ધાં ચાલતા. પોતાના વિરોધીને પડકારવાનું તો એના સ્વભાવમાં જ હતું અને એ પડકાર હતો, 'યા સ્તાલિન!' ('હું પોલાદી માનવી છું'). આ રીતે તે 'સ્તાલિન'ના નામે ઓળખાયો.

સ્તાલિનની પ્રવૃત્તિ ઝારના અમલદારોથી છૂપી ન રહી. પરિણામે અનેક ક્રાન્તિકારીઓની જેમ એ પણ બનાવટી નામે પાસપોર્ટ કઢાવી છટકી નીકળ્યો. ટિફ્લિસથી બાટુમ પહોંચી ત્યાંના ગોદીકામદારોમાં તે કામ કરવા માંડ્યો. અહીં તે પહેલવહેલો પકડાયો અને દોઢ વર્ષ જેલમાં વીતાવ્યું. ત્યાંથી એને સાઈબીરિયા દેશનિકાલ કરવામાં આવ્યો, પણ તરત છટકી ને પાછો આવ્યો ને પોતાના કામે લાગી ગયો.

સ્તાલિન જેલમાં હતો એ દરમિયાન રશિયન સોશ્યલ ડેમૉક્રેટિક પક્ષ એના લંડન મુકામેના બીજા સંમેલન પછી બે પક્ષમાં વહેંચાઈ ગયો—મેનશેવિક અને બોલ્શેવિક. સ્તાલિન આમાંથી લેનિનની નેતાગીરી નીચેના ઉદ્દામ બોલ્શેવિક પક્ષમાં ભળ્યો. લેનિનને મન સ્તાલિનનું કેટલું મહત્ત્વ હતું એ એટલા પરથી જણાશે કે તે સાઈબીરિયામાં દેશનિકાલ થએલો ત્યાં લેનિને એને પક્ષમાં જોડાવા આગ્રહ કરતો પત્ર લખેલો. સાઈબીરિયાથી નાસી આવ્યા પછી એ જ વર્ષમાં સ્તાલિને લગ્ન કર્યું. ત્રણેક વર્ષ પછી એની પત્ની અવસાન પામી.

એ કૉકેસસ પાછો ફર્યો ત્યારે બોલ્શેવિક પક્ષનો એક સર્વમાન્ય નેતા બની ગયો હતો. ઝારની પોલિસ તો એની પાછળ જ હતી. રશિયાનાં સઘળાં જાહેર કેન્દ્રોમાં એનો ફોટોગ્રાફ મૂકી એનો પત્તો મેળવી આપવા જણાવવામાં આવેલું, જેમાં સ્તાલિનનું નીચે મુજબ વર્ણન કરવામાં આવેલું: ઊંચાઈ પાંચ ફૂટ કરતાં સહેજ વધુ, દેખાવ સામાન્ય, વાળ ઘેરા ભૂખરા, નાક સીધું અને લાંબું, કપાળ સીધું પણ ઢળતું, ચહેરો લાંબો. ખાસ વિશેષતા: ડાબા પગની બીજી અને ત્રીજી આંગળી સાથે જોડાએલી ને ડાબા હાથે સહેજ પક્ષાઘાત.

રશિયન અમલદારો સ્તાલિનને હજી છોકરું જ ગણતા, પણ એ છોકરો કેવો જંબાઝ હતો તેનો પરચો તો તેમને ૧૯૦૫માં રશિયામાં ઝારશાહી સામે ફાટી નીકળેલા વિદ્રોહ વખતે મળ્યો. એ સાલમાં રશિયાના લાખો શ્રમજીવીઓએ 'પિતા' ઝારને તેનાં સંતાનો પરનો બોજો થોડો હળવો કરવા વિનંતી કરી. પરંતુ 'પિતા'એ તો બોજો હળવો કરવાને બદલે બંદૂકોથી કામ લેવા માંડ્યું અને પરિણામે રશિયામાં સર્વત્ર વિદ્રોહ ફાટી નીકળ્યો જે 'ઑકટોબર બળવા' તરીકે ઓળખાય છે. ક્રાન્તિકારીઓને તો એ જ જોઇતું હતું. લેનિને તરત ટેમરફોર્સ મુકામે પરિષદ બોલાવી અને લોકોત્થાનને સંપૂર્ણ ક્રાન્તિમાં પલટાવવા ચર્ચાવિચારણા કરી. આ પરિષદમાં બે વ્યક્તિઓ લેનિનના મનમાં કાયમની વસી ગઈ, ને તે સ્તાલિન તથા ટ્રૉટ્સ્કી. સ્તાલિને એની મનોદૃઢતાથી લેનિનને મુગ્ધ કર્યો, ટ્રૉટ્સ્કીએ તેની બુદ્ધિપ્રતિભાથી.

૧૯૦૫નો બળવો પૂર્વયોજિત ન હોઇ નિષ્ફળ ગયો, પણ ક્રાંતિકારીઓને તે અનેક પાઠ શીખવતો ગયો. કૉકેસસમાં એ બળવા વખતે સ્તાલિને સશસ્ત્ર છાપાખોર ટુકડીઓ તૈયાર કરી. કૉકેશિયન બોલ્શેવિકોએ લડત માટેનાં નાણાંની જોગવાઈ પણ પોતાની જાતે કરી લીધેલી, અને તે સરકારી તીજોરી તથા બૅન્કો પર ધાડો પાડીને.



સ્તાલિન

જોકે એ લોકો આ રીતે મેળવેલાં નાણાંને 'લૂંટ' નહિ પરંતુ 'નિઃસંપદીકરણ' ('એકસપ્રોપ્રીએશન') તરીકે ઓળખાવતા.

ઝારશાહીના સામનાથી આ બળવો પરાસ્ત થયો, પરંતુ નષ્ટ નહિ. સ્તાલિન બળવા પછી મેનશેવિકોનું જ્યાં વધુ જોર હતું એ બાકુના ઔદ્યોગિક કેન્દ્રમાં પહોંચ્યો અને ત્યાંના કામદારોને બોલ્શેવિક પક્ષમાં ખેંચવા લાગ્યો. જોકે આ કામગીરી દરમિયાન એને બે વાર પકડીને દેશનિકાલ કરવામાં આવ્યો, પણ ત્યાં સુધીમાં એણે એ પ્રદેશને બોલ્શેવિકોના એક દુર્ભેદ્ય કિલ્લા જેવો બનાવી દીધો ૧૯૦૫ પછી પ્રવર્તેલી હતાશાને કારણે ઘણા બોલ્શેવિક નેતાઓ એ પક્ષ તજી દેવા માંડ્યા હતા, ક્રાન્તિકારી આંદોલન ચાલુ રાખવાને બદલે ભવિષ્યના યોગ્ય મોકાની રાહ જોવાના મતના એ હતા. આવા અંધકારમય દિવસોમાં લેનિનની સાથે રહીને સ્તાલિન, મોલોતોફ અને સ્વર્દલોફે જ પક્ષનું સંગઠન ટકાવી રાખ્યું.

સ્તાલિન અને ટ્રૉટ્સ્કીને લેનિને પોતાના સહકારી બનાવ્યા એ વખતથી જ એ એકમીજાના હરીફ પણ બનેલા. લેનિન એ બંને કરતાં ઉમરે અને અનુભવે મોટો હોઇ એની સરસાઈ સામે તો બેમાંથી એકે સવાલ કરી શકે તેમ નહોતો, પરંતુ લેનિનના જતાં તેના સ્થાનનો અધિકારી પોતે જ છે એમ બંને પોતપોતાના મનમાં દૃઢતાપૂર્વક માનતા.

૧૯૧૪નું મહાયુદ્ધ આવ્યું અને લશ્કરી ભરતીને કારણે ક્રાન્તિપ્રવૃત્તિમાં મંદતા આવી. પરંતુ ૧૯૧૭માં રશિયાનું લશ્કરીતંત્ર તૂટી પડતાં ૧૯૦૫ની જેમ ફરી એ સાલમાં લોકોએ સ્વયં વિદ્રોહ કર્યો. આ વખતે એમને મોટામાં મોટો લાભ એ હતો કે ઝારનું લશ્કર પણ એમને પડખે હતું. આ સ્વયંભૂ ક્રાન્તિએ ક્રાન્તિકારીઓને પણ ચકિત કરી દીધા. આ ક્રાન્તિએ ઠેઠ ધ્રુવપ્રદેશમાં તુરૂખાંસ્ક મુકામે દેશવટો ભોગવતા સ્તાલિનના દેશવટાનો અંત આણ્યો અને તે પેટ્રોગ્રાડ પાછો આવ્યો. લેનિન સ્વિટ્ઝર્લૅન્ડ રહેરહ્યે વ્યવસ્થિત બળવાને



સ્તાલિન ૧૯૦૬માં યુવાન વય

ક્રાન્તિમાં ફેરવવા દોરવણી આપી રહ્યો હતો. એ રશિયા પાછો ફરીને કામચલાઉ સરકારને ઉથલાવી નાખવા માગતો હતો. સ્તાલિન પાછો ફરતાં ક્રાન્તિકારીઓનું બંધ પડેલું મુખપત્ર 'પ્રવદા' ફરી શરૂ કરવામાં આવ્યું અને તેમાં યુદ્ધ તથા કામચલાઉ સરકારનો સખ્ત વિરોધ કરતા લેખો પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

બોલશેવિકો ધીમેધીમે પ્રજાનું વધુ ને વધુ પીઠબળ મેળવતા ગયા અને છેવટે ૧૯૧૭ના જુલાઈમાં લોકોએ કેરેન્સ્કીની કામચલાઉ સરકાર વિરુદ્ધ જે બંડ ઉઠાવ્યું એની આગેવાની સ્વાભાવિક જ બોલશેવિકોના હાથમાં રહી. પરંતુ એ બંડ સફળ ન થયું. કેરેન્સ્કીએ બોલશેવિક પક્ષ ગેરકાયદે ઠરાવ્યો અને લેનિનને ફિનલૅન્ડ નાસી જવું પડ્યું. એની ગેરહાજરીમાં પક્ષનું નેતૃત્વ સ્તાલિનના હાથમાં રહ્યું. ઑગસ્ટમાં મળેલી બોલશેવિક કૉંગ્રેસે કેરેન્સ્કી સરકારને ઉથલાવી પાડવાનું નક્કી કર્યું અને નવેમ્બરમાં બોલશેવિકોએ સત્તા હાથ કરી રશિયામાંથી ઝારશાહીનો સદાને માટે અંત આણ્યો.

લેનિને હવે રશિયાનાં સત્તાસૂત્ર હાથ ધર્યાં અને પોતાના બે સાથી ટ્રૉટ્સ્કી અને સ્તાલિનને પોતાને પડખે રાખ્યા. પહેલો ઉચ્છેદક હતો, બીજો વિધાયક. અને બંનેની લેનિનને જરૂર હતી, કારણ તે જૂનું સર્વ કંઈ ઉચ્છેદી નાખી નવાનું સર્જન કરવા માગતો હતો. એને સૈકાઓથી શોષાએલી-કચડાએલી રશિયન પ્રજા માટે 'નવું સ્વર્ગ' રચવું હતું અને એ કાર્ય એણે સ્તાલિનને સોંપ્યું, કારણ કે તેનામાં અને તેની કાર્યપદ્ધતિમાં એને પૂરેપૂરો વિશ્વાસ હતો. સ્તાલિનને એણે સામ્યવાદી પક્ષનો મહામંત્રી બનાવ્યો.

ઇ.સ.૧૯૨૪ના જાન્યુઆરીની ૨૧મીએ લેનિન અવસાન પામ્યો. પક્ષે બહુમતીએ સ્તાલિનને લેનિનનો ઉત્તરાધિકારી નીમ્યો. પરિણામે પક્ષમાં કેટલોક કચવાટ ફેલાયો. ટ્રૉટ્સ્કીએ પક્ષના નિર્ણયનો ખુલ્લેખુલ્લો વિરોધ કર્યો. આંતરરાષ્ટ્રીય સામ્યવાદની સહાય માટે એણે અનેક વાર પ્રયત્ન કર્યાં, પક્ષમાં રહીને પ્રબળ વિરોધ કર્યો, પરંતુ સૌ પ્રથમ રશિયામાં સામ્યવાદને સફળ બનાવવાની નીતિને સ્તાલિન વળગી રહ્યો અને પક્ષની બહુમતી તેના પક્ષે રહી. બહારની દુનિયા પરથી લક્ષ ખેંચી લઈ તે રશિયાના નવનિર્માણમાં મંડી પડ્યો. એ નવનિર્માણમાં નડતરરૂપ સઘળાને એણે ઉખેડીને ફેંકી દીધા. અવારનવાર 'સાફસૂફી' આદરીને પોતાના કાર્યમાં આડખીલીરૂપ તત્ત્વોનો એણે અંત આણી દીધો. આ બધું એણે અત્યંત નિષ્ઠુરતાપૂર્વક કરવાને લઇને જગતનો લોકમત સ્તાલિનની નીતિરીતિથી ક્ષુબ્ધ બની ગયો.

સ્તાલિને ગયા મહાયુદ્ધમાં જર્મનીનો પરાજય સરજીને રશિયાના વિક્રમથી જગતને મુગ્ધ બનાવી દીધું. પરંતુ ત્યાર બાદ બિનસામ્યવાદી દેશો સામે એણે જે લોખંડી પરદો ઊભો કરી દઇને આંતરરાષ્ટ્રીય સામ્યવાદને આક્રમણકારી બનવામાં સહાય કરવા માંડી તેને લઇને જગત આજે સામ્યવાદી અને બિનસામ્યવાદી એવી બે જંગી લશ્કરી છાવણીઓમાં વહેંચાઈ ગયું છે. આમાં કેવળ સ્તાલિનની નીતિરીતિનો જ દોષ છે કે અન્ય કશાં તત્ત્વોએ તેમાં ભાગ ભજવ્યો છે એ આજે આપણે નિશ્ચિતતાપૂર્વક ન કહી શકીએ, કારણકે આપણે તેની ઘણા નજીક છીએ. આપણા પછીની પેઢીઓ જ એનું સાચું મૂલ્યાંકન કરશે.

સ્તાલિને એના જીવનકાળ દરમિયાન જે કંઈ કર્યું તે રશિયા સુખી, સમૃદ્ધ અને બહારના આક્રમણથી નિર્ભય બને એટલા હેતુ તેને શક્તિશાળી બનાવવા માટે જ કરેલું. હિટલરનો પરાજય સરજીને એણે માત્ર રશિયાને જ નહિ પરંતુ સમગ્ર લોકશાહી જગતને બચાવી લીધું હતું. એ ઋણના સ્વીકારરૂપે ઈંગ્લંડ તરફથી જ્યારે 'સ્તાલિનગ્રાદ સમશેર' આપવામાં આવેલી ત્યારે યાલ્ટા મુકામે ચર્ચિલના હાથે એનો સ્વીકાર કરતાં તેની આંખમાં આંસુ આવી ગએલાં. વિજેતાની આંખમાં આંસુ! જગતના ઇતિહાસમાં આવો બનાવ કદાચ પહેલો જ હશે. કયા ખયાલો એ વખતે એના મનમાં રમી રહ્યા હશે?!


જે કંઈ પણ ખયાલો એ વખતે એના મનમાં હશે તેમાં રશિયાને એ વિજયની ચૂકવવી પડેલી કીમતનો ખયાલ મોખરે હશે એ નિર્વિવાદ છે. અને એ ખુવારી કંઇ જેવીતેવી ન હતી. જર્મનોએ રશિયાનાં સાઠ લાખ મકાનોનો સદંતર નાશ કર્યો હતો, સિત્તેર હજાર ગામડાં આખાં ને આખાં સળગાવી મૂક્યાં હતાં. રશિયાના હૃદયભાગ સમા વિસ્તારને વેરાન બનાવી દીધો હતો ને સેવાસ્તોપોલ, લેનિનગ્રાદ, કીવ, મિન્સ્ક, ઓડેસા, સ્મોલેન્સ્ક, ખાર્કોવ તથા રોસ્તોવ જેવાં મોટાંમોટાં ઔદ્યોગિક કેન્દ્રોનો નાશ કરી નાખ્યો હતો. ચોવીસ મહિના સુધી જર્મન સૈન્યે પાછળ ને પાછળ ધકેલ્યે રાખેલા લાલ સૈન્યે છેવટે ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં સ્તાલિનગ્રાદ મુકામે પોતાની તમામ તાકાત સાથે ઝંપલાવ્યું અને એ તુમુલ યુદ્ધમાં જર્મનીને એવું પછાડ્યું કે ફરી તે ઊભું જ ન થઇ શક્યું. જેટલા વેગથી જર્મન સૈન્ય આગળ વધેલું એટલા જ વેગે લાલ સૈન્ય હવે આગળ ધસ્યું ને સ્તાલિનગ્રાદના વિજય પછી અઢાર મહિનામાં પૂર્વ પ્રશિયામાં ખુદ જર્મનીના પ્રદેશમાં એ પહોંચી ગયું.

યુદ્ધ પછી રશિયાએ જે હેરતભર્યું પુનરુત્થાન સાધ્યું તે સ્તાલિનનો પડતો બોલ ઝીલી લેવાની રશિયન પ્રજાની તત્પરતાને આભારી છે. આવી ભક્તિ કદાચ વિચારમૂઢતા પણ જન્માવે. અને સંપ્રદાયો હમેશાં લોકોની વિચારમૂઢતા પર જ નભતા હોય છે. સામ્યવાદમાં દીક્ષિત થએલા લોકોને મન તો લેનિન સિવાય બીજો કોઇ પ્રભુ નથી અને સ્તાલિન એ પ્રભુનો પેગંબર છે.

પરંતુ સ્તાલિને રશિયાનું જે નવનિર્માણ કર્યું એ એના જીવનકાર્યની પ્રત્યક્ષ અને અનન્ય સિદ્ધિ છે. આ (અનુસંધાન પૃ. ૯૦મે

પ્રો. મધુસૂદને શું જોયું?

એક
વિજ્ઞાન
કથા



પ્રોફેસર મધુસૂદનનું એ રાતનું નિરીક્ષણ લગભગ પૂરું થવા આવ્યું હતું ત્યાં એમણે દૂરના એક તારકપુંજમાં પ્રકાશની એક રેખા જોઈ. તેમણે દૂરબીન એ પ્રકાશરેખા પર કેન્દ્રિત કર્યું જોયું તો જણાયું કે એ તો એક ધૂમકેતુ હતો.

ધૂમકેતુઓ વિષે ખગોળશાસ્ત્રીઓને હવે બહુ રસ નથી રહ્યો. પૃથ્વીના એ પરોણા વણનિમંત્ર્યા આવી પહોંચે છે અને વણવિદાયે સિધાવી જાય છે. માત્ર એમનો પ્રવાસમાર્ગ જાણવાનું કુતૂહલ વિજ્ઞાનીઓને રહે છે. પ્રોફેસર મધુસૂદને પણ એ કુતૂહલને વશ થઈ દૂરબીન સાથે જોડેલો કૅમેરા એ ધૂમકેતુ સામે ગોઠવી દીધો અને બીજે દિવસે ફોટોગ્રાફિક ફિલ્મ પર એનો પ્રવાસમાર્ગ અંકાઇ જવાની ખાતરી સાથે એમણે નિરાંતપૂર્વક પથારીમાં લંબાવ્યું.


ધૂમકેતુઓ આકાશમાં નિયમિત સમયાંતરે દેખાતા રહે છે ને એમને વિષે લેવાતી આવેલી નોંધો પરથી એમને તરત ઓળખી કાઢવામાં આવે છે. કોઇ પણ ધૂમકેતુ દેખાતાં તે પહેલાં ક્યારેક્યારે દેખાયો હતો એ શોધી કાઢતાં ખગોળશાસ્ત્રીઓને વાર નથી લાગતી. આપણા આકાશમાં દૃશ્યમાન થવાનો એમનો ગાળો નક્કી જ હોય છે.

પરંતુ પ્રોફેસર મધુસૂદને જોએલો ધૂમકેતુ રહસ્યમય હતો. જૂની વૈજ્ઞાનિક નોંધોમાં એનો ક્યાં યે ઉલ્લેખ મળતો નહોતો. એના જેવી પૂછડી ધરાવતો કોઇ ધૂમકેતુ કોઇ વિજ્ઞાનીએ કદાપિ જોયો ન હતો. આટલા વિશાળ અંતરે પણ એ પૂછડી સ્પષ્ટ જોઈ શકાતી હતી. પંખા જેવો એનો આકાર હતો અને એ પંખાની દાંડીના સ્થાને બીજરેખા જેવો ધૂમકેતુનો પ્રકાશમાન શિરોભાગ આવેલો હતો.

ધૂમકેતુઓને લગતી બધી નોંધો જોઇ ગયા પછી પ્રોફેસર મધુસૂદનને જ્યારે પૂરેપૂરી ખાતરી થઈ કે આ ધૂમકેતુ નવો જ હતો, ત્યારે એમણે સઘળી વેધશાળાઓને આ નવાગંતુક પર પોતાનું લક્ષ કેન્દ્રિત કરવા લખી જણાવ્યું. પરંતુ આ પહેલાં એમણે સાવચેતીના પગલારૂપે પોતે નિરખેલા ધૂમકેતુનો હેવાલ એક સ્થાનિક છાપામાં પ્રસિદ્ધ કરાવી દીધો, કારણ પૂર્વવાસીની કોઇ શોધને પોતાના નામે ચડાવી દેવામાં પશ્ચિમવાસીઓ હોશિયાર હોય છે.

છાપામાં આ હેવાલ છપાયા પછી ચારેક દિવસમાં પ્રોફેસર મધુસૂદન પર કલકત્તાથી ડૉ. ભટ્ટાચાર્યનો પત્ર આવી પહોંચ્યો. ડૉ. ભટ્ટાચાર્ય એમના પુરાણા મિત્ર હતા અને એક કાળે બંને સહાધ્યાયીઓ હતા. ભટ્ટાચાર્યને પુરાતત્ત્વમાં રસ હતો અને મોંગોલ ભાષાઓ પર સંશોધન કરી એમણે ડૉક્ટરેટ મેળવી હતી. વર્ષો પર્યંત એ તિબેટમાં રહેલા અને ત્યાંથી પાછા ફર્યા ત્યારે તિબેટી અને ચીની ભાષામાં લખાએલાં અનેક પુસ્તકો તેઓ ત્યાં જળવાઇ રહેલાં કેટલાંક સંસ્કૃત પુસ્તકોની સાથોસાથ લાવેલા. પ્રોફેસર મધુસૂદનને એમનો પત્ર જોઈને જે વહેમ પડેલો તે એ વાંચી જતાં સાચો પુરવાર થયો. તેમણે જોએલા ધૂમકેતુ વિષે જ એ પત્ર હતો.

ડૉ. ભટ્ટાચાર્યના જણાવ્યા મુજબ પ્રાચીન કાળના એક ચીની ખગોળશાસ્ત્રીએ આવા પંખા-આકારના ધૂમકેતુની નોંધ લીધેલી હતી. એણે એ સમયના ચીનના શહેનશાહને એવી ચેતવણી આપ્યાનો ઉલ્લેખ છે કે, અંતરીક્ષના દેવતાઓએ અંતરીક્ષમાં એક જ્વાલામુખ અસુર છૂટો મૂકી દીધો છે જે સૂર્યશશીને ગળી જતાં શહેનશાહનું મહાન સામ્રાજ્ય નાશ પામશે. એ ખગોળશાસ્ત્રી વિચક્ષણ રાજનીતિજ્ઞ પણ હોવો જોઇએ; કારણ દેવતાઓની આ અવકૃપાનું કારણ એણે રાજકારભારમાં શહેનશાહની રાણીઓના વધતા જતા હસ્તક્ષેપમાં આરોપેલું. પ્રજાનો પૈસો પોતાના વિલાસમાં ખરચી, અંતઃપુરનો નચાવ્યો તે નાચતો હોઈ દેવોએ એ અસુરને મોકલેલો હોવાનું તેણે જણાવેલું. એ અસુરને પાછો કાઢવા માટે જુદાજુદા દેવોનું અનુષ્ઠાન કરવાની, પ્રજાના પૈસાનો દુર્વ્યય ન કરવાની તથા રાજકાજમાંથી રાણીઓનો હસ્તક્ષેપ દૂર કરવાની સલાહ તેણે આપી હતી ને શહેનશાહે તે સલાહ માન્ય પણ રાખી હતી, પરંતુ એ અસુરે અદૃશ્ય થતાં પહેલાં જબરો કેર વર્તાવી દીધો હોવાનો ઉલ્લેખ છે.



પ્રોફેસર મધુસૂદને ડૉ. ભટ્ટાચાર્યના પત્રની ગડી વાળી ખીસામાં મૂક્યો. પત્ર પરથી જણાતું હતું કે આ ધૂમકેતુ પૃથ્વીવાસીઓને તદ્દન અજાણ્યો ન હતો, પરંતુ ઇતિહાસના જ્ઞાત સમયમાં એની કશી નોંધ મળતી નહોતી. અને પ્રોફેસર મધુસૂદનને એવી કોઈક નોંધ વધુ

જરૂરી જણાતી હતી. એટલે ડૉ. ભટ્ટાચાર્ય જૂનાં થોથાં ઉથલાવીને મોકલેલી આ માહિતી એમને આજના સમય માટે બિનજરૂરી લાગી.

જેમજેમ ધૂમકેતુ આગળ વધતો ગયો તેમતેમ પ્રોફેસર મધુસૂદનને બિનજરૂરી લાગેલી ચીની નોંધનું પુનરાવર્તન થતું ગયું. એ જેમજેમ પૃથ્વીની નજીક આવતો ગયો તેમતેમ પૃથ્વીને મળતા સૂર્યના પ્રકાશમાં વિક્ષેપ પડતો ગયો. આગળ વધીને એ જ્યારે શુક્રની કક્ષામાં આવી લાગ્યો અને પૃથ્વીને સમાંતર રહી ફરવા લાગ્યો ત્યારે તો સૂરજ તેનાથી સાવ ઢંકાઈ ગયો. પરંતુ સદ્‌ભાગ્યે પૃથ્વીના ગતિ કરતાં તેની ગતિ અધિક હોઈ આ અંધારપટ ત્રણ અઠવાડિયાંથી વધુ ન ટક્યો.

આ ત્રણ અઠવાડિયાંમાંનાં પહેલાં બે અઠવાડિયાં તો બહુ ખરાબ વીત્યાં, પરંતુ છેલ્લા અઠવાડિયાથી સ્થિતિ કંઇક સુધરવા લાગેલી; કારણકે તેની પૂછડી એટલી બધી ઘટ્ટ ન હોઇને સૂર્યનાં કિરણો એમાંથી ચળાઇને પૃથ્વી સુધી પહોંચી શકતાં હતાં. પહેલાં બે અઠવાડિયાં તો પૃથ્વી પર જાણે કયામત બેસી ગએલી. ભયંકર વાવાઝોડાંએ પૃથ્વી પરનો સઘળો વ્યવહાર ખોરવી નાખેલો. થીજાવી નાખતી ઠંડી અને અંધકાર! સૂર્ય ઢંકાઈ જતાં પૃથ્વી પરની બાષ્પીભવનની ક્રિયા બંધ પડી ગઈ અને સૂર્ય વડે શોષાતા પાણીને લઇને વાતાવરણમાં જે ભિનાશ રહેતી તે લુપ્ત થઇને તે તદ્દન સૂકું બની ગયું. ગજબની ઠંડીમાં પાણીનું ટીપું સુદ્ધાં ક્યાંય ન રહ્યું—જામીને બરફ થઈ ગયો. બરફ પીગાળીને પૃથ્વીવાસીઓ પોતાની તરસ છિપાવતા. બળતણના ભાવ તો આસમાને પહોંચેલા. કેટલાય સાધનહીન લોકો એ ઠંડીમાં મૃત્યુમુખે ધકેલાઈ ગયા.

પૃથ્વીનું શીતીભવન એ એક જ હોનારત કંઈ આ પંખામાર ધૂમકેતુએ નહોતી સરજી. પૃથ્વીવાસીઓના પરસ્પર નભોવાણી-સંબંધ પર પણ એણે ગંભીર અસર કરેલી. પૃથ્વી અને સૂર્યની કક્ષા વચ્ચે આવી લાગ્યાના ત્રણ જ દિવસમાં પૃથ્વી પરનાં તમામ રેડિયો-મથકો એણે નકામાં બનાવી દીધેલાં. ત્રણ અઠવાડિયાં બાદ ધૂમકેતુ પોતાના પ્રવાસમાં પૃથ્વીથી આગળ નીકળી ગયા બાદ આ સ્થિતિ સુધરતી ગઇ અને પછી તો એ ભયજનક ન રહેતાં પહેલાંની જેમ રાત્રે આકાશમાં દેખાતો એક કુતૂહલજનક પદાર્થ બની રહ્યો.

આ હોનારતના બીજા અઠવાડિયે પ્રોફેસર મધુસૂદનનો એક શિષ્ય શશીવદન પોતાના રેડિયો-સેટ પર મંડ્યો હતો. એક પછી એક તમામ વેવલૅંગ્થ અજમાવી જોયા છતાં કશું ન આવ્યું એટલે 'અર્થ'માં કંઈ ખામી હોવાનું માની પોતાના સુપરસેટને તેણે 'ફ્રેઈમ એરિયલ' લગાવી, એટલે કંઇક સિસકારા જેવો અવાજ આવવા લાગ્યો. ધીમેધીમે સિસકારાને બદલે એકધારો કર્કશ આવવા લાગ્યો. થોડી વાર ખીજમાં ને ખીજમાં રેડિયોસેટને તાકી રહ્યા પછી ઓચિંતું એને થયું કે આ કર્કશ ધ્વનિ ટેલીવીઝનની સંજ્ઞા તો નહિ હોય? એની પોતાની પાસે તો ટેલીવીઝનનો સેટ હતો નહિ, પરંતુ પ્રોફેસર મધુસૂદને અમેરિકાથી તાજેતરમાં જ એનો એક સેટ મંગાવેલો તે એ જાણતો હતો એટલે સીધો તેમને ત્યાં ઊપડ્યો.

પ્રોફેસર મધુસૂદને પોતાને ઘેર ખાનગી પ્રયોગશાળા ઊભી કરેલી. એ રેડિયોવિષયક સંશોધન પણ કરતા અને એના અનુસંધાનમાં પોતાની ખાનગી પ્રયોગશાળા અને કૉલેજની પ્રયોગશાળા વચ્ચે ટ્રાન્સમિટિંગ અને રીસીવિંગ સ્ટેશનો ઊભાં કરેલાં. વિજ્ઞાની તરીકે તેઓ સુવિખ્યાત હોઇ આ પ્રયોગોની બધી સગવડ તેમને કૉલેજ તરફથી કરી આપવામાં આવેલી.

એમને શશીવદનની વાતમાં ખૂબ રસ પડ્યો, કારણ કે બધાં રેડિયોમથકોનો અવાજ અશ્રાવ્ય હતો ત્યારે શશીવદનની વાત એમાં અપવાદ ઊભો કરતી હતી. એમણે તરત જ શશીવદનની મદદ લઈ, 'ઑસીલોગ્રાફ' પદ્ધતિએ તૈયાર કરવામાં આવેલો છેલ્લામાં છેલ્લી ઢબનો પોતાનો ટેલીવીઝન સેટ ચાલુ કર્યો.

પુષ્કળ પ્રયાસને અંતે તેઓ છેવટે જોડાણ મેળવી શક્યા. શરૂમાં તો આછાપાતળા ઓળા દેખાવા લાગ્યા પણ પછી ટેલીવીઝનના પડદા પર સ્પષ્ટ આકૃતિ દૃષ્ટિગોચર થતી ગઈ, અને તે પણ રંગીન!

'માર્વેલસ!' પડદા પર દેખાતા દૃશ્યનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા પ્રોફેસર મધુસૂદન બોલી ઊઠ્યા.

પડદા પર એમણે જોયાં રક્તવરણાં રેતાળ મેદાનો, જેમાં વનસ્પતિનું નામ સરખું નહોતું અને રેતીનાં ભયંકર તોફાનો ઊઠ્યા કરતાં. એમણે જોયાં ગીચ દુર્ગમ જંગલો, જેમાંનું એકે ઝાડ એમને પરિચિત નહોતું. એ જ રીતે નીચાણમાં આવેલાં મેદાનોમાં એમણે અપરિચિત પ્રાણીઓનાં ટોળાં ને ટોળાં ઘૂમતાં જોયાં. લીલા રંગના આકાશમાં સફેદ વાદળાં સાથે ક્ષિતિજની કોર પર ગતિમાન ટપકાં એમણે જોયાં, જેમાંનું એક ટપકું એકાએક મોટું ને મોટું થતું જઈ આકાશમાં આગળ વધવા માંડ્યું. એની ગતિ ખૂબ વેગીલી હતી, એમ આકાશમાંનાં વાદળાંની તુલનાએ કળી શકાતું હતું.

'શશીવદન, આ દૃશ્ય આપણી પૃથ્વી પરનું ન હોય!' મુગ્ધપણે પડદા સામે તાકી રહેલા શશીવદનનો ખભો પકડતાં પ્રોફેસર મધુસૂદન બોલ્યા. 'બલૂનોને બાદ કરતાં પૃથ્વી પર હજુ સુધી વર્તુલાકાર યાનોનું ઉડ્ડયન અથવા 'સ્ફેરિકલ ફ્લાઇંગ' ક્યાંય જોવા કે સાંભળવામાં નથી આવ્યું. આ બધું અદ્‌ભુત, ખરેખર, અદ્‌ભુત છે!'

એ પછીના કેટલાય દિવસો ને રાતો પણ આ ગુરુશિષ્યે પડદા સન્મુખ બેસી રહીને જ વીતાવ્યા. એ પર એક પછી એક દેખાતા દૃશ્યોની ઝડપી નોંધ એ લીધે જતા હતા. જરૂરી ભોજન કે ઊંઘ સિવાયનો બધો સમય એ ટેલીવીઝન સેટના પડખે જ વીતાવતા.


દૃશ્યોની એક શ્રેણી પૂરી થતાં જે બીજી શ્રેણી શરૂ થઈ તેમાં કૃત્રિમ પ્રકાશથી ઝળાંહળાં ઓપતું એક વિશાળ નગર નજરે પડ્યું. એના રસ્તા વિચિત્ર હતા, પરંતુ એથી યે વિચિત્ર તો એનાં મકાનો હતાં. બધાં મકાનો ચોરસ પેટી ઘાટનાં અને ભભકદાર રંગે રંગાએલાં હતાં. એકે મકાનને બારી ન હતી અને બારણાં સાંકડી ઊભી ચિરાડ જેવાં હતાં. રસ્તા કોઈ ચકચકતી પીળી ધાતુના બનાવેલા હતા જે સોનાથી રસ્યા હોય એવા દેખાતા. મોટાં ટોળાં એ પર ફરતાં દેખાતાં. લોકો દેખાવે ઊંચા અને પાતળા હતા, કેડ પાતળી અને પગ વળાંકદાર હતા. કોઇ પ્રકારનાં ચકચકતાં બખ્તર એમણે ચડાવેલાં હોય એમ લાગતું. પડદા પરથી એમની ઊંચાઇનું માપ જાણવું મુશ્કેલ હતું, કારણકે પડદા પર તો તે મકાનોની લગભગ અરધી ઊંચાઈ જેવડા દેખાતા. લોકોની જાતિ પણ ઓળખાતી નહોતી. છાતીના મધ્યભાગ પરની ગોળ તકતીને બાદ કરતાં બધી વ્યક્તિઓ એકસરખી જ દેખાતી. માત્ર તકતી પરનું લખાણ દરેક વ્યક્તિદીઠ જુદું પડતું. એ લખાણની લિપિ અરબીને કંઈક મળતી દેખાતી હતી.

ફરી પાછી દૃશ્યશ્રેણી બદલાઈ.

પડદા પર એક વિશાળ ચકચકિત નેળ દેખાઇ. પાણીથી છવાએલો એનો પટ દૂરદૂર અદૃશ્ય થતો હતો. આખી નેળ એકસરખી ચકચકિત હતી, ક્યાં યે એ પર કશી છાયા દેખાતી નહોતી. નેળ જેવું દેખાતું એ દૃશ્ય દરિયાનું હોય કે કોઇ સરોવરનું હોય, પણ એ પર તરતાં જહાજોનો આકાર વિચિત્ર હતો અને મોટરબોટની જેમ એ પાણી પર સરતાં જતાં હતાં. જહાજોના ખલાસીઓએ પણ ચકચકતાં બખ્તર પહેર્યાં હોય એમ દેખાતું હતું. (અનુ. પૃ. ૧૧૧ એ)

પચ્ચીસ વર્ષ પહેલાં

ફાગણ ૧૯૪
અંક પરમાંથી



આધુનિક અમેરિકનોનાં હાડ બાંધનાર બર્નાર મૅકફૅડનના અનુકરણીય જીવનઘડતર વિષે તેના પોતાના જ શબ્દો સાથે ઉઘાડ પામતું પચ્ચીસ વર્ષ પહેલાં અપાએલું એ ચરિત્ર હજી યે આજના યુવાનો માટે એટલું જ પ્રેરણાત્મક હોઈ અહીં તેના ચિત્ર સાથે ફરી થોડી ઝાંખી કરી લઇએ.

'મૅક' શબ્દથી ચોક્કસ જણાય છે કે તેના બાપદાદાઓ સ્કૉટલૅંડના વતનીઓ હોઈ તેની નસોમાં એ દેશના વતનીઓનું જુસ્સાદાર લોહી વહે છે. તંદુરસ્તીની આડે આવતી દરેક મુશ્કેલી સામેની તેની પચ્ચીસ વરસની સખત અને અવિશ્રાંત લડત એની સાબિતી છે. અમેરિકામાં ઈ. સ. ૧૮૬૮ની સાલમાં તેનો જન્મ. નાનપણથી જ સાધારણ કેળવણી લઈ ખેતરોમાં કામ કરવાનું તેને માથે આવી પડતાં તેની ભવિષ્યની શરીર-સંપત્તિ અને તંદુરસ્તીનો તથા કુદરત અને સાદાઇ પ્રત્યેના પ્રેમનો યો અજાણપણે જ બાળપણમાં નખાયો.

ઉપરથી ચળકાટ મારતી અને દેખીતી સુખી શહેરી જિંદગીથી અંજાઈ મૅકફૅડન પંદર વરસની ઉમરે, ગજવામાં ૧૫ ડૉલર(રૂા.૪૦-૪૫)ની મુડી લઇને ન્યૂ યાર્કમાં આવી પહોંચ્યો. તે લખે છે કે, 'દુનિયામાં કાંઈક કરી બતાવું તો જ જીવન સફળ થાય એમ મને થયા કરતું. એ અભિલાષા પાર પાડવા ગામ છોડીને શહેરમાં આવ્યો અને કોઇ ઓળખીતાની મદદથી એકાદ વેપારીની ઑફિસમાં હેરાફેરા ખાવાની નોકરી લીધી. પણ તે વખતના પશ્ચિમના દેશોના શહેરી જીવનના કૃત્રિમ ખોરાકથી બાર મહિનામાં જ ખેતરમાં મજૂરી કરીને મેળવેલી તંદુરસ્તી ક્યાં ય ચાલી ગઇ ને શરીર સુકાઇને શેરડીના સાંઠા જેવું થઈ ગયું. આસપાસના લોકો વાતો કરતા કે મને ક્ષય લાગુ પડ્યો છે અને હવે હું થોડા જ દિવસનો મહેમાન છું.'

આજે તે મૅકફૅડન ને ક્ષય એ બે શબ્દો સાથેસાથે મુકીએ છીએ ત્યારે નવાઈ ઊપજે છે. પણ હિંમત ને મક્કમતા વડે તેણે પોતાના શરીરને પાછળથી જે અદ્‌ભુત રીતે કેળવ્યું એ જ એના જીવનની સફળતા છે.

પહેલાં તો મૅકફૅડને ઘણા દાક્તર ને હકીમોની સલાહ લીધી ને દવાના બાટલા ઢીંચ્યા. પરંતુ એ બધાને પરિણામે ક્ષયનાં ચિહ્નો તો ન ગયાં, પણ દવા ને દાક્તરમાંથી તેની શ્રદ્ધા સદાને માટે ગઈ. એ જ અરસામાં તેને એક અખાડામાં જવાનો પ્રસંગ આવ્યો. તેને લાગ્યું કે પોતે ગુમાવેલી તંદરસ્તી અહીંથી જ પાછી મળશે. પણ અખાડાની ફી જેટલા પૈસા લાવવા ક્યાંથી? છતાં દૃઢ નિશ્ચયને રસ્તો કાઢતાં કેટલીક વાર? બજારમાં જઇ ડમ્બેલ્સની એક જોડ વેચાતી લઇ તરત જ પેલા અખાડામાં જોએલી કસરતો કરવાનું આદરી દીધું. તે કહે છે કે, 'એ કસરતથી મારા શરીરનો મોક્ષ થયો અને એ દિવસે મારા ભવિષ્યના આખા માર્ગને અજવાળી નાખ્યો. આવા શારીરિક વ્યાયામ વિના જ મારું શરીર મરવા પડ્યું હતું. તેમાં જો કે એકદમ સુધારો ન જણાયો પણ હું યે ત્યારે જ જંપ્યો જ્યારે દરેક મનુષ્યમાં જેટલું વીર્ય હોવું જોઇએ તેટલું મારા શરીરમાં આવ્યું.'

પછી તો, શરીરસ્વાસ્થ્યને જ પોતાનું જીવનકાર્ય ગણનાર એ વિષયને લગતું સઘળું જ જ્ઞાન મેળવ્યા સિવાય કેમ જંપે? આમ બેત્રણ વરસ નીકળી ગયાં. ૧૮ વરસની ઉમરે તો તેણે ચિકાગોના ચૅમ્પિયન મલ્લને કુસ્તીમાં હરાવ્યો. ત્યાર પછીનાં દસ વરસ શરીરસ્વાસ્થ્યનાં જુદાંજુદાં અંગોનો વ્યાવહારિક અને જાતઅનુભવ મેળવવામાં ગયાં. શરીરસ્વાસ્થ્યને ધંધા તરીકે અને પોતાના જીવનકાર્ય તરીકે સ્વીકારનાર મૅકફૅડને માંદગીઓ નથી અનુભવી એમ નહિ. પણ એ માંદગીઓ દરમિયાન પોતાના શરીરની હાજતો, રૂચિઓ ક્રિયાનો વગેરેનો તેણે એટલી ઝીણવટથી અભ્યાસ કર્યો કે ઇ. સ. ૧૮૯૮માં જ્યારે તેણે માસિક કાઢવાનો નિશ્ચય કર્યો ત્યારે તેને સારૂ જોઇતાં અનુભવ અને જ્ઞાન તેણે સંપૂર્ણપણે મેળવી લીધાં હતાં.

આમ લગભગ ૧૨ વર્ષ મૅકફૅડને પોતાના જીવનકાર્યની તૈયારીમાં અને તેને સારૂ યોગ્ય જ્ઞાન તથા અનુભવ મેળવવામાં ગાળ્યાં. બાદ ઇ.સ. ૧૮૯૮ના નવેંબરમાં ફક્ત ચાર જ પા-

(માર્ચ ૧૯૫૩) ૮૭-૮૮

નાનાનું આ માસિકના જ કદનું એક ફરફરિયું –Physical Culture(ફીઝિકલ કલ્ચર)ના નામે ન્યૂ યૉર્કમાંથી પ્રસિદ્ધ કર્યું આમ એક અસાધારણ પ્રકાશક અને તંત્રી તરીકે, પિતા ને પતિ તરીકે, સમાજસેવક તરીકે ને સૌથી છેલ્લે પણ સૌથી શ્રેષ્ઠ તો એક ચારિત્ર્યશાળી વ્યક્તિ તરીકે મૅકફૅડન હવે ધીમેધીમે જગત આગળ રજૂ થાય છે. એકલું 'ફીઝિકલ કલ્ચર' જ નહિ પણ આશરે ૧૨ માસિકો અને બે દૈનિકો મારફતે, લોકોની વાંચનની ભૂખ તેણે ભાંગી. ઉપરાંત, ૮ થી ૧૦ પુસ્તકો પણ તેણે પોતે અથવા કોઈ અનુભવી દાક્તરની મદદથી લખ્યાં છે. એ સૌમાં મૅનહૂડ ઍન્ડ મૅરેજ–પુરુષત્વ અને લગ્ન. વૂમનહૂડ ઍન્ડ મૅરેજ–સ્ત્રીત્વ અને લગ્ન. અને એન્સાઈક્લોપીડિયા ઑફ ફિઝિકલ કલ્ચર–શરીરસ્વાસ્થ્ય સર્વસંગ્રહ આ ત્રણ પુસ્તકો માટે તેના વર્તમાન તેમજ ભવિષ્યના વાચકો હમેશને માટે આભારી રહેશે.

પરંતુ પુસ્તકોનાં વેચાણમાંથી પૈસા રળવાની લાલચને તેણે આઘી ધકેલી મુકી, દાક્તરોનાં અજ્ઞાન અને ખોટી નીતિ, ત્યાંની સ્ત્રીઓની ખોટી રહેણીકરણી, રસી મુકાવવાની ગંદી રૂઢી અને એવીએવી કેટલી યે સામાજીક બદીઓ વિરૂદ્ધ પોતાના મુખ્ય માસિકમાં તેણે સખત લડત ચલાવી.

પણ પ્રકાશક તરીકે મૅકફૅડનની સેવા આટલી જ નથી. એકલા 'ફીઝિકલ કલ્ચરે' જ પુસ્તક ને માસિકની પ્રસિદ્ધિમાં જ નવી ભાત પાડી છે તેમ નથી. તેનાં 'નેશનલ બ્રેઇન પાવર', 'મૂવી વિકલી', 'ટ્રૂ સ્ટોરીઝ મૅગૅઝિન' વગેરે રસિક સામયિકોએ જે નવી દિશાઓ ખોલી છે તે વિષે તો અહીં ઈશારો જ બસ છે. 'ફીઝિકલ કલ્ચર'ની શરૂઆત થયાં પહેલાં ઇંગ્લંડમાં શરીરસ્વાસ્થ્ય ઉપર વ્યાખ્યાન આપવા તેને બોલાવાયો તે વખતે ત્યાં એક કસરતી સ્ત્રીની સાથે તેને પ્રસંગ પડ્યો. અને બંનેને એક જ વિષયમાં રસ હોય પછી બીજા કયા પરિણામની આપણે આશા રાખવી? આ લગ્નના ફળ તરીકે મૅકફૅડનને ૬ પુત્રીઓ થએલી, તેથી સ્વાભાવિક રીતે જ એક પુત્રની આશા માતપિતા બંનેને થએલી. પરિણામે મૅકફૅડનને સંતતિનિયમન વિષે પુષ્કળ વિચાર કરવા માંડ્યો. પોતાના હમેશના રિવાજ મુજબ તે સંબંધે જેટલું લખાયું હતું તેટલું તેણે વાંચી જોયું. એ પછી ખુબ વિચારને અંતે તેણે સંતતિનિયમનનો શાસ્ત્રીય નિયમ નક્કી કર્યો. એ નિયમ પ્રમાણે ૫૪ વરસની ઉમરે તેને ત્યાં પુત્રનો જન્મ થયો. પણ કમનસીબે મૅકફૅડનના પોતાના જ કહેવા મુજબ હદ ઉપરાંત કસરત કરાવવાથી તે બાળક દોઢ વરસની ઉમરે મરી ગયો. પણ બેત્રણ વરસ પછી ફરીથી એક પુત્ર પાછો અવતર્યો. આમ સંતતિનિયમનના પ્રત્યેક નિયમ અને ઉપાયની પોતાની જાતના સંબંધમાં જ પહેલી અજમાયશ કરી જોવાની જે જે નીતિ તેણે અખત્યાર કરી તે જ નીતિ તેણે પોતાના બધા પ્રયોગો અને ઉપદેશને વિષે પાળી છે. એટલે ઉપવાસ કે દૂધ, ચારિત્ર્ય કે નીતિ, એમ જીવનના કોઇ પણ પ્રશ્ન ઉપર તેણે જ્યારેજ્યારે કાંઇ પણ વિચાર પોતાનાં માસિકોમાં આગળ કર્યા છે ત્યારે, પહેલાં તો જાત અનુભવથી તેણે તેમને કસી જોયા છે અને જ્યારેજ્યારે પોતાની ભૂલ થઈ છે ત્યારેત્યારે તેણે બહુ જ નિખાલસપણે તે કબૂલ કરી છે.

આટલા આ પરિચય પછી એ પુરુષાર્થીના કેટલાક વિચાર રત્નો સાથે પૂરા થતા એ લેખને અહીં તો ક્યાંથી સમાવી શકાય છતાં તેનો ચાલવા વિષેનો વિચાર અહીં ઉતારીએ:

'કોઈ કસરતબાજ (ઍથલેટ)ને લડવાની કે શરતમાં ઉતરવાની તૈયારી કરવી હોય તો તે પુષ્કળ ચાલીને કરે છે. શરીરની દરેક ક્રિયાને ચાલવાથી ઉત્તેજન મળે છે. શરીરને એકલાને જ નહિ, પણ મગજને પણ ચાલવાથી ઉત્તેજન મળે છે. હું જે લેખો લખું છું તેમાંના ઘણાખરાની યોજના હું ચાલતાંચાલતાં કરી નાખું છું. તમને કોઈ સવાલ નડતો હોય, કોઇ વિષયની ગૂંચ તમે ન ઉકેલી શકતા હો તો બીડી પીશો મા, ચ્હા કે કૉફી, પણ લેશો મા; પણ ચારપાંચ માઇલ ચાલી નાખજો; ને તમારું મગજ સ્વચ્છ બની જશે.'

અને આ ચરિત્ર જેટલાં જ મનનીય હતાં કાકાસાહેબનાં વચનો. પચ્ચીસ વર્ષ પહેલાં અમરેલીના છાત્રાલય-સંમેલનમાં એમણે કાઢેલા એ શબ્દો હજી આજે યે આપણાં વિદ્યાર્થીવર્ગને એટલા જ લાગુ પડે છે. જુઓ, તેઓ કહે છે...'તમે સારામાં સારા ગમે તે છાત્રાલયને લ્યો; એનો ય વિદ્યાર્થી પરદેશના તો શું પણ હિંદના સમાચારથી વંચિત છે. ભવિષ્યની આશાઓની ઉપમા પામનારા આપણે આપણા દેશ–અરે પ્રાંતની યે વાતોથી દૂર રહીએ એ કેમ સહેવાય? તમે ધ્યાનમાં રાખજો કે આપણાં પાઠ્યપુસ્તકો જે નથી આપી શકવાનાં એવું કાંઈક જરૂરી એ દૈનિકો અને સાપ્તાહિકો, માસિકો અને ત્રૈમાસિકો આપશે. તમારામાંના એક મોટા વિદ્યાર્થીને તમે દર રવિવારે 'દેશદર્શન' વિષે બધા સમાચાર આપવા સારુ નિયુક્ત કરો.

સાહસનાં કામોની કથા, બહારવટિયાની વાતો અને ધીંગાણાં, સેવા ને નાગરિકત્વના પાઠ, આદર્શદર્શનનાં વાચન: બધું જ સરખું જરૂરી છે. પણ એની પ્રથમ પંક્તિમાં મૂકી શકાય એવું આજે તો ઇતિહાસનું જ્ઞાન છે. દેશ-પરદેશના યુવાનોએ સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે કેટકેટલા ભોગો આપ્યા, કેટલા વિલાસો ત્યાગ્યા, એ બધાની આઝાદી-કથાઓનાં પુસ્તકો આપણા હાથમાંથી કદી દૂર ન થવાં જોઇએ. પાર્લામેન્ટની સ્થાપનાની તારીખ તમે ગોખો છો અને મહાસભાના પ્રમુખ કોણ હતા એનું તમને ભાન નથી; નાઇલ સુંદર નદી છે એમ તમે બોલો છો ને ગંગા-જમનાની સામે ય જોતા નથી; ફ્રાંસ, ગ્રીસ કે ઈટાલીની કલાની વાતો પર ચર્ચા કરો છો ને અજંતાની ગુફા હિંદમાં છે કે આફ્રિકામાં એનો તમને ખયાલ પણ નથી; પારિસના બગીચા પર આફરીન થાઓ છો અને દાર્જીલીંગનું નામ સરખું યાદ નથી. ભાઇઓ! કોઈ દેશને અને તેમાં યે એના જુવાન છાત્રોને આવી વાતો માટે કાંઈક કહેવું પડે એ કેટલી કરુણ દશા છે?'

સ્તાલિન (અનુસંધાન પૃષ્ઠ ૮૩થી)

સિદ્ધિ રશિયન રાષ્ટ્ર સાથે તેણે કેળવેલી અભિન્નતાને આભારી છે. એ અભિન્નતા દર્શાવતો આ એક જ પ્રસંગ પૂરતો છે.

એકવાર ચર્ચિલ, રૂઝવેલ્ટ ને સ્તાલિન ત્રણે યાલ્ટા મુકામે ભેગા થએલા ને હળવો વિનોદ ચાલતો હતો ત્યારે રૂઝવેલ્ટે કહ્યું, 'હું અમેરિકન ન જન્મ્યો હોત તો અંગ્રેજ જ જન્મવાનું પસંદ કરત.'

'અને હું અંગ્રેજ ન જન્મ્યો હોત તો અમેરિકન જ જન્મવાનું પસંદ કરત' કહેતાં ચર્ચિલે રૂઝવેલ્ટ તરફ આંખ મીચકારી.

'હું જો રશિયન ન જન્મ્યો હોત તો જન્મ લેવાનું જ નાપસંદ કરત.' સ્તાલિને કહ્યું.

અને આ રીતે પોતાના દેશ સાથે અભિન્નતા કેળવનાર રાષ્ટ્રનાયક સૌકોઇની અંજલિનો અધિકારી છે.

અશોક હર્ષ

અનિવાર્ય સંજોગોને લીધે પૃ.૮૭થી૯૦નાં ચાર પાનાં માટે રાખેલો લેખ છેલ્લી ઘડીએ પડતો મૂકવો પડેલો હોવાથી તેનો મેળ મેળવવા માટે પૃ. ૮૭થી ૯૦ તથા ૧૦૭થી ૧૧૦ને બેવડા નંબરો મૂકવા પડ્યા છે તે માટે દિલગીર છીએ.



પુંઅરા'નો ગઢ

પુંઅરા' ગઢના શિવાલય પાસ પડેલી
શિલ્પસભર શિલા

એક માનવીના પુરુષાર્થે જેનો પાયો નાખ્યો અને એના અભિમાને એના જ જીવનકાળમાં જેનો અંજામ આણ્યો

લેખક અને છબિકાર · શ્રી રામસિંહજી રાઠોડ

પુંઅ રા'નો ગઢ આ કે?

'એ નસુખ જગ્યાનું નામ ક્યાં દીધું? નક્કી આજ મોટરમાં રોકો થશે.' એમ બોલતાં ડ્રાઈવરે મોટર ઝીંકયે રાખી, અને ત્યાં ઊતરીને એ સ્થળ જોવાની અમારે ઇચ્છા હતી એ વાત કહેવાની મનગાં જ રહી ગઈ. લોકમાનસ આજે પણ એ પુંઅરાગઢનું નામ બેહદ અપશુકનિયાળ માને છે. જોકે અગને તો લખપત સુધીના લાંબા પંથમાં ક્યાંય વિલંબ ન થયો, પણ વળતાં કકડભિટ્ટ પાસે ખરેખર ગાડી અટકી ગઇ અને આ ફરજિયાત રોકાણમાં પદ્ધરગઢનો એ પ્રદેશ ખૂંદી વળ્યા.

લાખો ફુલાણી કેરાકોટનું વાસ્તુ કરતો હતો ત્યારે પુંએ લાખા પાસે પોતાના હકહિસ્સા વિષે વાત મૂકી. તે વખતે વાતવાતમાં એક ચારણે પુંઅને મેણું માર્યુ:

લાખે ખરચે લખ, કેરે કોટ અડાયો.
ગડમેં હુએ ગરથ, ત પદ્ધર અડાઈએં પુંઅરા.

'લાખાએ તો લાખ્ખો ખરચી કેરાકોટ અડાવ્યો છે; તારી ગાંઠમાં ગરથ (નાણું) હોય તો તું પણ પદ્ધરમાં ગઢ અડાવ. (આમ કાલો થઇ કરગરે છે શું?)'

પુંઅ લાખાનો ભત્રીજો અને ઘાઆનો પુત્ર થતો. ઉપર્યુક્ત પ્રસંગથી, પોતાના પુરુષાર્થથી કાંઇ કરી બતાવવું એ જ જીવનનો સાચો રાહ છે એમ એ રાજપુરુષને પ્રતિતી થઇ.

પાણી આય હરામ, માંકે કેરે કોટજો;
હેયે હિકડી હામ, પદ્ધરકે પટ્ટણ કરાં.

જુવાનીના જોમમાં ટેકીલા પુંએ કેરાનું પાણી હરામ કર્યુ અને પદ્ધરને મોટું શહેર બનાવવું એવો મન સાથે નિશ્ચય કર્યો.


કચ્છાધિપતી ફુલાણી લાખો ગુર્જરેશ્વર મૂલરાજ સાથે યુદ્ધમાં રોકાએલો હતો. પુંઅ આ સમયે પદ્ધરના પ્રદેશમાં પોતાની સત્તા જમાવવામાં પડયો હતો. લાખાના મૃત્યુ વખતે કચ્છમાં અંધાધૂંધી વ્યાપી ગઈ, પણ પાછી તરત સર્વત્ર રા' પુંઅની આણ વર્તી ગઇ.

કેરાકોટના ચણતરમાં જે ગેધરે કામ કરેલું તેના પુત્રને રા' પુંએ પદ્ધરગઢમાં નિર્માણનું કામ સોંપ્યું. એ સમર્થ સ્થપતિ અને શ્રેષ્ઠ કલાકાર હતો. તેણે બીજા ઉત્તમ કોટિના કારીગરોને રોકી પદ્ધરગઢ પૂરો કરાવ્યો. પુંઅ રા' પોતાનું પણ સચવાયાથી અત્યંત ખુશ થયો. ધામધૂમથી તેણે પદ્ધરગઢનું વાસ્તુ કરી બધા કારીગરોને ખૂબ નવાજ્યા અને એ કિલ્લાનું નામ પુંઅરાગઢ રખાવ્યું.

પણ પુંઅ રા' ઘણો ગર્વીલો હતો. પોતાના કિલ્લાની દૃઢતા, મહાલયોનું સરસ સ્થાપત્ય, શિલ્પાલંકારથી શણગારેલા સુંદર ઊંચાં દેવાલયો, સૈનિકો દરબારીઓ અને પ્રજાજનોના આવાસોની ઉત્તમ રચના, જાનવરોના વાસ તથા બાગબગીચાની શોભા જોઇ તેનું મન અભિમાનમાં છકી ગયું. 'આવા ઉત્તમ પુંઅરાગઢની રચનાની નકલ હવે બીજે સ્થળે ન જ બનવી જોઈએ' એવો ખોટો ખયાલ અતિ ગર્વમાં એને આવ્યો. જે સ્થપતિના હાથે એનું નિર્માણ થયું છે એ જો કામ કરે તો કદાચ પુંઅરાગઢના આલયોથી પણ ચડિયાતી રચના એ બીજે ઊભી કરી શકે એવી શંકા પણ સાથોસાથ ઉદ્ભવી અને પુંઅરાના મિથ્યાભિમાનના કાંટા જેવી એ શંકાને પરિણામે ગેધરના હાથના પોંચા તેના કાંડાથી અલગ થયા! પીડામાં ગેધર તરફડી મૂઓ. તેના પત્ની સૂરબાઇ તેની પાછળ સતી થવા નીકળી પુંઅને હવે પોતાની ભૂલ સમજાઇ અને સતીમાની તેણે માફી માગી. પણ ચિતા પર ચડતાં ચડતાં સતીના મોંમાંથી આહ નીકળી ગઈ:

વેરાણુ મુંજા વાસ, તેડા થીંધા તુંહીજે;
માડુ મારાઇને મુલકજા પત ન રોંધી પુંઅરે,
પટ પોંધા હી માળિયા, પોંધો ગઢ પાતાર,
ફિટફિટ તોકે પુંઅરા, જનમારે ફિટકાર.

'અમારું જીવન બરબાદ થયું તેમ તારું પણ થશે. યુદ્ધમાં લડતાં તું પુષ્કળ માણસો મરાવશે તોપણ તારી પત નહિ રહે. હે પુંઅરા, તને ફિટકાર હજો. તારા આ મહાલયો ને ગઢ જમીનદોસ્ત થશે અને તેનાં ખંડેરો જોઇ જનમોજનમ તારા પર ફિટકાર પડશે.' આ શાપ પુંઅરાના અંતરને કોરવા લાગ્યો, પણ કાળે કરી વાત વિસારે પડી.



કક્કડે જ્યાથી પુઅ રા'ને માર્યો તે ભિટ્ટ ઉપર જખ લોકોના થડો

નગરપારકરના રાણા ચાંદ જોડે પુંઅરાને કટ્ટી દુશ્મનાવટ થઇ હતી. પુંઅરા છાનીરીતે નગર પહોંચી ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ કરી આવ્યો તે વખતે ચાંદની પુત્રી રાજૈં સાથે ત્યાં તેને પ્રણયપ્રસંગ પડયો. પછી તો રાણા ચાંદને પુંઅે શિકસ્ત આપી. મીઠો સંબંધ સ્થાપવા પુંઅરાને રાજૈં લગ્નમાં મળી. રાજૈં પૂરી શિવભક્ત હતી અને પ્રાતઃકાળે પોતાના ઈષ્ટ શિવાલયમાં દર્શન કરવાનું તેને આજન્મ વ્રત હતું. આ શિવાલયને છોડી રાજૈં પુંઅરાગઢ કેમ આવી શકે? રાજૈંને ચાંદ સમજાવી ન શકયો. પુંઅરા પાસે પોતાની પત જશે એમ તેને લાગ્યું. પરિણામે તે શિવ ઉપર કમળપૂજા કરવા તૈયાર થયો. પણ પુંઅે માર્ગ કાઢયો: 'રાજૈંની શિવભક્તિ સાચી હશે તો એ ભક્તિથી પ્રસન્ન થઇ શિવલિંગ પોતાના સર્વાલય સાથે જરૂર પુંઅરાગઢ આવશે. માત્ર રસ્તે રાજૈંએ પાછું વાળીને જોવું નહિ.' વાતનો કાંઈક ઉકેલ થતો લાગ્યાથી રાજૈં પુંઅરાગઢ આવવા તૈયાર થઇ અને સૌએ એ વાત વધાવી લીધી.

રાજૈંના દિલને પુંઅરાગઢમાં પ્રસન્ન રાખવાની પેરવી પુંઅરાએ પ્રથમથી કરી રાખી હતી. તેણે નગરપારકરના શિવાલયના નમૂનેનમૂના જેવું ને શિલ્પસમૃદ્ધિમાં તેથી પણ ચડિયાતું શિવાલય પુંઅરાગઢમાં ખડું કરાવી રાખ્યું હતું. ગઢની અંદરની મૂળ રચનામાં તેને સ્થાન ન હોઈ ગઢ સામે દરવાજા પાસે તે બેસાડવામાં આવ્યું હતું. ભારે હૃદયે રાજૈંએ નગર છોડયું. પારકરથી પુંઅરાગઢ સુધીના કષ્ટદાયી રસ્તે વિહ્વળતામાં પડદાવાળા બંધ રથમાં તે પડી રહી.



રા' પુઅના મહાલય 'વડા મડા'નું ખાંડયર

પદ્ધરગઢ પહોંચી તેણે કુતૂહલમાં દરવાજા બહાર જોયું. તેને લાગ્યું કે પોતે આટલી અધીરાઇ રાખી તેથી જ પોતાની સાથે આવતુંશિવાલય દરવાજાની બહાર સ્થિર થઇ ગયું. આ વાતનો ખયાલ આવતાં પુંઅરાગઢ પહોંચી રાજૈં આનંદિત બની રહી.

એ કાળે મુલક કે માલ (પશુધન)નો કબજો મેળવવા ધીંગાણાં થયા કરતાં. એકદા પુંઅરાના માણસો ધુમલીના વીઅડ ગુજરના લોકોની આથ (ઢોરોનું ટોળું) વાળી આવતા હતા. વીઅડ પૌરાક્રમી હતો ને તેની ધાક ગજબની હતી. પોતાના લોકોને આમ લુંટાતા સાંભળી તે તેમની વારે ચડયો. ઝપાઝપી થઈ તેમાં પુંઅની વસતિવાળા લોકોનો ધાણ નીકળી ગયો અને વીઅડે પોતાની આથ પાછી વાળી.

પુંઅરાને તેનાં માણસોએ દેખાડેલી કાયરતાની જાણ થઈ ત્યારે તેના ક્રોધનો પાર ન રહ્યો. વીઅડને પરચો બતાવવા તેણે પોતાનાં નવા માણસો મોકલ્યાં અને તેઓ વીઅડની સાંઢો વાળી આવ્યા. વીઅડ આ છેડતી સહન ન કરી શકયો અને રણ ઓળંગી તે કચ્છ પર ચડાઇ લાવ્યો. પુંઅરા તેની સામો ચડયો, પણ તેને પાછા હઠવું પડયું. પુંઅરાને હવે લાગ્યું કે વીઅડ સાથે એકલે હાથે ટક્કર નહિ ઝીલી શકાય, એટલે તેણે સિંધમાંના પોતાના મિત્ર હમીર સુમરાની મદદ માગી. હમીર તાબડતોબ વહારે ધાયો અને પુંઅરાગઢ પાસે તુમુલ યુદ્ધ થયું તેમાં વીઅડનો ઘાત થયો. આમ હમીરે પુંઅરાગઢ અઘાટ રાખી આપ્યું. આ ઘટનાનું સ્મરણ સાચવવા કચ્છમાં ત્યારથી 'હમીરની વાર' લખવાનો શિરસ્તો પડયો. આજે પણ કચ્છમાં અઘાટના લખાતા દસ્તાવેજોમાં 'અઘાટ હમીરા વાર' લખાય છે.

આમ પુંઅરા જ્યારે વીઅડ સાથેના જંગમાં રોકાયો હતો ત્યારે રાજૈં જુદી જ પ્રવૃત્તિમાં પડી હતી. એ સમયે પરદેશથી કેટલાક ધર્મપ્રચારકો કચ્છમાં ઊતર્યા હતા. તેઓ કચડાએલી કોમોનાં દુઃખો દૂર કરવા પ્રયત્ન કરવા લાગ્યા. માંદાઓની માવજત કરીને કે સંકટગ્રસ્ત લોકોને સહાય કરીને તેમણે તેમની સહાનુભૂતિ મેળવવા માંડી. ખાસ કરી સંઘાર જાતિના લોકો તેમનાથી વિશેષ આકર્ષાયા:

જખ મુલ્કરૂમસામજા, ધીંગા ધરમવીર;
સેવક સંઘારા કેંક, ગરીબેં સાય થીન.


એવી વાણીમાં લોકોક્તિએ રૂમસામ મુલ્કના એ 'જખ' લોકોને મજબૂત ધર્મવીર કહ્યા છે, ને તેમને ગરીબોના બેલી કહી સંઘાર લોકોને તેમના સેવક તરીકે ગણાવ્યા છે. ગોરી ચામડીવાળા આ દેખાવડા લોકોથી પ્રભાવિત બની, ને તેમની કેટલીક અપૂર્વ શક્તિઓથી ચકિત થઈ લોકોએ તેમને યક્ષ—જખ તરીકે બિરદાવ્યા. કચ્છ કંઠારે તેઓ જે બંદરેથી ઊતર્યા તે જખૌ નામે જાણીતું થયું છે. આ રીતે સેવા અને ધર્મના બહાને તેઓ લોકોનાં દિલ જીતી લેવા લાગ્યા. સેના ને સૈનિકોથી કરાએલી દેશજીત કરતાં પણ આ હૃદયજીત વધુ ભૂંડી છે એમ દૂરંદેશી રાજનીતિમાં નિપુણ પુંઅ પામી ગયો. એમની પ્રવૃત્તિમાં તેણે દેશ-સંસ્કાર ને સ્વધર્મનો લોપ થતો જોયો, દેશને જતો જોયો. એટલે તેમની પ્રવૃત્તિ રોકવાની પેરવીમાં તે પડયો.

અને એમ કરવાનું અચાનક કારણ પણ ઉપસ્થિત થયું, રાજૈંના ખંડમાં કોઈ અજાણ્યા બે માણસો છે એવી બાતમી પુંઅરાને મળી. તે તત્કાલ ત્યાં જઈ પહોંચ્યો ને જોયું તો રાજૈં પાસે બે જખોને કાંઈક

મંત્રોચ્ચાર કરતા બાજ્યા. પુંઅરાગઢના સખત ચોકીપહેરા વચ્ચેથી પોતાના આવાસમાં જખો કેમ પહોંચી આવ્યા એ પુંઅને કોયડો થઈ પડ્યો અને તેની તેણે તપાસ આદરી.

લોકવાયકા કહે છે કે એક માળીમારને પુત્ર ન હતો. આ જખોના આશીર્વાદથી તેને પુત્રપ્રાપ્તિ થઈ. રાજૅ પાસે જખોના આ ચમત્કારની વાત આવી. રાજૅને પણ સંતતીમાં પુત્ર ન હોતાં તેનું માતૃહૃદય જખોના આશીર્વાદ લેવા તલપી રહ્યું. પણ પુંઅરા જખોનો કટ્ટો વિરોધી હોઇ એ અશક્ય લાગવાથી રાજૅએ પોતાના આવાસમાંથી જખોના નિવાસસ્થાન સુધી જમીનમાંથી ગુપ્ત માર્ગ કરાવ્યો ને એ રીતે રાજૅએ જખોના દેવોની પ્રાર્થનામાં ભાગ લીધો. છ મહિના લગી આ કાર્યક્રમ ચાલ્યો. પણ જખોની પ્રાર્થના કારગત નીવડી નહિ. પું'અરાના જુલ્મોનો પાપભાર એટલો હતો કે જખોની પ્રાર્થના પુંઅરાને પુત્રપ્રાપ્તિ કરાવવા અસમર્થ હતી એમ રાજૅને ઠસી ગયું. એટલે રાજૅના નિજાવાસમાં ગુપ્તપણે ભાગ ધરાવી પુંઅરાનું પાપ ધોવા અને તેનો જુલ્માટ શમાવવાનું બીડું બે જખોએ લીધું. પણ તેમાં તેઓ પોતે જ પું'અરાને હાથે ઝડપાયા. તેમને તત્કાળ પકડાવી પુંએ કોઠામાં પૂરાવ્યા અને બીજા પાંચ જખો બહારથી હાથ થયા તેમની પણ તેણે એ જ વલે કરી. આ બધાને હલડીમાં જોડી તથા ગોખરુના કાંટા પર ચલાવી પુંએ તેમને સખત નસીહત કરી. રાજસત્તા સાચવવાની અક્કડાઇ ને ગર્વ પુંઅરાને કઠક બનાવી દેતી અને ક્યારેક તે આકરા જુલ્મ પણ કરી બેસતો. પુંઅરાની આ જુલ્મી નીતિ જ તેના પતનનું કારણ બની. જખો ઉપર ગુજરેલા આ જુલ્મથી વસતિમાં બખેડો થયો. સંધારો બધા ઊઠી પડયા. તત્ક્ષણ સુખ જોનારી લોકરુચિ અને દૂરંદેશી રાજનીતિ આમ ઘણી વખત મેળ સાધી નથી શકતી.

એક નાયીએ તર્ક કરી એક જખ ને કોઠામાંથી મુક્તિ અપાવી. બહાર આવી તેણે બીજા જખોને એકત્ર કરી સર્વ માહિતી આપી. સંધારોની મદદથી એ બોંતેરે જખ ઘોડેસવારોએ પદ્ધરગઢ પર હલ્લો કર્યો. જખો સાથે સાંયરી નામની એક ઓરત હતી. પુંઅરાની દિનચર્યાથી એ પૂરી વાકેફ થઈ ગઈ હતી. તેણે પુંઅરાગઢની રજેરજ બાતમી જખોને પહોંચાડી તેમના કાર્યમાં સરળતા કરી આપી. તે જમાનામાં સામાન્યરીતે ગેબી લાગતાં એવાં પ્રાગતિક હથિયારો જખો પાસે હતાં. પદ્ધરગઢ પાસેની એક ભિટ્ટ ઉપરથી કકડ નામના જખોના આગેવાને પોતાનું એ અસ્ત્ર છોડયું પુંઅરા સ્નાનાગારમાં નહાવા બેઠો હતો ત્યારે આ શસ્ત્રબળે તેની એક છીપર તૂટી ગઈ ને રા' પુંઅ તે તળે કચડાઈ મૂઓ. પછી તો તુમુલ યુદ્ધ જામ્યું. તેમાં પુંઅના સૈનિકોએ બોંતેરે જખો અને કેટલાક સંધારોની કતલ કરી. દંતકથા એવી છે કે પુંઅરા પાસે એક માદળિયું હતું તે જ્યાં લગી તેના શરીરે હોય ત્યાં લગી તે મરે નહિ એવો એમાં ચમત્કાર હતો. વળી તેની પાસે એક શિવકવચ પણ હતું, એટલે કોઈ અસ્ત્ર તેને મારી શકતું નહિ. પણ સાંયરીએ તે નહાવા બેઠો તે વખતે મચ્છર રૂપે ત્યાં પ્રવેશી તેને ચટકાં ભર્યાં. પુંએ ત્યારે માદળિયું ઉતાર્યું અને બરાબર તે વખતે જ કકડે ભિટ્ટ ઉપરથી મૂઠ મારી તેમાં છીપર તૂટી અને પુંઅરા તે તળે દટાઈ મૂઓ, આમ જખોની આ કામગીરી લોકોને અદ્‌ભુત થઈ લાગી અને એ બોંતેરે જખોને તેમણે દેવ કરી આરાધ્યા. જે ભિટ્ટ ઉપરથી




કકડ ભિટ્ટના થડા ઉપર અશ્વારોહી જખોની મૂર્તિઓ: અગ્રભાગે ચોકી ઉપર શિલા, જેના તળે રા' પુંઅ કચડાઈ મૂઓ

જખે પુંઅરા ઉપર હથિયાર છોડયું ને જ્યાં જખો કતલ થયા તે ટેકરીનું નામ કકડભિટ્ટ પડયું અને ત્યાં સંધારોએ ધોળા જખના ઘોડાની બોંતેર મૂર્તિઓની સ્થાપના કરી. કકડભિટ્ટ ઉપર જખોનો આ થડો પુરાણી ઈરાની ઢબના ધર્માલયના ઘાટે, ઊંચા અને ખુલ્લા—છત વિનાના પગથીદાર પડથાર જેમ ચણાએલો છે. દર ભાદ્રપદમાં ત્યાં આજે પણ મોટો મેળો ભરાય છે. શ્રદ્ધાથી નહિ તો આનંદ અર્થે પણ ઘણા લોકો ત્યાં એકઠા મળે છે.

પુંઅરાના નિધન પછી રાજૅએ પોતાની લોકપ્રિયતાથી થોડો વખત સત્તા પોતાના હાથમાં ટકાવી રાખી. પણ પાછો તરત એ પ્રદેશ ચાવડાઓની અને બીજી નાનીનાની જાગીરોમાં વહેંચાઈ જઇ ગુજરાતના સોલંકીઓના વર્ચસ્વ તળે જતો રહ્યો. પદ્ધરગઢના પતન પછી લોકોએ તેને પિટ્ટલપટ માની તજી દીધો અને પદ્ધરગઢ ખંડેર બન્યું.

આશરે હજારેક વર્ષથી કાળનો ઘસારો ખાતું પદ્ધરગઢનું આ ખંડેર, તેમાં ગઢની રાંગ અને અન્ય આલયોના પથ્થરો. નિંઢી મેડી, વડી મેડી, રાજૅનું શિવાલય, ઢેડના ચણાવેલા કહેવાતાં બે શિવસદનો વગેરેના અવશેષો હજુ પણ એ કાળની કલાપ્રિયતા ને સૌંદર્યશુચિતાનો ચિતાર આપે છે. ત્યાંના પાયાઓ પરથી સૂચિત થતું રચાપત્યનિર્માણ મહાકાય શિલાઓમાંથી અખંડ ઉતારેલા શિલ્પસભર સ્તંભો, ઘસાઈ ગએલા વેરણછેરણ પથ્થરો પર ભગ્ન સ્થિતિમાં પણ લાલિત્યભર્યા અંગભંગમાં કંડારાયલી માનવ આકૃતિઓ અને તેમાં પણ સંગીતકળામાં મગ્ન માનવોનાં શિલ્પ તથા વનસ્પતિ અને પ્રાણીઆકૃતિઓ, એ સમયના લોકજીવનનો ખયાલ આપી રહે છે.



રાણી રાજૅ માટે બંધાવેલા શિવમંદિરનું ખંડિયેર

પુંઅ રા'એ પુંઅરાગઢ સર્જ્યો, અને બેનમૂનપણાનો ગર્વ એ જ તેના વિનાશનું કારણ પણ બન્યો. એ ટૂંકા ગાળાનો પુંઅરાગઢનો અલ્પ ઇતિહાસ પીંખાએલા સમાજ ને વેડફાએલા રાજકીય જીવન-ની અતિ સૂચક વાતો કહી જાય છે. જોકે આવા અલ્પજીવી પુંઅ-રાગઢનું નામ લોકોમાં અપશુકનિયાળ ગનાય છે, એટલે આજે પણ નામ દેવાની જરૂર પડયે તે પદ્ધરગઢ જ કહેવાય છે.

રહસ્યકથા-શ્રેણી [૪] ચારસો વીસ

આવો!' દુકાનનાં પગથિયાં ચડતા ઘરાકને ઝવેરી અચરતલાલે આવકાર આપ્યો ને બેસવા માટે ખુરશી ધરી.

'જુઓ શેઠ,' આગંતુક કશી પ્રસ્તાવના વિના મુદ્દાની જ વાત કરતો બોલ્યો: 'અમારા સાહેબની બદલી થાય છે. એટલે એમને વિદાયમાનમાં એક સરસ ઊંચી કિંમતની ભેટ આપવી છે.'

'વારુ.' કહેતાં ઝવેરીએ પેઢીના માણસોમાંના એકને બોલાવી કહ્યું, 'અલ્યા મગન, જો, આ ભાઇને—હં, આપનું નામ શું?'

'અરુણકાન્ત.'

'હાં; તો મગન, આ અરુણકાન્તભાઈને ૭ નંબરનું કબાટ બતાવ.'

અરુણકાન્ત મગન સાથે સાત નંબરના કબાટ પાસે ગયો ને એમાં-ની સોનેરી નકશી ને મીનાકારીવાળી ચાંદીની એક પેટી પસંદ કરી અને પછી ઝવેરી પાસે આવી તેની કીમત પૂછી.

'આશરે ૧૩૦૦ રૂપિયા થશે. બોલો, કાંઈ ચડાવવી છે?'

અરુણકાન્ત આ સાંભળી કંઈક વિમાસણમાં પડયો હોય એમ બોલ્યો, 'અમે સ્ટાફમાંથી એક હજાર રૂપિયા તો ભેગા કર્યા છે શેઠ, પણ ઉપરના ત્રણસોનો સવાલ મોટો છે.'

'કંઈ નહિ, થોડા વધુ ઉઘરાવવાનો પ્રયાસ કરો. બે દિવસ રહીને લઇ જજો, કયાં નાસી જવાની છે?'

'નાસી તો કયાંય નથી જવાની, પણ આજ સાંજે જ મેળાવડો રાખ્યો છે.' કહી એ થોડો વખત વિચારમાં પડયો. એવામાં સામેના રસ્તા ઉપરથી પસાર થતી એક વ્યક્તિ પર નજર પડતાં જ બોલ્યો, 'વાંધો નહિ!' અને પછી પેલી વ્યક્તિને સંબોધીને તે બોલ્યો, 'અલ્યા છબીલ, અહીં આવ. આ હું તને ચિઠ્ઠી આપું છું તે અમારી ઑફિસમાં નવીનચંદ્રને આપીને એ તને તેરસો રૂપિયા આપે તે લઇને સીધો અહીં આવ.'

છબીલ ચિઠ્ઠી લઇ જવા ઊભો રહ્યો, એટલે અરુણકાન્તે ઝવેરી અચરતલાલને કહ્યું: 'શેઠ એકાદ કોરો કાગળ આપજોને? વધારાના ત્રણસો રૂપિયા અત્યારે તો હું મારી જવાબદારી પર ઑફિસમાંથી મેળવું છું, પછી અમે અંદરોઅંદર વધુ ફાળો કરી એ ભરી દઈશું.'

અચરતલાલે કાગળ આપતાં અરુણકાન્તે પેન માટે ગજવું ફંફોસ્યું પણ એ ઘેર રહી ગએલી લાગી, એટલે અચરતલાલ પાસેથી જ માગી. અચરતલાલે એ આપતાં એણે લખવા માંડયું, પણ કલમ ચાલતી જ ન હોય, ઠરડાતી હોય એમ લાગ્યું. શાહીના ઝીણા છંટકાવ સાથે એકાદ બે લીટી લખ્યા પછી અચરતલાલને કહે, 'શેઠ, બીજો કાગળ આપજોને, આ તો નકામો ગયો.'

બીજો કાગળ આવી લાગતાં પેન અચરતલાલને સોંપતો તે બોલ્યો, 'શેઠ, હું કહું તેમ આપ જ લખી નાખોને. નકામી આપની કીમતી પેન મારે હાથે બગડશે. આપ દેશી રીતે પેન ચલાવતા લાગો છો.'

અરુણકાન્તનાં આ વચનો જાણે પોતાને અભિનંદન રૂપ હોય તેમ પેન હાથમાં લઇ અચરતલાલ બોલ્યા, 'ચાલો લખાવો.'

અને અરુણકાન્તે લખાવ્યું: 'આ ચિઠ્ઠી લાવનાર છબીલને રૂપિયા ૧૩૦૦ અંકે તેરસો આપશો. કંઇ ખૂટતા હોય તો આજુબાજુમાંથી મેળવીને પણ પૂરા તેરસો મોકલજો. તમને ગમે એવો સોદો નક્કી કર્યો છે, તો વાર લગાડશો નહિ અને છબીલને વધુ રોકશો નહિ.'

ચિઠ્ઠી લખી અચરતલાલે અરુણકાન્તના હાથમાં આપી અને અરુણકાન્તે છબીલના હાથમાં મૂકી કહ્યું: 'જા, જલદી આવજે.'

લગભગ કલાકેક થવા છતાં છબીલ ન આવ્યો એટલે અરુણકાન્ત-ને ચટપટી થવા માંડી. બીજા પાએક કલાક સુધી રાહ જોઈ તે બોલ્યો, 'એ બદમાશ ઑફિસે ગયો જ લાગતો નથી; હું જ જઈ આવું. અરધા કલાકમાં તો આવી જાઉં છું.'

'વારુ, જઇ આવો.' અચરતલાલે કહ્યું અને તે ઊપડયો.

અચરતલાલે કલાકેક રાહ જોયા છતાં અરુણકાન્ત પણ પાછો ન ડોકાયો એટલે એ થોડા અસ્વસ્થ બન્યા, કારણકે તેરસો રૂપિયાનું ઘરાક જાય એ ખટકે એવું હતું. એવામાં ઈન્સ્પેક્ટર દીક્ષિત ત્યાં થઇને નીકળ્યા. અચરતલાલને ત્યાં કોઇકોઈવાર એ આવીને બેસતા, એટલે આજે ત્યાં થઇને નીકળતાં સ્વાભાવિક જ ઉપર ચડયા, ને અચરત-લાલના ચહેરા પરની ઉદાસી જોઈ પૂછયું, 'કેમ, આજે જરા ઉદાસ છો?'

'ના, ના, ખાસ તો કંઈ નથી. પણ આજકાલના ઘરાકો કેવા નીકળ્યા છે? સોદો નક્કી કરી, "પૈસા લાવું છું" કહીને જાય તે પાછા દેખાય જ નહિ.'

'એ તો બીજે સસ્તું લાગ્યું હોય તો ત્યાંથી ખરીદી લે.'

'તે ભલે ખરીદે. પણ બધે ભાવ પૂછયા વિના કયાંક સોદો નક્કી કરવામાં એમના બાપનું શું બગડી જતું હતું?'

એવામાં દીક્ષિતની નજર અરુણકાન્તે લખેલા અને બગડતા ત્યાં જ ફેંકી દીધેલા કાગળ પર પડી. એની ટેવ પ્રમાણે એણે તેનો ડૂચો ઉખેડી વાંચવા માંડતાં પૂછયું, 'શાની છે આ ચિઠ્ઠી?'

અચરતલાલે અરુણકાન્તની આખી વાત કહી સંભળાવી, જે સાંભળીને દીક્ષિતે પૂછયું, 'એ ચિઠ્ઠી કોને સંબોધીને લખી હતી?'

'અરુણકાન્તે કોઇનું નામ તો નહોતું લખાવ્યું.' અચરતલાલે કહ્યું.

'તો શેઠ, બની ગયા તમે! પૂરેપૂરી ૪૨૦! વધારેનું તો નહિ પણ ૧૩૦૦ રૂપિયાનું તો નાહી જ નાખજો.'

'એમ શા પરથી કહો છો? તમે ઓળખો છો અરુણકાન્તને?'

'હું ઓળખતો તો નથી, પણ તમારી પાસે અરુણકાન્ત નામ ધારણ કરીને આવેલો માણસ ગજબનો હોશિયાર લાગે છે'.


તમે કહી શકશો કે અચરતલાલ શેઠ શી રીતે ઠગાયા હશે અને ઈન્સ્પેક્ટર દીક્ષિતે શા પરથી એ જાણ્યું હશે? [ઉત્તર નીચે છાપ્યો છે.]

અરુણકાન્તે છબીલને જે ચિઠ્ઠી આપેલી એ છબીલે સીધા અચરત-લાલના ઘેર પહોંચીને તેના પત્નીના હાથમાં જ આપેલી. 'તમને ગમે એવો સોદો નક્કી કર્યો છે, તો વાર લગાડશો નહિ' એ શબ્દો વાંચીને પત્નીએ ઉમંગમાં આવી પૈસા આપી દીધેલા. અક્ષર પોતાના પતિના જ હતા એ તો એણે ચિઠ્ઠી હાથમાં મુકાતાં જ જોઇ લીધેલું.

ઈન્સ્પેક્ટર દીક્ષિતને પહેલું કુતૂહલ તો એ થયું કે અરુણકાન્તે જાતે ચિઠ્ઠી ન લખતાં અચરતલાલ પાસે કેમ લખાવી. અને પછી એ ચિઠ્ઠી કોને સંબોધીને લખેલી એવા પ્રશ્નના જવાબમાં અચરત-લાલે જ્યારે જણાવ્યું કે કોઇનું નામ અરુણકાન્તે નહોતું લખાવ્યું ત્યારે તેનો વહેમ પાકો બની ગયો.

સારિપુત્ત અને મહામોગ્ગલ્લાન

ગયા અંકમાં જેનો વિસ્તૃત પરિચય આપ્યો તે સાંચી આજ સુધી ભારતમાં બૌદ્ધ કલાના પ્રાચીનતમ અને સુંદરતમ અવશેષો ધરાવતા સ્થાન તરીકે જ માત્ર જાણીતું હતું. તેના એ મહત્ત્વમાં બૌદ્ધોના પવિત્ર યાત્રાધામ તરીકે હવે ઉમેરો થયો છે. સાંચીના મુખ્ય સ્તૂપની નીચે ભગવાન બુદ્ધના અસ્થિઅવશેષ દટાએલા હોવાનું માત્ર કહેવાય છે. પણ એ મુખ્ય સ્તૂપથી થોડે જ દૂર ત્રીજા નંબરના સ્તૂપની નીચે ખોદકામ કરતાં લગભગ સો વર્ષ પહેલાં જનરલ કનિંગહામને ભગવાન બુદ્ધના બે પટ્ટશિષ્યો સારિપુત્ત ને મહામોગ્ગલ્લાનના અસ્થિ-અવશેષો તો ખરેખાત મળી આવેલા, ને તે લંડનના મ્યૂઝિયમમાં લઇ જઇ રાખેલા. સ્વાતંત્ર્ય પછી તે પાછા મંગાવી લઇને ગયા નવેમ્બર માસમાં ત્યાં ભારતની મહાબોધી સોસાએટીના ઉપક્રમે બંધાએલા નવા 'ચેતીયગિરિ વિહાર'માં ફરી પધરાવવામાં આવ્યા છે. એ સારિપુત્ત અને મહામોગ્ગલ્લાનના પરિચયો આ નીચે વિસ્તારથી તથા અનુષંગી ચિત્રો સાથે આપ્યા છે.



સાંચીના ત્રીજા નંબરના સ્તૂપ નીચેથી મળી આવેલાં, ભગવાન બુદ્ધના એ બે પટ્ટશિષ્યોનાં આ પ્રાચીન અસ્થિપાત્રો પોચા પથ્થરમાંથી સંઘાડે ઉતારેલાં હોય એવી આકૃતિમાં બનાવાએલાં છે. મથાળાનું પાત્ર સારિપુત્તનાં અસ્થિ ધરાવતું હતું. તેના ઢાંકણા પર બ્રાહ્મી લિપિમા જે 'સારિપુત્ત' અક્ષરો કોતરેલા હતા તે એ પાત્રની ડાબી બાજુ આપ્યા છે, અને એના ઢાંકણાની અંદર બ્રાહ્મીમાં શાહીથી લખેલો 'સ' અક્ષર જમણી બાજુ આપ્યો છે. એ જ રીતે નીચેના મહામોગ્ગલ્લાનના અસ્થિપાત્રની જમણી બાજુ તેનું નામ, ને ડાબી બાજુ તેનો પ્રથમાક્ષર 'મ' આપેલો છે. એ બંને પ્રથમાક્ષરો બંને પાત્રનાં ઢાંકણાંની અંદરની બાજુએ કાળી શાહીથી લખેલા છે, તે જાણે હજી આજે જ લખ્યા હોય તેટલા તાજા અને ચમકદાર લાગે છે!

ભગવાન બુદ્ધ બોધિસત્ત્વ પ્રાપ્ત કર્યા પછી મહારાજ શુદ્ધોદનની પ્રાર્થનાથી છ વર્ષે પાછા કપિલવસ્તુ પધારેલા. ભિક્ષાપાત્ર લઈ એ શુદ્ધોદનને ત્યાં ભિક્ષા લેવા ગયા. કાષાય વસ્ત્ર ધારણ કરેલા પોતાના પુત્રને જોઈ શુદ્ધોદનનું હૃદય દ્રવી ઊઠ્યું. યશોધરાના હૃદયમાં પોતાના પતિને એ વેશમાં જોઇ કયા ભાવ જાગ્યા હશે? એણે છ વર્ષના પુત્ર રાહુલને કહ્યું: 'એ તારા પિતા છે. તું જઇને એમની પાસે શિક્ષા ગ્રહણ કર.' રાહુલે ભગવાન બુદ્ધ પાસે જઇ પૂછ્યું, 'ઓ સાધક, તમારી છાયામાં સુખ છે?'

ભગવાન બુદ્ધ રાહુલના પ્રશ્નથી વિચલિત બની પોતાના સ્થાનેથી ઊઠી આગળ ચાલવા માંડ્યા. બાળ રાહુલ એમની પાછળ ચાલ્યો અને કહ્યું, 'મને શિક્ષા આપો'.

ભગવાન બુદ્ધે સારિપુત્રને સંબોધીને રાહુલને શિક્ષા આપવા કહેતાં સારિપુત્રે પૂછ્યું: 'આ નાના બાળકને હું કેવી રીતે શિક્ષા આપું?' આ પરથી ભગવાને કોઇ અજ્ઞાનને અપાય એવો ઉપદેશ રાહુલને આપવા કહ્યું. સારિપુત્રે તેમની આજ્ઞાનું પાલન કર્યું અને રાહુલને પ્રવ્રજિત કર્યો, ત્યારે રાજા શુદ્ધોદન ભગવાન બુદ્ધ પાસે પહોંચી અભિવાદન કરી એક બાજુ બેસી ગયા અને ભગવાનને કહ્યું: 'ભન્તે! ભગવાન પાસે હું એક વર માગું છું.'

'તથાગત વરદાનથી પર છે' ભગવાને ઉત્તર આપ્યો.

'જે ઉચિત હોય છે તે દોષરહિત હોય છે.' શુદ્ધોદન બોલ્યા.

'બોલો, શુદ્ધોદન ગૌતમ!'

અને શુદ્ધોદન અત્યંત કરુણાપૂર્ણ સ્વરે બોલ્યા: 'ભગવાનના પ્રવ્રજિત થવા ઉપર મને ખૂબ દુ:ખ થયું હતું. એ જ રીતે નન્દના પ્રવ્રજિત થવા પર અને રાહુલના પ્રવ્રજિત થવા પર તો એથી યે અધિક દુ:ખ થાય છે. ભન્તે, પુત્રપ્રેમ મારા રોમને, રોમથી ચર્મને, ચર્મથી માંસને, માંસથી નસોને, નસોથી અસ્થિઓને અને અસ્થિઓથી મર્મસ્થાનોને છેદી રહેલ છે. ભન્તે, માતાપિતાની અનુમતિ વિના કોઇને ભિક્ષુ ન બનાવો તો સારું'.

બૌદ્ધ ધર્મગ્રન્થ 'વિનયપિટક'માં આ કથા વિસ્તારથી આપી છે. ભગવાન બુદ્ધે રાહુલને દીક્ષા આપવાનું હૃદયવિદારક કાર્ય સારિપુત્રને આપ્યું તે પરથી જ બૌદ્ધ સંઘમાં તેનું મહત્ત્વ પ્રતીત થાય છે. ભગવાનનો એ સૌથી પ્રિય શિષ્ય હતો. બીજા કોઈને એમણે ઉપસંપદાની દીક્ષા આપવાનો અધિકાર નહોતો આપ્યો. આ સારિપુત્ર જેમ જ તેની સાથે બૌદ્ધ ધર્મની દીક્ષા લેનાર મૌદ્ગલ્યાયન પણ ભગવાનનો પ્રિય શિષ્ય હતો. ભગવાન એ બંને વિષે ભિક્ષુઓને સંબોધી કહેતા: 'ભિક્ષુઓ, મારા મહાજ્ઞાની ભિક્ષુશ્રાવકોમાં સારિપુત્તશ્રેષ્ઠ છે. મારા ઋદ્ધિમાન ભિક્ષુશ્રાવકોમાં મહામોગ્ગલ્લાન શ્રેષ્ઠ છે.'


સારિપુત્ર અને મૌદ્ગલ્યાયન બંને એક જ ગુરુના શિષ્ય હતા. રાજગૃહના સંજય નામના સંન્યાસીના અઢીસો શિષ્યોમાં આ બે વિચક્ષણ અને પ્રતિભાશાળી હતા. બંને વચ્ચે ઘનિષ્ટ પ્રેમ હતો અને બંનેએ આપસઆપસમાં એવું નક્કી કર્યું હતું કે બેમાંથી જેને પહેલું અમૃત મળે તેણે બીજાને પણ એ પ્રાપ્ત કરવામાં મદદ કરવી.

મગધના રાજા બિમ્બિસારના અનુરોધ ઉપરથી એકવાર ભગવાન બુદ્ધ પોતાના ભિક્ષુસંઘને સાથે લઈ ઉપદેશ આપતા આપતા ગયાથી રાજગૃહ આવવા નીકળ્યા. ઉપદેશની આ પરિપાટી 'ચારિકા'ના નામે ઓળખાતી. ચારિકા આપતા ભગવાન બીજે દિવસે રાજગૃહ પહોંચ્યા અને ત્યાંના લઠ્ઠી નામના સ્થાને ઊતર્યા. ગામ બહાર આવેલા એ સ્થાનેથી રાજગૃહમાં ભિક્ષા માગવા આવેલો અશ્વજિત નામનો બૌદ્ધ ભિક્ષુ સારિપુત્રની નજરે પડ્યો. અશ્વજિતને નીચી નજરે સંયમપૂર્વક ભિક્ષા માગતો જોઇને સારિપુત્ર એના પ્રત્યે આકર્ષાયો અને એની પાછળ પાછળ ચાલવા માંડ્યો. અશ્વજિતે ભિક્ષા માગવાનું પૂરું કરતાં જ સારિપુત્રે વિનમ્ર ભાવે તેને પૂછ્યું: 'આયુસ! આપની ઇન્દ્રિયો પ્રસન્ન છે, ઉજ્જ્વલ છે ને વિશુદ્ધ દેખાય છે. કૃપા કરી બતાવશો કે આપ કયા ગુરુના શિષ્ય છો? આપ કયો ધર્મ માનો છો? આપના ગુરુના સિદ્ધાંતો કયા છે?'

અશ્વજિતે કહ્યું, 'આયુસ! શાક્યપુત્ર જે મહાન શ્રમણ છે એ ભગવાનને ગુરુ તરીકે સ્વીકારીને હું ભિક્ષુ બન્યો છું. હું હજુ નવોસવો ભિક્ષુ થયો છું, એટલે ધર્મ સંબંધે વિશેષ હું નથી જાણતો. જે થોડુંઘણું જાણું છું તે કહું છું. આમ કહી અરસજીએ (અશ્વજિતે) નીચેનું પદ્ કહ્યું:

યે ધમ્મા હેતુપ્પભવા તે સં હેતું તથાગતો (આહ),
તેસં ચ યો નિરોધો એવં વાદી મહા સમણો.





ડાબી બાજુ : સાંચીના 'ચેતીયાગાર વિહાર'માં સારિપુત્ત તથા મહામોગ્ગલ્લાનના અસ્થિપાત્રો પધરાવવાનો વિધિ ગયા નવેમ્બરમાં વડા પ્રધાન પંડિત નેહરુને હાથે થયો તે પ્રસંગે સ્તૂપ આકારનું અસ્થિપાત્ર ધારી રહેલા મહાબોધિ સોસાએટીના પ્રમુખ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી તથા ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્; અને જમણી બાજુ : મથાળાનો ઢાંકણાનો ભાગ કાઢી લીધેલા સ્તૂપ આકારના 'અસ્થિધારણ-પાત્ર'નું નિકટદર્શન. તેમાં મથાળે, બે બાજુ કાચ જડેલી ઘડિયાળ જેવી અને કિનાર પર ઊભી કરેલી બંને ડબ્બીઓમાં નીચે પડેલાં શ્વેત અસ્થિ જણાય છે. ડાબી બાજુનાં વધુ અસ્થિ સારિપુત્તનાં છે; જમણી તરફની ડબ્બીમાં મહામોગ્ગલ્લાનનાં છે.

ભાવાર્થ: કારણથી ઉત્પન્ન થનારી જેટલી વસ્તુઓ છે તેનો કોઈ ને કોઈ હેતુ છે એવું તથાગત કહે છે. એનો જે નિરોધ છે તે પણ એ બતાવે છે. આ હેતુવાદનું જ્ઞાન એ મહાશ્રમણનો વાદ છે.

સારિપુત્ર આ સાંભળી અત્યંત પ્રસન્ન થતો તેના સર્વ પ્રથમ સમાચાર પોતાના પરમ મિત્ર મૌદ્ગલ્યાયન (મોગ્ગલ્લાન)ને આપવા ઊપડ્યો. મોગ્ગલ્લાન સારિપુત્ત (સારિપુત્ર)ને અત્યંત પ્રસન્ન ચાલે ચાલતો આવતો જોઈ ઉત્કંઠિત બની તેને પૂછવા લાગ્યો: 'આયુસ! બહુ પ્રસન્ન દેખાઓ છો; ક્યાંક અમૃત તો નથી મળ્યુંને?'

'હા આયુસ, અમૃત મેળવી લીધું છે.' સારિપુત્તે જવાબ આપ્યો અને અસ્સજી સાથેની પોતાની મુલાકાત કહી સંભળાવી. બંનેએ ભગવાન બુદ્ધને શરણે જવાનું નક્કી કર્યું. આ વાત એમણે પોતાના ગુરુ સંજય અને અન્ય સાથીદારોને કહી. સંજયે તેમને તેમ કરતાં વાર્યા, પણ બંનેનો નિર્ણય દૃઢ હતો એટલે એ તો ભગવાન બુદ્ધને શરણે જવા ઊપડ્યા. સંજયના બીજા પણ સર્વ શિષ્યો એમની સાથે થયા.

ભગવાન દૂરથી જ એમને જોઈને બોલ્યા: 'આ બે મિત્રો સારિપુત્ત અને મોગ્ગલ્લાન જે અહીં આવી રહ્યા છે તે મારા પ્રધાન શિષ્ય થશે. ભદ્ર યુગલ રહેશે.'

બંને ભગવાન પાસે જઈ નત મસ્તકે બોલ્યા: 'ભન્તે, ભગવાન, અમને પ્રવ્રજ્યા દો, ઉપસંપદા દો.' અને ભગવાને તેમને પ્રવ્રજિત કર્યા.

આ સારિપુત્ત અને મોગ્ગલ્લાન બંને રાજગૃહની નજીકમાં જ આવેલાં ગામોનાં બ્રાહ્મણકુટુંબોમાં જન્મેલા. સારિપુત્તનું ગામ નાલક રાજગૃહથી સાત માઇલ, અને મોગ્ગલ્લાનનું ગામ કોલિત તેનાથી દે.ઢ માઇલ પર આવેલાં હતાં. બંને ગામોના બ્રાહ્મણ ગ્રામપતિ (મુખી) વચ્ચે જબરી મૈત્રી હતી, અને સંયોગવશાત્ એ બંનેને ત્યાં લગભગ એક જ સમયે પુત્રજન્મ થયો. આ પુત્રો તે સારિપુત્ત અને મોગ્ગલ્લાન. સારિપુત્રનું જન્મનું નામ ઉપતિષ્ય (ઉપતિસ્સ) અને મોગ્ગલ્લાનનું નામ એના ગામ પરથી કોલિત રાખવામાં આવેલું. પરંતુ લોકો તો એ બંનેને એમની માતાઓનાં નામ ઉપરથી જ સંબોધતા. રૂપસારી નામની બ્રાહ્મણીને પેટે જન્મ્યાથી ઉપતિષ્ય સારિપુત્ર તરીકે ઓળખાતો, જ્યારે મોગલી નામની બ્રાહ્મણીને પેટે જન્મ્યાથી કોલિત મોગ્ગલ્લાન તરીકે. બંને બાળકો વચ્ચે જબરી દોસ્તી હતી. જ્યાં જવું હોય ત્યાં બંને સાથે જ જતા. એ રીતે બંને જણ એક વાર રાજગૃહ શહેરના ડુંગર ઉપર દર વર્ષે ભરાતી યાત્રા (ગિરગ્ગસમજ્જ)માં ગએલા. ત્યાં નાચ-તમાશો જોતાં બંનેના મનમાં એકીસાથે એકસરખો જ વિચાર આવ્યો કે આ બધા ખેલતા, કૂદતા અને કલ્લોલતા માનવસમુદાયમાંથી સો વર્ષ બાદ કોઈ મોજૂદ નહિ હોય. બંનેએ આ વિચાર એકબીજાને કહી સંભળાવ્યો, અને બંને જણા સંસાર ત્યાગી પરિવ્રાજક સંજયના શિષ્ય બન્યા. ત્યાર બાદ ઉપર દર્શાવ્યું તેમ ભગવાન બુદ્ધના સંઘમાં પ્રવેશ કર્યા પછી એક સપ્તાહમાં મોગ્ગલ્લાને 'અર્હત' પદની પ્રાપ્તિ કરી ને એ પછી એક સપ્તાહ રહીને સારિપુત્તે પણ એ પદની પ્રાપ્તિ કરી.

બંને શિષ્યો ભગવાનના પ્રિય શિષ્યો હતા. એમની ગેરહાજરીમાં ભગવાન ઘણી વાર પોતાના શિષ્યોને કહેતા: 'સારિપુત્રમાં એટલું ધૈર્ય છે જેટલું પૃથ્વીમાતામાં છે. મોગ્ગલ્લાન સંઘમાં સંપૂર્ણ અનુશાસન જાળવે છે.' એમની આ પ્રિયતાએ અન્ય શિષ્યોમાં ઈર્ષ્યા નહિ જગાવી હોય એમ ન કહી શકાય. કોકાલિક નામના એક ભિક્ષુનો દાખલો તો આ બાબતમાં 'સુત્તનિપાત'ના કોકાલિક સૂત્રમાં નોંધાએલો પણ છે. એણે ભગવાન પાસે જઈ કહેલું કે, 'ભદન્ત, સારિપુત્ત અને મોગ્ગલ્લાન પાપેચ્છ હોઈ પાપી વાસનાને વશ છે.' ભગવાને તરત તેને રોકીને કહેલું કે 'કોકાલિક, એમ ન બોલ, એમ ન બોલ! સારિપુત્ત અને મોગ્ગલ્લાન ઉપર વિશ્વાસ રાખ. સારિપુત્ત અને મોગ્ગલ્લાન સદ્ગુણી છે.'

ભગવાન બુદ્ધના ગૃહસ્થજીવનના સાળા દેવદત્ત તેમની પાસે પ્રવ્રજિત થયા છતાં પાછળથી તેમનો જબરદસ્ત વિરોધી બની ગએલો. ભિક્ષુસંઘમાં ભેદભાવ ઉત્પન્ન કરાવવાથી ન ધરાતાં તે હિંસા પર ઊતર્યો ને ભિક્ષુસંઘ તેનાથી કંપવા લાગ્યો. ખુદ ભગવાન સામે પણ એ હિંસક ષડ્યંત્ર કરતાં ન અચકાયો. ભગવાને એની સામે સારિપુત્ત ને મોગ્ગલ્લાનને મોકલ્યા. તેમણે એનો મોહ દૂર કર્યો. મોહાંધકાર દૂર થતાં તેને પોતાનાં કૃત્યો બદલ એટલો આઘાત લાગ્યો કે નવ માસમાં જ તે મૃત્યુ પામ્યો.

બૌદ્ધ ધર્મગ્રન્થોમાં સારિપુત્ત અને મોગ્ગલ્લાનના જીવનના અનેક પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે, જેમાંના કેટલાક તો ચમત્કારિક કહી શકાય તેવા છે. મોગ્ગલ્લાન કડક અનુશાસન (શિસ્ત)માં માનતો, પણ સારિપુત્ત તો ક્ષમાનો અવતાર હતો. એની ક્ષમા, ધૃતિ અને કરુણાની ભગવાન બુદ્ધે મુક્ત કંઠે પ્રશંસા કરી છે. એક વાર ક્રોધાવેશમાં આવેલા એક બ્રાહ્મણે સારિપુત્તના ગાલે તમાચો ચોડી દીધો, તોપણ સારિપુત્ત તદ્દન શાંત જ રહ્યો. પાછળથી આવેશમુક્ત થતાં બ્રાહ્મણને પોતાની ભૂલ સમજાતાં તેણે સારિપુત્ત આગળ પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો, એટલે સારિપુત્તે તેને ઉદાર દિલે માફી આપતાં કહ્યું, 'અર્હત્‌ને પીડા કરીને પણ તેની પાસેથી આશીર્વાદ સિવાય બીજું કંઇ તમે ન મેળવી શકો.' આથી વિરુદ્ધ મોગ્ગલ્લાન માનતો કે જ્યારે પ્રજ્ઞા પર આવેશનો અંધકાર છવાઇ જાય ત્યારે એવી વ્યક્તિ સામે કડક હાથે કામ લેવું જોઇએ.

ભગવાન બુદ્ધના આ બંને શિષ્યો પોતાના આયુનો પૂર્ણ ઉપભોગ કરી જે વર્ષે ભગવાન બુદ્ધનું નિર્વાણ થયું એ જ વર્ષે ભગવાનના જીવનકાળમાં જ નિર્વાણ પામ્યા. બુદ્ધ, સંઘ ને ધર્મની સેવા કરતાં સારિપુત્તને પોતાનો અંતકાલ નજીક આવેલો લાગતાં તેણે પોતાની જન્મભૂમિમાં જઇ નિર્વાણ પૂર્વે પોતાની માતા રૂપસારીને સદ્ધર્મનો ઉપદેશ આપવા ભગવાનની અનુજ્ઞા માગી, અને પોતાના કોઇ કાર્યથી ભગવાને માઠું લાગ્યું હોય તો તે બદલ ક્ષમા માગી. ભગવાને અનુજ્ઞા આપતાં જણાવ્યું, 'સારિપુત્ત, એવું તારું કોઇ કાયિક કે વાચિક કર્મ નથી જે મને પસંદ ન પડ્યું હોય.' સારિપુત્ત પોતાના જન્મસ્થળે પહોંચ્યો. પોતાની માતાને ધર્મજ્ઞાન આપી મહા ઉપાસિકા બનાવ્યા પછી અંતકાલ સમયે ભિક્ષુઓની વિદાય લેતાં કહ્યું, 'આજ ચુમાળીસ વર્ષથી હું આપ સૌની સાથે રહ્યો છું. મારું કોઇ કાયિક કે વાચિક કર્મ આપને નાપસંદ પડ્યું હોય તો મને ક્ષમા કરજો.' ને તત્પશ્ચાત્‌ નિર્વાણ પ્રાપ્ત કર્યું.

સારિપુત્તના નિર્વાણ બાદ પંદર દિવસે મોગ્ગલ્લાનનું પણ નિર્વાણ થયું. એના કડક અનુશાસનને કારણે તે કેટલાકમાં અપ્રિય થઈ પડ્યો હતો, જેમાં નવદીક્ષિત કેટલાક બ્રાહ્મણો મુખ્ય હતા. એક દિવસ એ સમાધિમાં બેઠો હતો ત્યાં એના પર આ લોકો દંડા વડે તૂટી પડ્યા અને એની ખોપરી તોડી નાખી. આ રીતે હત્યારાઓના હાથે પ્રાપ્ત થએલા મૃત્યુ માટે પણ મોગ્ગલ્લાન તૈયાર જ હતો અને શાંતિપૂર્વક તેણે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

ભગવાન બુદ્ધે પોતાના આ બંને પ્રિય શિષ્યોના અસ્થિશેષ પર સ્તૂપ ચણાવેલા: સારિપુત્તના અસ્થિશેષ પર જેતવન મુકામે અને મોગ્ગલ્લાનના અસ્થિશેષ પર રાજગૃહ મુકામે. પાછળથી અશોકે ભગવાન બુદ્ધના અસ્થિશેષનું વિતરણ કરેલું ત્યારે તેમના આ બે પ્રિય શિષ્યોના અસ્થિશેષ પણ સાંચી, મથુરા, શતધરા આદિ સ્થાનોએ વિતરિત કરવામાં આવ્યા. બૌદ્ધ ધર્મના મધ્યાહ્નકાળે એ બંનેનો મહિમા જાપાનથી બૈકલ સરોવર સુધી અને લંકાથી કંબોજ સુધી પહોંચેલો. સાંચીમાં બે ધાતુમંજૂષાઓમાં સુરક્ષિત રાખવામાં આવેલા એ બંનેના અવશેષો આજથી સોએક વર્ષ પર જનરલ કનિંગહામને સાંચીનું ખોદકામ કરતાં મળી આવેલા. મળી આવેલી મંજૂષાઓમાંની એક પર સારિપુત્ત અને બીજી પર મોગ્ગલ્લાનનાં નામ જોઇને કનિંગહામે એ પવિત્ર અસ્થિ ઇંગ્લંડના વિક્ટોરિયા આલબર્ટ મ્યૂઝિયમમાં સુરક્ષિત રાખવા મોકલી આપ્યા. ભારત સ્વતંત્ર થયા બાદ ઈ.સ. ૧૯૪૮માં ભારત સરકારની વિનતીથી એ મ્યૂઝિયમના અધિકારીઓએ અને બ્રિટિશ સરકારે એ પવિત્ર અવશેષો હિંદને પાછા આપવાનું સ્વીકાર્યું. ઈ.સ. ૧૯૪૯ના જાન્યુઆરીની ૧૪મીએ આ અવશેષો કલકત્તા આવી પહોંચતાં વડા પ્રધાન શ્રી નેહરૂએ કલકત્તા જઈ મહાબોધિ સમાજના તત્કાલીન અધ્યક્ષ શ્રી શ્યામાપ્રસાદ મુખરજીને તે સુપ્રત કર્યા, જ્યાંથી દેશ અને વિદેશમાં અનેક સ્થળે પ્રદર્શિત થઈ આ અવશેષો ભારત પાછા આવતાં ઈ. સ. ૧૯૫૨ ના નવેમ્બરની ૩૦મીના રોજ શ્રી નેહરૂના હસ્તે તે સાંચીમાં નવા બંધાવેલા 'ચૈતિયગિરિ' વિહારમાં પધરાવવામાં આવ્યા છે. સાંચી પ્રાચીનકાળમાં હતું તે જ રીતે ભવિષ્યમાં પણ એશિયામાં બૌદ્ધધર્મનું એક મહાન તીર્થધામ બની રહેશે. હિંદમાં તો બુદ્ધના અનુયાયીઓની સંખ્યા નહિવત્‌ છે, પણ એશિયામાં દર સાત માણસે એક બૌદ્ધ ધર્મી છે.

ભગવાન બુદ્ધે પોતાના પ્રિય શિષ્યોના પાર્થિવ અવશેષો પર કાલપિનાક નામક સ્થાને જે વિહાર બંધાવેલા તે હ્યુએનસંગે નજરે જોયો હોવાનો ઉલ્લેખ મળે છે. ભગવાને એમના નિર્વાણ પર શોક નહોતો કર્યો, ભિક્ષુસંઘ સમક્ષ બોલતાં એમણે પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરેલી: 'જે પેદા થયું એનો નાશ પણ થવાનો એમાં શંકા નથી. છતાં કોઈ મહાવૃક્ષની બે મહત્ત્વની શાખાઓ તૂટી પડતાં એ જેમ સૂનું બની જાય છે એ જ રીતે સારિપુત્ત અને મોગ્ગલ્લાનના નિર્વાણથી, ભિક્ષુસંઘના હોવા છતાં, મારી એવી જ સ્થિતિ છે.' સારિપુત્તને તો એમણે 'ધર્મસેનાપતિ'નું પદ આપ્યું હતું અને એના નિર્વાણ પછી પોતાના એ પ્રિયતમ શિષ્ય પર પાંચસો શ્લોકોની એક પ્રશસ્તિ રચી હતી. સારિપુત્તનાં ક્ષમા, ધૃતિ અને કરુણાના ગુણોનો સૌમાં ઉદય થાઓ.

અથાણું

શિક્ષકે વર્ગમાં અનુમાનશક્તિ પર લાંબું વિવેચન કર્યા પછી છેવટે તેમણે કહ્યું, 'ચાલો હવે હું તમારી અનુમાનશક્તિની કસોટી કરું છું. તમે મારા અંગેઅંગનો અભ્યાસ કરીને મારી ઉમર શી હશે તેનું અનુમાન કરો!'

બધાં છોકરાં ચૂપ થઈ ગયાં. પણ કલાસમાં છેલ્લી પાટલીએ બેસતી ઊંઘણશી જેવી એક છોકરી સંધ્યા બોલી, 'સાહેબ, ૩૬ વર્ષ!' ને સાહેબ તો સડાક થઈ ગયા! તેમની ઉમર બરાબર ૩૬ હતી. તેમણે પૂછ્યું, 'શાબાશ, સંધ્યા, તેં તો આસપાસને બદલે બિલકુલ ચોક્કસ મારી ઉમર કહી. હવે કહે જોઇએ કે તેં આ અનુમાન કેવી રીતે કર્યું? મારા બાંધા ઉપરથી, વાળ ઉપરથી...?'

સંધ્યાએ વચ્ચે જ કહ્યું, 'જુઓ સાહેબ, અનુમાન બનુમાનની આપણને ખબર નથી, પણ અમારા બંગલામાં રહેતા ભાડૂતને એક છોકરો છે તેને બધા હાફમૅડ કહે છે, ને તેની ઉંમર ૧૮ની છે.' (પ્રબોધ)

ગ્રાહક–થોડા વખત પર મારો સંધીવા કાઢવા તમે એક ચીકણો લેપ આપ્યો હતો ને?

દુકાનદાર–હા.

ગ્રાહક–તો હવે એ લેપ કાઢવા માટે બીજું કાંઇક આપો.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આ શરે ૧૯૩૨-૩૩ની સાલમાં અઠવાડિયે એક દિવસ ભેગા મળી ભેળ ખાવાનો મનસૂબો સૂઝ્યાં. એમાંથી ભેળમંડળ ઊભું થયું; ને એ પાછળથી 'કલમ-મંડળ' તરીકે ગણાવા લાગ્યું.

ર સ્પુટિન ક્લબ વિષે તો તમે જાણો છો. ક્લુ ક્લુક્સ કલૅન કે મેસોનિક મંડળ વિષે વાંચ્યું હશે. જગતમાં જાતજાતનાં મંડળો છે. ઇંગ્લંડ એની ડિબેટિંગ સોસાએટીઓથી, ફ્રાન્સ એના લિટરરી સાલૉંથી, ઈટાલી એના ઑપેરેટિકથી ને જર્મની વાગનર મંડળોથી મશહૂર છે. આપણે ત્યાં ગુજરાતમાં રાજકારણિયાં મંડળો જવા દો, તોપણ વડોદરામાં સ્વાધ્યાય મંડળ ને અમદાવાદમાં ચા-ઘર ઉપરાંત આપણા બચુભાઈ રાવતનું બુધવારી કાવ્યમંડળ ઠીકઠીક જાણીતાં છે.

કલમ-મંડળ એક વિચિત્ર સંસ્થા છે, કારણ એ સંસ્થા જ નથી. એનું કંઈ ધ્યેય નથી, ધોરણ નથી; એમાં ચૂંટણી, પેટા-ચૂંટણી નથી; એનું કોઈ ભંડોળ નથી, ભંડોળ કમિટિ નથી; એને સંસ્કાર ફેલાવવાના કે કશી પ્રવૃત્તિ આદરવાના અભરખા નથી; એના કોઈ નિયમો નથી, બંધારણ નથી; એનાં કોઈ છાપેલાં ફારમ નથી કે કોરમ નથી. નેતિ નેતિ તરીકે એની હસ્તી બતાવી શકાય એમ છે.

એક દિવસ એવો કોઈ તુક્કો આવ્યો કે બધાએ મળવું, એટલે મળવા માંડ્યું. એમાં પહેલો જ અણલખ્યો કાયદો પ્રચલિત થયો કે કોઈએ ભારેખમ સાહિત્યની કે કશાની ચર્ચા કરવી કે કાઢવી નહિ. ટોળટપ્પા, હાહાઠીઠી, ઠઠ્ઠામશ્કરી કરવી. એકેકને લઈ બેસવા, ઉઠાવવા, ખીલવવા, ચીડવવા, પણ ખોટાં લગાડવાં નહિ, લાગે તો ત્યાં જ ખંખેરી છૂટા પડવું.

એ બેઠકોની કોઈ નોંધ નથી કે કશાં દફ્તર નથી, પણ ત્યાં જે અઢળક રસ રેલાયા છે એની વાનગી પીપીને સૌકોઈએ તાઝગી અનુભવી છે. આઠ દિવસના થાકની સરપકાંચળી ત્યાં ઊતરી છે; સાથે ઝેર પણ ઊતર્યાં છે અને અમૃતરસની કુપ્પીઓ આસ્વાદી છે. સહ્યોમાંથી કંઈકના વધારેપડતા ઉત્સાહ ત્યાં ડમાયા છે, તો કોઈકના હૃદયની વિષાદછાયામાં તેજના દીવડા પ્રગટાવાયા છે; હવાઈ કિલ્લા પણ બંધાયા છે ને રેતીમાં વહાણો પણ ચલાવાયાં છે.

હા જી; અહીં જ એક દિવસ ઉમાશંકર અને ચન્દ્રવદનને સળગી. મંડળનો એ શરૂઆતનો કાળ હતો. વક્કર છોડી નક્કર શબ્દોની ઝાડ-ઝૂડ શરૂ થઈ. બીજાઓને તો જરા બચ્ચાંશાહી લાગ્યું હશે, પણ એકે વાક્-ચિમટી ખણી તો બીજાએ જીભડંખ દીધો. આજે હું મારો વાંક કાઢું તો ઉમાશંકરને ઓછું આવી જાય, અને એનો વાંક કાઢું તો હું નાના મનનો લાગું. પણ એ નહોરના ઊઝરડા તો શરીર પર જ, તે ચઢતા લોહીએ તરત રુઝાયા. પણ હૃદયમાં એકેને ઘા લાગેલો નહિ તે બે જિગરો થોડા જ કાળમાં દૂધસાકર જેમ ભળી ગયાં;—એવાં કે ઉમાજી અમદાવાદ ગયા ત્યાં ચાંદો એગને ગળવા જાય, ને ત્યાં ઈડરિયા ડુંગરો ખૂંદી ભમનારા શંકરે ઘરમાં ન હોય અને ઘરભોગિયણ નાના બાળકની દવા લેવા પધાર્યાં હોય ત્યારે ચાંદાજી રસોડે ઊકળતી કઢીમાં પાણી ઉમેરી, ઉકળાવી, બાંધેલી કણકમાંથી નાક-કાનવાળી ભાખરી શેકી ખાવાની તૈયારી કરે; એટલામાં ઉમાશંકર આવી ચડતાં માળા બંને બેશરમ, બીચારી મૂળ રાંધનારીની રાહ પણ જોયા વિના ભાણાં પીરસી આરોગવા બેસી જાય;—આવા કિસ્સા પણ હવે બને છે. જ્યોત્સ્ના, જેઠના દેખતાં, વરને પૂછ્યું ઘી કે અથાણાં-પાપડ કાઢી ઘરની આબરૂ નહિ વધારવાના આળસ માટે ઉધડકે લે, અને ઉમાશંકર મૂગે મોઢે છાનામાના ઘુસી આવેલા મહેમાન સાથે મલકાતા કોળિયા ભર્યા કરે, એ લ્હાવો પણ કલમ-મંડળને જ આભારી છે.

હવે પાછા ગોટીની શેરીમાં આવો;—ખાડિયા અમદાવાદમાં. ૧૯૨૬-૨૭માં પેલું સુમતિનું ઘર; બાજુમાં ધ્રુવસાહેબ; એની પડખેના ઘરમાં માતંગ શા ડોલતા ને નવીનવી પણ કાળી વિશાદઘેરી કવિતાઓનો ગુટકો લઈ ઝીણાભાઇ (સ્નેહરશ્મિ) ખખણતે અવાજે કાવ્યાસ્વાદ કરાવે. એ પણ ઉમાશંકર જેમ મુંબાઈમાં પારલામાં પટકાયા. ઉમાશંકર સાથે તો શરૂઆતમાં જ જામી પડેલી; પણ ઝીણાભાઈ સાથે તો લડવાનો મુદ્દો ખેલીએ તોપણ એ ના લડે, એટલે સાથે રાંધીને મીઠાશથી જમવાનો લ્હાવો તો ના મળ્યો, પણ હાં, એક દિવસ ભારેનું કૌતુક તો થયું.

ગુજરાત મેઈલમાં હું અમદાવાદ જાઉં. ત્યારે ગાડીમાં વગ સારો. અને મારે નસીબે છ પાટિયાંના પહોળા કંપાર્ટમાં હું એકલો જ. મળસ્કે ચારેકને શુમારે કોઈ દાખલ થયા. ટાઢ તો કહે મારું કામ. અરધી આછી ઊંઘમાં પરિચિત સ્વરો સંભળાયા. બત્તી થઈ ને હોલ-વાઈ. હું તો ઓઢીપોઢીને અધૂંધરો, અજવાળે ઊઠીને જોઉં છું તો સ્નેહરશ્મિ તાજા જ વિજયાદેવીની વરમાળ પહેરી પરણીને આવીને બેઠેલા! વટવા-બારેજડી વચ્ચે જ અભિનંદન આપી દીધાં. આ પ્રસંગ જીકરથી લખી શકું છું, એ પ્રતાપ કલમ-મંડળનો.

આપે 'ગુજરાત'માં પ્રગટ થએલો 'વજો તાંતરિયો' વાંચ્યો છે? ફુરસદે વાંચી જજો ગુજરાતનો છેલ્લો બહારવટિયો વજો તાંતરિયો યાને તંત્રી વિજયરાય વૈદ્ય, ભાવેણા(ભાવનગર)થી મુંબાઇ બંદરે, રિજ રોડના રાયા યાને ક. મા. મુનશીની ગઢીમાં ચમકારો બતાવવા વસાઈની ખાડી ઓળંગી આવે છે, ત્યારે વડોદરાના ચાપોત્કત વંશના કિસનસિંહ ચાવડાને માથે વજાની બહારવટિયા-ચાલ પર નજરબંધી રાખવાની જુમ્મેદારી આવી પડે છે, એનું મેઘાણીની શૈલીમાં વર્ણન છે. એ ચાવડા પણ '૩૦ની આસપાસ મુંબાઇમાં ફેલોશિપ નિશાળમાં સહશિક્ષક તરીકે કામ કરતા હતા, અને મંડળમાં આવતા. પછી આગલા બેની માફક એણે પણ મુંબાઈ બહારના પાણીના તાગ કાઢવા માંડ્યા, અને વહ્યા ગયા.

અને એ પંખીમાળામાંથી ઊડી ગએલું ચોથું પંખેરું તે યશવંત પંડ્યા. ભાવેણાનો, 'મદનમંદિર'નો બાંધનારો, 'પરદા પાછળ' રહી 'સાહિત્યકારોની મૅચ' લડાવનારો. પહેલાં ઝબકેલા 'સાહિત્ય'માં; પણ '૩૦ની આસપાસ અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં ભટકાઈ પડેલા એને પણ નોકરીધંધે મુંબાઈ આવવું પડ્યું અને કલમ-મંડળમાં ભળાવું પડ્યું. હું જ્યારે છુપાતો ફરતો ત્યારે અમદાવાદમાં પરણ્ય

માટે એણે એક કન્યા બતાવી હતી,–એવી આશાથી કે દોસ્તનું ઘર મંડાય અને પોતાની જેમ તે સુખચેનથી રહે. પણ એમાં કંઇ દાળ બહુ ચડી નહિ અને વાત વિસારે પડી. એણે જે થોડાં કલમચિત્રો આલેખેલાં એમાં મારે માટે ઠીક સારું લખેલું. એનો બદલો લેવા અહીં હું આજે કંઈ પણ લખી શકું, પણ નહિ પછી તો એને દિલ્હી જવાનું થયું, છતાં જ્યારે મુંબાઈ આવે ત્યારે મંડળમાં હાજર રહેવાનો એણે ધર્મ માન્યો છે અને હાલ દિલ્હીખાતેના મંડળના કૉન્સલ જનરલ તરીકે ત્યાં મંડળના વારસાહક્કો, રક્ષણનિયમો, અસ્પૃશ્યામતોની સાવચેતી વગેરે માટે સરકારમાં લાગવગ ધરાવી મંડળની આબરૂ વધારે છે. એક વખત તો એણે, વારંવાર કૅબિનેટો રચાતી હતી ત્યારે, લાયક પ્રધાનો નહિ મળતાં, સેવા ખાતર ટૂંક મુદત માટે પણ કલમ-મંડળ ભારતવર્ષનો રાજ્યવહીવટ સંભાળી લેવા તત્પર છે, એવી સૂચના પણ ચોક્કસ જગ્યાએ, પ્રૉપર ચૅનલ દ્વારા પહોંચાડેલી!

પણ એમ તો એક વખત મંડળની લાયકાત સાંભળી ખુદ યૂનો—યુનેસ્કો વાળાઓએ વર્લ્ડ ફેડરેશન યાને વિશ્વસામ્રાજ્યનો વહિવટ ચલાવવા મંડળને ખાસ અરજી કરી હતી, પણ તે દિવસની મંડળની ભરચક બેઠકમાં હમેશ જેમ બધાની પૂરી સંમતિ જાહેર થવાથી, રાજ્યવહીવટમાં બધાનો એકમત જ હોય તો રાજ્યકારભાર ચલાવવો જરા અઘરો થઈ પડે, એ ચાણક્યના સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, પાછી એકમતીથી યૂનો–યુનેસ્કોની માગણી નામંજૂર કરી હતી. એનાં પણ દફતરો નથી રાખ્યાં, પરંતુ એમાં જે ડિસ્પૅચ મોકલેલો એનો સાર આ પ્રમાણે હતો: 'આ મંડળ એકમતે એમ માને છે કે જો દુનિયાનો રાજ્યકારભાર કલમ-મંડળને સોંપવાનું મુનાસિબ ધારવા જેટલી યુનેસ્કોની વિચારશ્રેણી વિકસી હોય તો દુનિયામાં કોઈ પણ જાતની રાજ્યસત્તાની જરૂર નથી.'

અલબત્ત, મંડળની આટલી બધી અગમચેતીવાળી આગળ વધેલી પોલિટિકલ સૅગૅસિટી જોઈ યુનેસ્કોવાળાએ આગળ લખાપટ્ટી કરી જ નહિ, અને તે ઠીક જ કર્યું. એમાં કંઈ શંકા લાવવાની જરૂર નથી. મંડળનું કમનસીબ, નહિ તો મંડળ પાસે મકાન હોત, સરસ ક્લબહાઉસ હોત અને સારી વિશાળ જગ્યા હોત.

કલમ-મંડળમાં જે બહારના ચડી આવતા, એ અમસ્થો પણ સેવચેવડાનો ફાકો મારતા ને તરત જ જમાડવાની સજા ચોંટતી, અને સૌકોઈ હસતે ચહેરે સ્વીકારી લેતા. એમાં શરૂઆતમાં બ. ક. ઠાકોર આવેલા, એમણે સૌને જમાડેલા. રમણલાલને તથા નાનાલાલને મંડળે જમાડેલા; રામનારાયણ પાઠક પણ એમ જ ફસેલા. લેખક સિવાયના પણ ઘણા આ રીતે અન્યોઅન્ય લાભ આપી-લઈ ગએલા. એક વખત મંડળની આબરૂ હાઈકોર્ટ લાયબ્રેરીમાં ગવાઈ, એટલે ભુલાભાઈ કહે કે એ છે શું? અમને તો તમારાં ઠઠ્ઠામશ્કરી બતાવો! અને એક દિવસ ચડી આવ્યા ને સભ્ય થવાની માગણી કરી. પણ એવું તો કંઈ મળે નહિ. અમે કહ્યું કે અમે તો બસ અણધારણીયરીતે સાત દિવસમાં એક દિવસ મળીએ, અને બીનજવાબદાર ચર્ચા કરીએ. તે દિવસે તો ભુલાભાઈ કંઈ બોલ્યા નહિ. સેવમમરાનો ફાકડો મારતાં જ તેમને માથે વળતર જમણ ચોંટ્યું. તે તો જાણે એમણે એક કરતાં વધારે જમાડ્યાં; પણ જ્યારે અમે પાકી રસોઈનું જમણ એમના માનમાં ગોઠવ્યું ત્યારે તો તેઓ તે દિવસે મંડળના 'મૂડ'ને અનુરૂપ થઈ ખરેખર ખૂબ જ ખીલ્યા હતા. દરેક જણને આબાદ ચકી અને પૂરો માનમરતબો જાળવી ભારે બુદ્ધિવૈભવ દાખવ્યો.

તે દિવસે અમે, તેઓ સ્વતંત્ર હિન્દના પ્રમુખ થાય એવી શુભેચ્છા જાહેર કરી હતી. એ કહે, 'ધારો કે એમ થાય, તો તમે મારી પાસે શાની આશા રાખો? કારણ.' એ કહે, 'કંઈ પણ આશા વિના તો તમે આવી ઈચ્છા કરો નહિ.'

ત્યારે અમે ગોવાળિયા તળાવ પર આવેલી ફેલોશિપ નિશાળના કમ્પાઉન્ડમાં મળતા. બધાએ એકે અવાજે માગણી રજૂ કરી કે આ મકાનનો ભાગ, અને રમતગમત માટે આ ખુલ્લું મેદાન મંડળ જીવતું રહે ત્યાં સુધી, અમારે હસ્તક રહે એટલું ત્રાંબાના પતરા પર અમને કરી આપજો. અને એ દિવસના આખરી ભાષણમાં એમણે જો એમ થાય તો, એટલું તો પોતે જરૂર અપાવશે અને સરકાર મારફત નહિ પત્તાં ખાય તો પોતે અંગતરીતે એટલું કરી આપશે, એમ પૂરી સહૃદયતાથી જાહેર કર્યું હતું.

ઉમાશંકર, ઝીણાભાઈ, કિસનસિંહ, યશવંત પંડ્યા, એ ચાર આવનજાવનવાળા પાંચમા હતા જયકૃષ્ણ નાગરદાસ વર્મા: બારિસ્ટર; 'ગુણસુંદરી'ના તંત્રી. ટોળીમાં સારા ભળી ગયા હતા. પછી તો એ લુણાવાડાના દીવાન થયા, અને એક વખત ત્યાંથી અમસ્થા મુંબાઈ આવ્યા ત્યારે મંડળમાં આવતાં જ ખિસ્સામાંથી રિવૉલ્વર કાઢી દરેક જણ સામે ધરી! ખરું પૂછો તો મંડળના દરેક સભ્યની રિવૉલ્વર પકડવાની અને ફોડવાની તાલીમ તે જ દિવસે શરૂ થઈ ...અને પૂરી પણ થઈ! પછી તો એમણે એકાએક મંડળમાંથી અને દુનિયામાંથી સદાને માટે રૂખસદ લઈ લીધી. એમનો હસમુખો સ્વભાવ અને લહેરી જીવ બધાને યાદ આવ્યા કરે છે.

એ પછી પાથરણે બેસનારાઓમાં રહ્યા ધનસુખલાલ, જ્યોતીન્દ્ર, ભાનુશંકર વ્યાસ(બાદરાયણ), સુંદરજી બેટાઈ, રમણિક ત્રિવેદી, જમુ દાણી, રમણિક સુખડિયા, યજ્ઞેશ શુક્લ, બચુભાઈ ધ્રુવ, પરમસુખ પંડ્યા, શંકરપ્રસાદ રાવળ, ચંદ્રકાન્ત ત્રિવેદી, ફિરોઝ ભરૂચા, નરેન્દ્રસિંહ મહિડા, અને—આ આખરની ગઠરી બાંધનાર સેવક.

જરા ઠીક જેવો શંભુમેળો લાગે છે, નહિ? તોપણ લગભગ બે દાયકા વીત્યા છતાં આ 'દેડકાની પાંચશેરી' કશા કચવાટ વિના એકસંપથી ટોળટપ્પાં હાંકતી અડીખમ બેઠી છે. દરેક બેઠકમાં બધા તો હાજર ન હોય, પણ અરધા ઉપર તો હોય જ; અને જે નિર્ણયો લેવાય તે ગેરહાજર સભ્યોને કબૂલ કરવા જ પડે,—કરે છે જ.

એવો એક નિર્ણય લીધો ચન્દ્રશંકર પંડ્યાનો વનપ્રવેશ ઊજવવાનો! મંડળમાં જૂનાખખ શંકરપ્રસાદે પ્રમુખસ્થાને બેસવાની ખેલદિલીથી હા કહી. ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના હૉલમાં સભા રાખવામાં આવી. જે રીતે વનપ્રવેશ ઊજવવા માટે પરિપત્રો કાઢી તૈયારી થતી હતી એ જોઇ બધાને કૌતુક તો થતું જ હતું. સિદ્ધાંત એટલો જ કે કોઈ માણસને માન જોઇતું હોય તો આપવું શા માટે નહિ? અને આપવું તો પછી વિના સંકોચે, આભ ભરીભરી આપવું.

સભામાં પધારેલા લોકોને તો આ ગમ્મતની મીટિંગ છે એનો ખયાલ તો જ્યારે બર્નાર્ડ શૉ, જનરલ સ્મટ્સ અને એવીએવી ઇન્ટરનૅશનલ વ્યક્તિઓના અભિનંદનના તારો ધડાધડ વંચાવા માંડ્યા ત્યારે જ આવ્યો! ગાળાગાળી વિના, પૂરી ગંભીરતાથી, પણ આખરે તો તીણી એ કટાક્ષસભા, સાંગોપાંગ પૂરી થઇ ગઈ અને સૌને ભારે ભારે ગમ્મત આવી. પણ આજે મારે કબૂલ કરવું જોઇએ કે ચન્દ્રશંકર પ્રત્યે એ ખરેખર જરા ક્રૂર મશ્કરી તો હતી જ. કોઇને પોતાનો વનપ્રવેશ ઊજવવો હોય અને એ જાતે જ એની ઘડભાંજ કરી લે તો એને શા માટે ન ઊજવવા દેવો? આપણને ન ફાવે તો ન જવું. પણ આવાં ડહાપણ હવે ઘડપણની જ નિશાની સૂચવે છે એ ચોક્કસ છે. ત્યારે અમારા પ્રમુખ શંકરપ્રસાદ ઘરડા નહોતા શું? છતાં કેટલી કુનેહથી અને સિફતથી સભાનું કામકાજ બરાબર પાર ઉતાર્યું! પણ

છેલ્લી ગમ્મત એ થઈ કે એ બનાવ પછી ચન્દ્રશંકરે આખા કલમ-મંડળને પોતાને ત્યાં ચા પીવા બોલાવ્યું. ખેલદિલીનો એ પ્રસંગ સાંભરી આવતાં મન પ્રફુલ્લ થાય છે.

આ મંડળમાં ફિરોઝ ભરૂચા અને ચન્દ્રકાન્ત ત્રિવેદી કેમ દાખલ થઈ ગયા એ ગૂંચ છે. વચ્ચે બેઠકો જરા મોળી પડતી, અને આ બે ત્યારે જરા આછી બારિસ્ટરીવાળા, એટલે આવીને બેસતા. પણ એમાં રંગ સારો જામતો. ચન્દ્રકાન્ત તો જૂના જોગી; અને ફિરોઝ ભરૂચા છાપાં હૅન્ડ્સ બુલેટિન કાઢવામાં અંગ્રેજી વિભાગમાં અમારી સાથે અથડાએલા. ઉપરાંત ફ્રાન્સના સાહિત્યના સારા શોખીન. ફ્રેન્ચ બહુ સારું આવડે. એ ફરસ્તાદને બપાવાએ બારિસ્ટર થવા ઇંગ્લંડ મોકલ્યા, ત્યારે મૉંસ્યો તો પારીસ થઈ મોંપીએર યુનિવર્સિટીમાં જઈ ગેડાસ સાથે જ પડ્યા રહેતા! સૂકા નારીએળ જેવા પાછા આવ્યા, ત્યારે બપાવાએ ડિગ્રી લેવા પાછા મોકલ્યા! એમ બૅરિસ્ટર થયા, કેદમાં ગયા, ને પછી તો કલકત્તામાં જજ પણ થઈ આવ્યા. એ બંનેને, અમને વકીલ તરીકે કંઈક જરૂર પડે એવા બહાના હેઠળ, પણ ખરું તો જરા બેઠકમાં ગરમી આણવાના સબબે આમેજ કર્યા હતા.

શરૂઆતમાં એક વખત મુલ્કરાજ આનંદને કોઇક મંડળમાં લઇ આવ્યું, અને એણે બરાબર દોઢ કલાક સ્પેન અને ફ્રાંકો વિષે વાત કરી. પછી અમારા ફિરોઝશાહે ફ્રાન્સ, જર્મની ને રશિયા વિષે શરૂ કરી હિન્દના સવાલો છણવા માંડ્યા, અને એણે જ મુલ્કરાજની સ્પૅનિશ આરમાડાને—લા મેદ્રી, લા લિસ્બોં, લા બાર્સેલોના વગેરેને એવી તો પીછેહઠ કરાવી કેની, તે ત્યારપછી મુલ્કે મંડળ આગળ કદી સ્પેનની વાત જ કરી નહિ! આજની ઘડી ને કાલનો દહાડો.

વળી મૉંસ્યો ફિરોઝ ફ્રાન્સની ઘણી સુંદર વસ્તુઓના—ખાસ કરી બર્ગન્ડિયન વાઇન્સ(દારૂ)ના મોટા કોન્વોઝર(નિષ્ણાત)! વાત પર ચડે ત્યારે અમારા સાધુચરિત સુંદરજી બેટાઇ કે જમુ દાણી યા પરમસુખ પંડ્યા જેવાને તાળવે પણ અમીરસ છલકાવે! અલબત્ત, એ જ્ઞાનમાં ત્રણે વેદોના જાણકાર એવા ડૉ. રમણિક ત્રિવેદી અને શ્રી ચન્દ્રકાન્ત ત્રિવેદી, ફિરોઝશાહ વચ્ચે ફૅંક નહિ મારી જાય એની ચોકીદારી રાખતા. ને ત્રણે જ્યારે ફ્રાન્સના દખ્ખણથી માંડી સ્વિટ્ઝર્લૅન્ડ થઇ, જર્મનીમાં મ્યૂનિચ સુધીની નિજનિજની મુસાફરીની નોંધો સરખાવતાં મોસેલથી સોટાર્ન પર અને સિઆકેન્ટથી ટોકે સુધી પહોંચતા ત્યારે તો મન્થનમાંથી પ્રભુ મોહિની સ્વરૂપે પ્રગટ થઇ અમૃતકુપ્પી જ ફેરવતા હોય એવું લાગતું. પીણાં તો સમજ્યા, પણ વાતની લિજ્જતમાં પીણાંના સ્વાદ ચખાડવા એ કંઈ જેવીતેવી કીમિયાગીરી નથી.

ડૉ. રમણિક ત્રિવેદીને, તેઓ વડોદરાથી કૉલેજ છોડી મુંબાઇ આવ્યા કેડે દાખલ કરાવી દીધેલા,—એમજ, છાનામાના બેસાડી-બેસાડીને; કારણ મંડળ તો હજી પણ બાપોકાર કરીને કહે છે કે નવા માણસને હવે લેવા નથી. જાય, ખરે, અને તે ગુજરાતનાં જ બને, એની જગ્યા પૂરવી નથી. ઍટમ બૉમ્બથી માંડી વિસ્ફોટક દ્રવ્ય ને પ્રમાણુ ગ્રન્થિનાં સ્નાયુબદ્ધ અન્વેષણોની સ્નેહલ પેશીઓ તિતિક્ષા પદ્ધતિને સદા છેતરતી રહે છે, એવી પરિમિત ભૌતિક લીલા સુધી એ ભાઈ, ધૂનમાં હોય તો, રસાયનસિદ્ધાંતો દ્વારા સમજાવવા પ્રયત્ન કરે. પણ આ લખ્યું એમાં તમને કંઈ સમજ પડી? અમારે મતે પણ મોટે ભાગે એમનાં આ ગંતવ્યોનું એવું જ થતું!

રમણ વકીલે કદી નહિ કરકેરાવાનો પ્રયોગ ફળીભૂત કરી બતાવ્યો હતો. શુક્લજી યજ્ઞેશે કોઇ દિવસ છાપાની વાત નહિ ચર્ચીને પોતાના બુલંદ સાદમાં પણ અદ્ભુત સંયમ ઘટાવી બતાવ્યો. બચુભાઇ ન તો બોલે જ ઓછું, પણ મીઠી ખજવાળ ઊભી કરવામાં કે ઝીણી ચૂંટી ખણવામાં ભારે હસ્તાક્ષી બતાવી જતા.

રમણિક સુખડિયા સંગીત જાણે એટલા માટે એના ભાવ નહોતા પુછાતા; ભરૂચના ભડવીર ચંદુલાલ દેસાઈના શાગિર્દ હતા એથી એને માટે માન હતું એમે નહિ; પરંતુ તીખી ઠાવકાઇએ સીધો વ્યવહાર જાળવવા ઉપરાંત મંડળ લાંબો વખત એસીતેસી ક્ષુલ્લક વાતોમાં ગોથાં ખાય તો શ્રી અરવિંદ અને શ્રી રમણ મહર્ષિ વિષે જાત-અવલોકનો યા વાચનવિધાનો કરી મંડળને ઉગારી લેતા. સુખડિયાની લાપરવાઈ યા બેપરવાઈ મંડળના સ્થિતપ્રજ્ઞપણાની સૂચક હતી. મંડળે જો આશ્રમ ચલાવ્યો હોત તો 'મધર' તરીકે એનું જ સ્થાન હોત એવી એની હાજરી અહીં પણ વિના આશ્રમે સૌને માતાજી જેવી લાગતી હતી.

જિતુભાઇ મહેતાનું નામ ઉપર નથી ગણાવ્યું. એના હાથ પર હમેશાં ચિકાર દામ; કલમ સદા તરવરતી; અને લિજ્જતદાર જીભ ભાવેણાના ભાવે હમેશાં લાપસી પીરસતી રહેતી; એટલે હાજર રહેવાનાં પોતાનાં તાકીદનાં વચન ભાગ્યે જ એ પાળતા. પણ મંડળ એમને કાઢી મૂકી તો શકે નહિ; અને બીજે પક્ષે ગમે તેમ તો યે એના હૃદયની ગરમી આહ્લાદક હોવાને લઇને એ 'છે છે ને નથી નથી' માંના સભ્ય ગણાતા. આવી ચડે તો આભ ઊતરે; આસ્માનના તારા ખરે; કાશ્મીરના અનોખા ઋતુવિહાર કરનારા નર પંખીની, ઈટાલીની દક્ષિણેથી ઊડી આવેલી સિસિલિયન માદા સાથે ગીરનાં જંગલોમાંનાં સંવનનોની વિવિધ કક્ષા વજનદાર વિશેષણોમાં વર્ણવી આપે!

ત્યારે હવે રહ્યા કોણ? શરમાળ સુન્દરજી. એ પધાર્યા હોય ત્યારે મંડળ હમેશાં સાત્ત્વિક શબ્દપ્રયોગો કરીને જ આનંદ માણે. આવો તેરાપંથી મંડળમાળો વર્ષોથી દર બુધે યા ગુરુએ મળતો રહેતો.

એક સાલમાં, છ છ મહિનાને આંતરે, એક જ શહેરમાં નજીક-નજીક બે બાળકો જન્મ્યા, પણ ત્રીસ વર્ષો સુધી તે ન દોસ્તી સાધી શક્યા, ન નિકટ રહી શક્યા. સુરતમાં પ્રોફેસરી કરી મુંબાઈ પધાર્યા ત્યારે મંડળમાં ભટકાયા, અને તરત જ મૈત્રીની ગાઢ ગાંઠે ગંઠાયા. જીભે શ્લેષ, એ થકી સૌકોઇને હરાવતા. અમારા બેની સમજ તો એ હદે પહોંચી. કે હું કંઈ લખું તો નીચે એની સહી એને પૂછ્યા વિના જ કરી દઉં, અને એને જાણ થતાં ચપળતાથી એ હા પાડે! એવા એ જ્યોતીન્દ્ર દવે સાથે રૂડો સંબંધ બંધાયો તે પણ આ મંડળના પ્રતાપ. છ મહિને નાના હોવાને લઇને એ બીચારાને અંતે નાને ખભે મારો ભાર ઉંચકવો પડશે એ જ એક વિકટ સવાલ એને એવો મૂંઝવે છે કે એની ચિંતામાં તબિયત જ ઠીક નથી રહેતી.

પણ આ જુઓ: એક જ કૉલેજમાં બે જ વર્ષ પાછળ સુંદરજી અને ભાનુશંકરની જોડી નરસિંહરાવ પાસે ભણતી આવે, તો યે કૉલેજમાં તો મળેલા નહિ જ. એક સામાન્ય મિત્રે ત્રીસની આસપાસ ગીરગામ બૅક રોડ પર ભાનુશંકરની ઓળખાણ કરાવેલી, અને એ રસ્તાના એ કલંદરે ત્યાં જ પાનની પટ્ટી ખવડાવી હતી. બસ, એમાં કોણ જાણે કેવોય જાયફળજાવંત્રીનો મસાલો બિડાયો હતો કે બંનેનાં મન મંડળમાં એવાં તો એક થઈ ગયાં કે મારી આબરૂ સાચવવા પોતે જ મારા જેવું લખી વગર જણાવ્યે સહી પણ કરી નાખે. 'ગુજરાત'માં નરસિંહરાવ અંક નીકળ્યો ત્યારે એમ જ એક કાવ્ય એમણે લખી મારે નામે ચડાવી દીધું હતું. કારણ એમ કે પહેલું કાવ્ય એના પહેલા શિષ્યનું જ જોઇએ; અને મારું મન કંઈ ત્યારે માળવે ભમતું હશે, એટલે એમણે સૂતરો ઉપાય યોજી કાઢ્યો! પણ પછી તો એના કાવાદાવા વધ્યા. યજ્ઞેશ શુક્લને 'વંદેમાતરમ' માટે કંઈ જોઇએ અને મારા તરફથી કંઈ નહિ જતાં, એ ત્યાં હાજર હતા તે

એણે જ ચિનાઈ લોકગીતો લખી મારે નામે ચડાવી દીધાં. ઉપરથી પાંચ છાપેલી પ્રતો મોકલી ત્યારે જ એમની કોંટાઈ હું સમજ્યો! આપણે જરા દોઢડાહ્યા, તે ચટ્ટોગ્રામ પર એ ત્રણ કાવ્યો માટે પુરસ્કારની રકમ માંગતો ભભકાથી કાગળ લખ્યો. તો 'વંદેમાતરમ'ના ખાસ રોકાએલા વકીલ એ ભાનુશંકરે એટલા જ ઠંડેરાથી જવાબ વાળ્યો:

"મહાશય!

આ સાથે તમે 'વંદેમાતરમ'ના તંત્રી ઉપર વર્ષો પહેલાં, સાથેની ચાદીવાળા સંગ્રહને ગમે તે વખતે છાપી નાખવાની બિનશરતી રજા આપનારા તમારી જ સહીવાળા પત્રની નકલ મોકલી છે. જુઓ, તમે તો કશું લેવા માગતા નહોતા, તોપણ એ સર્વસંગ્રહ પેટે ફૂલ નહિ તો ફૂલની પાંખડી પુરસ્કાર નિમિત્તે તમને પહોંચાડી છે એની રસીદ અમારી પાસે મોજૂદ છે. તે પણ જ્યારે તમારે જોવી હોય ત્યારે જોવા પધારવા ખુશી છે. 'વંદેમાતરમ'ને આપ જેવો સહકાર આપો છો એવો આપતા રહેશો એવી આશા રાખીએ છીએ."

આથી વધારે ચાટ પાડવાનો બીજો કોઈ રસ્તો હતો ખરો?

મને પણ જે ચીડ ચડીને તે એક મિત્રની નવલકથાની પ્રસ્તાવના લખી નીચે ભાનુશંકરની સહી કરી છપાવી વેર લીધું! પેલા મિત્ર મોટી મોટરમાં એમને પાંચદસ નકલો આપવા અને આભાર માનવા એમને ઘેર પહોંચ્યા. તરત જ જવાબ મળ્યો કે જેણે પ્રસ્તાવના લખી એમને એ નકલો આપો, અને ઉપકાર માનો. પેલા મિત્ર તો આ તાદાત્મ્ય જોઈ ડઘાઇ જ ગયા!

હા, મંડળમાં ભાનુશંકરની પડછંદ છાયા નહિ હોય તો હવામાન ઠેકાણે નહિ લાગે. જ્યોતીન્દ્રની સાથે જમણે પડખે એ જો મને આગળ ખાંધ દેશે તો ઉંચકવાનો મેળ કેમ જામશે એ જ સવાલ છે! અલબત્ત, પાછળ તો બચુભાઇ ધ્રુવ અને ચન્દ્રકાન્ત ત્રિવેદીનો આશરો છે, એટલે સ્વધામ પહોંચવામાં વાંધો તો નહિ આવે; પણ કોઇ યે ન હોય તોપણ એ ભાનુશંકર એકલા જ, મંડળ તરફથી, શરૂથી આગ મૂકી માટલી ભાંગવા સુધીનું સઘળું કારજ એક પણ આંસું પાડ્યા સિવાય વજ્ર છાતીએ કરી નાખે એ નિઃસંશય છે!

પ્રણયલીલામાં તો એવી એકતાનતા હું નથી સાધી શક્યો, પણ મિત્રપ્રેમમાં આવી તન્મયતા અમે સાધી શક્યા એ માટે મંડળને જવાબદાર માનું છું, મારું સદ્ભાગ્ય સમજું છું.

ફિરોઝ સાથે આપણે ચન્દ્રકાન્ત ત્રિવેદીને મેળવી દીધા હતા. ચન્દ્રકાન્તની મંડળના સભ્ય તરીકે ઓળખાણ આપવી બિનજરૂરી છે. આ બધામાં પચ્ચીસ વર્ષની દોસ્તીનો પ્રસંગ મંડળે ખાણીપીણી કરીને ઊજવ્યો તે અમારા બેની મૈત્રીને લઇને,—એટલે કે પચ્ચીસ વર્ષ દોસ્તી જારી રાખવી એ પણ આ જમાનામાં કંઈ સાધારણ નથી.

મંડળમાં ચન્દ્રકાન્તને મંડળપ્રિય થતાં વાર નહિ લાગી. જ્યોતીન્દ્ર, ભાનુશંકર કે બચુભાઇ જેટલી ચપળતા નહિ. એના પર હલ્લો થાય એટલે જરા આસ્તે બુદ્ધિને ઠેરાવી, પળભર વિતાડી, સુરક્ષિતપણે સ્થાન લઇ લે, અને પછી બુદ્ધિ સંકોરતાં ચન્દ્રકાન્ત સામે દસ રાવણ આવે ને, તો ય એ ભાયડો હાથ ન મૂકવા દે. મક્કમપણે, અવાજ કાઢી, ખીજવાઈ, ધૂંધવાઈ સચોટ રદિયા આપ્યે જાય. એમાં ભાનુશંકર જયારે એની મદદમાં છે કે સામે છે, એ રીતે વર્તે ત્યારે એની મતામમમાં જ ડૂબ્યા રહી ચન્દ્રકાન્ત બહાર તરી આવવાનાં જે વલખાં મારે એ જીભાજોડી તો કદાચ વાચસ્પતિ, વિદ્યાધર ને વાગ્ભટ ત્રણે જણ સરસ્વતીને પણ હંસ પર બેસાડી સાંભળવા આવતા હશે. (ચાલુ)

મનોમંથન: (પાછલા પાનાથી) બગીચામાં 'રેડ અનસ' ઊગ્યાં હતાં. તલવાર જેવાં એનાં પાનની વચ્ચેથી એક પાતળો સરખો સ્તંભ નીકળી આવે છે, જેની નાનીનાની શાખાઓ ચારે તરફ ફેલાએલી હોય છે. કેટલાક લોકો તેનું 'હૅટ-સ્ટૅન્ડ' બનાવે છે. માળી પાસે જઇ મેં એવો એક સૂકો સ્તંભ માગી લીધો. નાનીનાની શાખાઓ વાળું એનું મસ્તક કાપી નાખ્યું. એ શિરચ્છેદ બાદ જે સોટો રહ્યો તેના એકએક હાથ લાંબા ત્રણ કટકા કર્યા. આ લાકડું બૂચ જેવું જ હલકું હોય છે અને પાણીમાં રહ્યા પછી યે ભારે નથી થતું. આ ત્રણ કટકાને ભેગા કરી કમ્મરે બાંધી પાણીમાં કૂદી પડ્યો. બેશક કૂવામાં હું એકલો જ હતો. લગભગ એકાદ કલાક તરીને પાછો ફર્યો. કંઇક આત્મવિશ્વાસ આવ્યો. બીજે દિવસે પેલા ત્રણમાંથી એક કટકો ઓછો કરી, બે જ બાંધીને પાણીમાં પડ્યો. કંઇક મહેનત કરીને જ તરી શક્યો. એ દિવસે બહુ ધ્યાન રાખી તર્યો.

ત્રીજે દિવસે એક જ કટકો રાખ્યો ને સારી પેઠે તર્યો. હવે મારો હ સાહ વધી ગયો. બપોરે ત્રણેક વાગ્યે જઈને ફરીથી તરવા લાગ્યો અને એકે ય ટુકડો બાંધ્યા વિના જ પાણીમાં કૂદી પડ્યો. ને જોયું કે હવે વગર ટેકે પણ તરી શકું છું. સિદ્ધિનો આનંદ થયો અને એ દિવસે ચિત્ત ખૂબ જ પ્રસન્ન રહ્યું. હાથપગ થાકી તો ગયા'તા, છતાં મન તો હવામાં તરતું જ રહ્યું.

ત્યારથી રોજ એકલો તરવા જવા લાગ્યો. તરતાં તરતાં માથું પાણીમાં ડુબાડી આંખો ખોલી નાખી. આંખો પાણીથી ઘેરાઈ ગઈ.

આમ બેએક અઠવાડિયાં જવા દીધા પછી તરતાં તરતાં પાણીમાં ડૂબકીઓ મારવાનો મહાવરો પાડવા માંડ્યો. ઉપલી તરફ જોરથી હાથ હલાવતો પાણીમાં નીચે ઊતરતો, અને ત્યાં મૂંઝવણ થતાં જ હાથ નીચલી તરફ મારતો ઉપર આવતો રહેતો. પછી તો પાણીમાં આંખો ખુલ્લી રાખી ચક્કર પણ લગાવવા માંડ્યો. આટલી તૈયારી કરી લીધા બાદ હું એક દિવસ બીજા સૌ નહાવા આવતા હતા એ જ વખતે કૂવે ગયો. તરવાવાળા વિદ્યાર્થીઓએ તો માની લીધેલું કે કાલેલકરે ચાર દિવસ આવીને જોયું, ને હિંમત હારી જતાં હવે નથી આવતો. મને તરતો જોઈને તે સૌને અચંબો થયો, ને દરેક જણ પૂછવા લાગ્યા કે તને કોણે શીખવ્યું? મેં કહ્યું મેં તો આપમેળે જ શીખી લીધું છે.

એક દિવસ મારા મિત્ર ગોવિંદરાવ કપૂરે પાછળથી આવીને મારી કાંધ પર પગ મૂક્યા ને મને પાણીમાં દબાવ્યો. પાણી પણ સારીપેઠે, એટલે કે ત્રીસેક ફૂટ ઊંડું હતું. પણ જ્યારે એમણે મને ઉપર આવીને શાંતિથી તરતો જોયો ત્યારે તો એમને ભારે અચંબો થયો. એ તો માનતા હતા કે ઉપર આવતાં જ હું બડબડાટી બોલાવવા માંડીશ. બીજે દિવસે મેં તેને બધી હકીકત કહી સંભળાવી અને ત્રણ હલકી લાકડીઓની યુક્તિ પણ બતાવી.

આમ, પોતાની મેળે શીખવાથી નવા શિખાઉઓનું માનસ પણ મારા ધ્યાનમાં આવી ગયું. એ પછી કૉલેજનું શિક્ષણ પૂરું થયું. મુંબાઈ આવીને હું સમુદ્રમાં તરવા લાગ્યો. જ્યારે રાષ્ટ્રીય શાળાઓ ચલાવવા માંડ્યાં ત્યારે સેંકડો વિદ્યાર્થીઓને મેં તરતાં શીખવ્યું. હિમાલયમાં ગંગાજીના પવિત્ર સ્રોતમાં પણ ખૂબ નહાયો. અને સાબરમતી આશ્રમમાં તો ઘણા લોકોને તરતાં શીખવ્યું તથા કેટલાકને ડૂબતા બચાવ્યા. પરંતુ તરતાં શીખવવાની કળામાં હું આટલો પ્રવીણ થયો એનું મૂળ કારણ તો મારે માટે તરતાં શીખવાની કળાની શોધ મેં જાતે કરી હતી એ જ હતું. (ચાલુ)

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરના

તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા



૧૨ તરવાની કળા

એક જમાનો એવો હતો કે જ્યારે આપણા દેશના પૂર્વજોએ સમગ્ર રાષ્ટ્રને સલામતી અને સુરક્ષિતતાના પાઠ ભણાવ્યા હતા. 'સેઈફ્ટી ફર્સ્ટ'ની શિખામણ તો યાંત્રિક જમાનામાં દેવાઈ: એ ઉદ્દેશથી કે યંત્રો સાથે કામ કરતો માણસ જોખમથી બચી જાય. કામ બગડે તેનો વાંધો નહિ, પણ મજૂર–કામ કરનાર–નો જાન સલામત રહેવો જોઇએ. સલામતી-પરસ્ત આપણા પૂર્વજોએ શિખામણ દીધી કે 'आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि'–પત્ની અને ધનને પણ ગૌણ ગણીને જાતની રક્ષા કરવી જોઈએ.

એ જ જમાનાએ રાજાઓને કહ્યું હતું કે મૃગયા—શિકાર ખેલવા ઘોર જંગલમાં ન જવું જોઈએ. જ્યાં માર્ગો પણ સારા હોય એવાં કૃત્રિમ જંગલો બનાવી તેમાં જ એ મધુર વ્યાયામ કરવો જોઇએ. એ જ યુગે બ્રહ્મચારીઓને કહ્યું હતું કે ઝાડ પર ન ચડવું; પાણીમાં તરવું પણ નહિ. કન્યાના પિતાને કહ્યું હતું કે પોતાની પુત્રીને કોઇ શૂરવીર સાથે ન પરણાવવી જોઈએ.

નાનપણમાં અમને ટાઢે પાણીએ નહાવા પણ ન દેતા. રોજ માથે પાણી રેડીને નહાવાની પણ મનાઈ હતી. શિરસ્નાન નહિ પણ સ્કંધસ્નાનની જ રજા હતી. બેચાર દિવસ પછી શિરસ્નાનની છૂટ મળે.

મૅટ્રિક પાસ કરી જ્યારે હું કૉલેજમાં જવા નીકળ્યો ત્યારે માતાએ મને શિખામણ આપતાં કહ્યું, 'જ્યાં આપણું ઘર નથી કે કોઈ સગુંવહાલું નથી એવે ઠેકાણે જાય છે. તબિયત જાળવજે ને ટાઢે પાણીએ નહાતો નહિ.' મેં કહ્યું, 'નાનપણમાં કેટલી યે વાર નદીમાં નહાયો છું. ઉનાળા પછી વરસાદમાં નહાવાનું તો તમે જ કહ્યું હતું. હવે જ્યારે કૉલેજમાં જાઉં છું ત્યારે શિયાળા સિવાય હું તો ઠંડે પાણીએ જ નહાવાનો છું. વચન દઇને એ તોડવું મને સારું નથી લાગતું. પૂનામાં આવીને કોઈ જોવાનું નથી, એટલે પહેલેથી જ જણાવી દઉં છું કે હું તો ઠંડે પાણીએ જ નહાવાનો; એટલું જ નહિ પણ બની શકશે તો તરતાં યે શીખીશ.' માએ કહ્યું, 'સારું, ટાઢે પાણીએ નહાવાની રજા દઉં છું, પણ તરવાની વાત છોડી દે.' મેં કહ્યું, 'ખૂબ ધ્યાન રાખીશ, પણ તરતાં તો મારે શીખવું જ છે.'

ફર્ગ્યુસન કૉલેજ પાસે કાંઇ નદી નથી. અને રોજ કંઈ 'લકડી પૂલ' સુધી જઇને નહાવું કે તરવું સહેલું નહોતું. પણ રસ્તાની પેલી પાર અમારા પાટિલનો એક મોટો કૂવો હતો જેમાં તરવા માટે કેટલાક વિદ્યાર્થીઓ જતા. મેં જોયું કે કેટલાક એવા વિદ્યાર્થીઓ પણ હતા કે જેઓ જાણી જોઈને ઉપરથી એવી રીતે પડતા કે નવા શિખાઉઓ હેરાન થઈ જાય. થોડો પરિચય થયા પછી શિખાઉઓના ખભે પગ મૂકી તેને પાંચસાત ફૂટ પાણીમાં અંદર દબાવી દેતા, અને એ હાંફળો ફાંફળો પાણી ઉપર માથું કાઢી હજી તો શ્વાસ લે ન લે એટલામાં તો બીજો કોઈ તેની કાંધે સવાર થઈ ફરી તેને પાણીમાં દાબી દેતો. પછી ઉપર આવતાં તો એ એવો ગભરાઇ જતો કે ફરી કૂવે તરવાનો વિચાર જ એણે માંડી વાળવો પડતો.

કેટલાક વિદ્યાર્થીઓ તો એવી સફાઈથી તરતા અને એમની લાંબી ચોટલી પાણીમાં એવી લહેરાતી કે એને જોયા જ કરવામાં મઝા આવતી.

મેં વિચાર્યું કે કોઇ સજ્જન વિદ્યાર્થીને કહું કે મને તરતાં શીખવે, પણ મારી સાથે કોઇ તોફાન ન કરે. બધા તરનારાઓને મેં જોયા, પણ એવો કોઇ સજ્જન નજરે ન ચડયો કે જે મને મારી શરતે તરતાં શીખવે. મેં વિચાર કર્યો કે જો બુદ્ધ ભગવાન સ્વયં સંબુદ્ધ થયા તો હું યે કોઈને ગુરુ કર્યા વિના તરવાની કળા કેમ પ્રાપ્ત ન કરું?

નાનપણમાં મેં સાંભળેલું કે સાવંતવાડીના એક વિદ્યાર્થીએ તરવાની કળા પર પાંચદસ મરાઠી અંગ્રેજી ચોપડીઓ વાંચી કાઢેલી, અને એટલા જ્ઞાનને સહારે એક મોટા હોજમાં કૂદી પડયો! કહેવાની જરૂર નથી કે એ તરતાં તો ન શીખ્યો, પણ સારીપેઠે પાણી પીવાઇ ગયા બાદ કોઈએ દયા ખાઈને તેને બહાર કાઢેલો. મેં નિશ્ચય કર્યો કે આપણે કેવળ શાસ્ત્રપ્રવીણ બની આવી હિંમત નથી કરવી. મેં મારી પોતાની જ રીત ચલાવી.

જે વખતે કોઇ જ કૂવે નહાવા ન જતું એવે વખતે હું જઈને સીડીએથી કૂવામાં ઊતર્યો અને પાણીની સપાટી નજીક લોઢાની જે કડીઓ નાખેલી હતી તેને પકડી રાખી કૂવામાં પગ હલાવવા લાગ્યો: હાથમાં કડીઓ પકડી, શરીર દીવાલથી બની શકે તેટલું દૂર રાખી, પગ પાણીની ઉપર લાવવા લાગ્યો. હવે છાતી અંદર રાખી પાણીને હોઠ સુધી આવવા દેતો. આમ, પગ હલાવવાની યુક્તિ સિદ્ધ થયા બાદ લોઢાની કડીઓ છોડી હવે સીડીનો પથ્થર પકડીને તરવા લાગ્યો.

માણસ જ્યારે જમીન પર ચાલે છે ત્યારે શરીર ઊભું રાખીને ચાલે છે, અને શરીરનું ગુરુત્વમધ્યબિંદુ (centre of gravity) એ પગની વચ્ચે રાખે છે, એટલે એ પડતો નથી. હવાનો આ નિયમ પાણીમાં નથી ચાલતો. અને સાધકે તો પાણીમાં શરીર ઊભું રાખવું જોખમકારક જ છે. તરવાની કળા સિદ્ધ થયા પછી તો શરીરનો ઝુકાવ ઊભો હોય કે આડો, ગમે તેવો હોય, તોપણ પાણીમાં તરવું કઠણ નથી. પણ સાધકને માટે તો બચવાનો ઉપાય આડા રહેવામાં જ છે.

કિનારી પકડીને મેં આમ આ સાધના પૂરી કરી.

હવે હાથ છોડી દઈને તરવાનું બાકી રહ્યું. આને માટે લોકો મોટે ભાગે કોળાનું તૂમડું કે ટિનનો બંધ ડબ્બો કમ્મરે બાંધી તરવા લાગે છે, અને તરવું આવડી ગયા બાદ એ તારક વસ્તુનો ત્યાગ કરે છે. પણ તરતાં આવડયાની સાબિતિ શી? મારે ગુરુત્વ કરવું નહોતુ. જો તારક ચીજ છોડી દઉં ને ડૂબવા માંડું તો પછી શું કરું?

મને એક રસ્તો સૂઝયો. જેનાં બૂચ બને છે એ હલકા લાકડાના ટુકડા એક થેલીમાં નાખી તેને કમ્મરે બાંધી દઉં તો કામ ચાલી શકે. પણ એવા 'કૉર્ક' હું લાવું કયાંથી? ખૂબ મગજ કરયું. અંતે એક તરકીબ હાથ આવી. કૉલેજના વાનસ્પત્ય (અનુસંધાન પાછલા પાને)

★ નિબંધિકા ★ જેમાં બકુલ ત્રિપાઠી **આશીર્વાદ** આપે છે

ખરેખર, શું હું લોકોને આશીર્વાદ આપવા જેવડો વયોવૃદ્ધ થઈ ગયો છું? અત્યાર સુધી મારા અનેક મિત્રો પરણ્યા છે,—આ વર્ષે તો દર વખત કરતાં પણ વધારે મિત્રો પ્રભુતામાં પગલાં માંડી રહ્યા છે. સૌએ મને કંકોત્રીઓ મોકલી છે—કોકે તો બબ્બે, અને મેં બદલામાં એમને અભિનંદનો આપ્યાં છે, ભેટો આપી છે, ચાંલ્લા કર્યા છે, મિજબાનીઓ આપી છે. ઘણાને અભિનંદન મોકલવાં વિસરી ગયો છું ત્યારે 'મને કંકોત્રી મળી જ નથી ને, દોસ્ત! ટપાલની ગફલત.' એમ કહીને ટોલ્લે પણ ચડાવ્યા છે. પણ એકંદરે તો અત્યાર સુધી બધું સમેસૂતરું જ ચાલતું આવ્યું છે. ફક્ત આ વખતે જ એક મિત્રે મારા મનને હચમચાવી દેતી કંકોત્રી મોકલી. હમેશ મુજબ 'સુપુત્રના', 'ગોરજ સમયે', 'નિરધાર્યાં છે', એ બધાંની નીચે પેલા મિત્રે પોતાના હસ્તાક્ષરથી લખેલું(એના જ હસ્તાક્ષર છે, હું ઓળખું ને? બીજા કોઈના અક્ષર મારા અક્ષરની હરીફાઈ કરે એવા ગરબડિયા હોય જ નહિ ને!) એણે લખેલું કે તમે એટલે દૂરથી જાતે તો પધારવાના નથી જ એની ખાત્રી છે, તો આશીર્વાદ જરૂર મોકલી આપશો.

આશીર્વાદ આપવાના? અને તે મારે? કંકોત્રી વાંચીને તરત મેં અરીસામાં જોઈ લીધું: ના વાળ તો એક પણ ધોળો નથી થયો. મૅટ્રિકનું સર્ટિફિકેટ કાઢીને જોઈ લીધું: જન્મતારીખ તો એની એ જ હતી; ઈસુખ્રિસ્તની દિશામાં વીસ-પચ્ચીસ વર્ષ પાછળ નહોતી ખસી ગઈ. પટાવાળાને બોલાવીને પૂછી જોયું, 'ક્યા મૈં વયોવૃદ્ધ લાગતા હું?' પણ એ સમજ્યો નહિ એટલે એને મેં જવા દીધો.

રાત્રે સૂતો તો ય વિચારવમળમાં ગૂંચવાયા જ કર્યો. વહેલી સવારે સ્વપ્નું આવ્યું કે યમરાજા પાડા પર બેસીને મને બોલાવી રહ્યા હતા—જાણે લિફ્ટ આપવા ઉત્સુક કોઈ મોટરવાળો મિત્ર આમંત્રી રહ્યો હોય એમ. મેં કહ્યું. 'કેમ અત્યારથી?' તો કે' 'વખત થઈ ગયો; તૈયારી કરવા માંડજે.' 'પણ,' મેં કહ્યું, 'હજી તો પહેલી પચ્ચીસી...' તો કે', 'અરે મૂરખ, હજી ય ભ્રમમાં છે? લોકો તારા આશીર્વાદ માગતા થઈ ગયા તોય તને ભાન નથી આવતું? ચાલ...ચાલ.' મેં જાગીને બત્તી કરી. ટેબલ પર પડેલી કંકોત્રી જોઈ. એ જ ગરબડિયા અક્ષર, એ જ આશીર્વાદ મોકલી આપવાની આજ્ઞા!

આટલી જિંદગીમાં મેં કોઇને આશીર્વાદ આપ્યા નથી. કેટલાક નાનાઓએ મને પ્રણામ પણ કર્યા છે; અને પછી આશા રાખી છે કે હમણાં આશીર્વાદ વરસશે. પણ મેં કદી વરસાવ્યા નથી. તમે કહેશો, જે માણસ આશીર્વાદ પણ નથી આપી શકતો એને તે કંજૂસ કહેવો કે બીજું કંઈ? હું જાણું છું કે જગતમાં સૌથી સસ્તી ચીજ આશીર્વાદ છે. આપનારને ઝાઝી તકલીફ નથી, લેનારને એમાં કંઈ ગુમાવવાનું નથી, મેળવવાનું પણ નથી. આ બધું જ હું જાણું છું, અને એટલે જ હું આશીર્વાદ નથી આપતો.

કારણ આશીર્વાદ આપ્યાનો અર્થ શો છે? હું એ મિત્રની કંકોત્રી વાંચી મધુર મધુર આશીર્વચનો લખીને મોકલીશ એથી શું? અંતે તો જેનું બૅંકમાં બૅલૅન્સ નથી એવા માણસના ચેક જેવું જ એ છે ને? આશીર્વાદો ધ્યાનમાં લીધા વિના ઈશ્વર તો પોતાને ફાવે એમ જ કરે છે. વિનીતોનાં મેમોરન્ડમ વાંચ્યા વિના બાસ્કેટમાં પધરાવતા વાઈસરૉયની જેમ ભગવાન પણ આપણા આશીર્વાદો કાને ધરતો નથી. તો પછી ઠાલા આશીર્વાદ આપવા શા માટે? એક કવિએ કહ્યું છે 'નિર્જન રણવગડે અલી, વાદળી, જળ શાં ઢોળવાં અમથાં?, ...એવા હૈયાસૂનાં સમીપ વિતક શિદ ખોલવાં અમથાં?' એમ મને ય થાય છે કે શાને આશીર્વાદ વહેંચવા અમથા? ભગવાન આપણું સાંભળતો નથી તો પછી ખાલી આશીર્વાદ આપી એ અવગણવાનો દુષ્ટ આનંદ ભગવાનને શા માટે મળવા દેવો?

પણ એક રીતે લાગે છે કે આપણા આશીર્વાદો ફળતા નથી એ સારું જ છે. કારણ આ જિંદગીમાં શું આશીર્વાદ રૂપ છે ને શું શાપ રૂપ છે એ કોણ જાણે છે? મેઘદૂતના યક્ષને પડેલો શાપ પણ વિરહના એક નવલા અનુભવ રૂપે એને આશીર્વાદ સમાન નીવડ્યો; અને હાથ અડકાડતાં જડમાં ચેતન પ્રગટે એવું દમયંતીને મળેલું વરદાન એને વનમાં શાપરૂપ નીવડ્યું! આપણે જાણતા જ નથી કે જિંદગીમાં શું સારા માટે થાય છે ને શું ખોટા માટે. જાણવાનો દેખાવ કરીએ છીએ, પણ ખરેખર તો નથી જ જાણતા. એટલે આશીર્વાદ આપવામાં આપણે કોઇ ભયંકર જવાબદારી લઈ રહ્યા હોઇએ એમ લાગે છે. તમે તો બસ આરામથી કોઇ મહર્ષિની અદાથી આશીર્વાદ આપી દીધા. 'શતપુત્રવતી ભવ'! પણ એમાં બીજાઓની શી સ્થિતિ થશે એનો ખયાલ કર્યો છે? તમે તો આંખો મીંચીને આશીર્વાદ વરસાવી દીધા પણ આશીર્વાદ લેનારનું શું થશે એ વિચાર્યું છે?

એટલે, સાચું પૂછો તો, નિશ્ચિંત જીવે આપી શકાય એવા, અચૂક વરદાન રૂપ જ નીવડે એવા આશીર્વાદો શોધવા મુશ્કેલ છે. દાખલા તરીકે પેલું એક બીજું જાણીતું આશીર્વચન છે 'શતં જીવ શરદઃ'. એક નહિ બે નહિ, પચ્ચીસ નહિ પચ્ચાસ નહિ, પણ પૂરાં સો! એણે વીમો ઉતરાવ્યો હોય તો આવા આશીર્વાદને પરિણામે એને ઝાઝો નફો ય ના રહે! એ વાત જવા દઇએ. તોય તમને શી ખાતરી છે કે લાંબું આયુષ્ય હમેશાં સુખ જ આપે છે? કદી પૂરી જ ન થવાની હોય એવી હીંદી ફિલ્મોની જેમ અતિ લંબાએલી જિંદગી પણ ઘણીવાર કંટાળાજનક બની જાય છે. લાંબું જીવવાનો મોહ એ તો લોભી વૃત્તિનું પ્રતીક છે, આધ્યાત્મિક વૃત્તિનું નહિ. ટૂંકા પણ સુંદર સૉનેટ જેવા જીવનમાં જે મઝા છે તે માત્ર લાંબું જીવવા ખાતર જીવવામાં નથી. મારા એક વડીલ તંત્રીશ્રી કહે છે કે માસિક પત્રના સંપાદનની કલા એટલે કાતર ચલાવવાની કલા! કોઈ પણ લેખને, કાવ્યને, વાર્તાને ક્યાંથી ટૂંકાવવી, એનો વધારે પડતો નીરસ ભાગ કેમ કરીને કાઢી નાખવો એનું જ્ઞાન જેને હોય તે જ સાચો સંપાદક બની શકે,– અને લેખક પણ! એક શબ્દે એક ડૉલર–આપણે ત્યાં હજારેક શબ્દે આઠદસ આના કમાવા ખાતર લાંબું લખનાર જેમ લેખક નથી, તેમ માત્ર લાંબું જીવવાનો લોભ રાખનાર જીવનનો કલાકાર નથી, લાંબું જીવવાના આશીર્વાદો આપનાર સાચો જ્ઞાની નથી!

જેમ 'શતં જીવ શરદઃ'નો આશીર્વાદ આપતાં વિચારમાં પડી જવાય એવું છે, એવી રીતે 'શિવાસ્તે પંથાનઃ સન્તુ'નો આશીર્વાદ પણ કોઈને આપવો મને નથી ગમતો. 'શિવાસ્તે પંથાનઃ સન્તુ'—તારો માર્ગ સુખમય હજો—એ આશીર્વાદ સાસરે જતી શકુન્તલા જેવી કન્યાઓ માટે ઠીક છે. એવી કોઇ કન્યાઓ મારા આશીર્વાદ લેવા આવી નથી, પણ આવે તો હું કદાચ આપું ય ખરો. પણ યુવાનો માટે એ આશીર્વાદ આપવા (કે લેવા) હું જરા ય તૈયાર નથી. 'તમારો માર્ગ સુખમય હજો'—શા માટે ભાઈ? મને તો જ્યારે કોઇ મિત્ર

લખે છે કે 'ત્યાંથી નીકળીને નિરાંતે અહીં પહોંચી ગયો છું. ટ્રેનમાં સૂવાની જગ્યા મેળવી લીધી હતી, ત્યાંથી સૂનો ને છેક સવારે મુંબાઈ આવ્યું ત્યારે જ ખબર પડી, વગેરે વગેરે', ત્યારે રંજ થાય છે. એના કરતા મને એ વધુ ગમ્યું હોત કે એ અમદાવાદથી નડિયાદ સુધી પાટિયે લટક્યો હોત; નડિયાદથી આણંદ ડબ્બામાં ત્રિભંગી કરીને ઊભો રહ્યો હોત; આણંદથી વડોદરા સવાએ ચોરસ ઇંચની જગ્યામાં બેસવા પામ્યો હોત; અને આગળ આખી રાત બેઠે બેઠે જોડેનાના ખભા પર માથાં પછાડતાં પછાડતાં સૂવા મથ્યો હોત; કે ડબ્બામાં આસપાસ પથરાએલી ઊંઘવા મથતી, ઊંઘી રહેલી માનવસૃષ્ટિ, કોઈ સુંદર રાત્રિએ આવી આવીને સરી જતાં સ્વપ્નાં જેવાં સ્ટેશનો, ગાડીનાં પૈડાંનું અખંડ સંગીત—પૂલ આવતાં ધમધમ કરતું પડઘા પાડતું અને પછી પાછું એકદમ એના જૂના મંજુલ લયમાં સરી પડતું સંગીત, એન્જિનની વરાળથી બારીના કાચ પર જમેલાં પાણીનાં ટીપાં, એનાં પર બીજા કોઇ એન્જિનનો પ્રકાશ પડતાં ચમકી ઊઠતાં મોતી જેવાં એ બિન્દુઓનો ચળકાટ—એ બધાંનો મીઠો અનુભવ કરતાંકરતાં રાત વીતાવી, ઉજાગરાને લીધે ગુલાબી થએલી આંખે એ મુંબાઈના સ્ટેશને ઊતર્યો હોત તો એ મને વધુ ગમ્યું હોત. ભલે એની આ મુસાફરીને તમે કષ્ટમય કહો, ફરીથી એને એવું કષ્ટ ન પડે તે માટે ભલે તમે એને 'શિવાસ્તે પન્થાનઃ સન્તુ'ના આશીર્વાદો આપો, હું તો ન જ આપું, કે ન જ માગું. સાસરે જતી શકુન્તલાઓને ભલે એ આશીર્વાદ અપાતો; દુષ્યંતોને—કે અન્ય સમયે શકુન્તલાઓને પણ એ આશીર્વાદ ન અપાવા જોઇએ. સલામત, કષ્ટહીન મુસાફરી એ મુસાફરી જ નથી.

જોકે આ બધા તો થયા ગમે ત્યારે અપાય એવા આશીર્વાદો. પણ ખાસ લગ્ન વખતે જ વરરાજાને અપાય એવા આશીર્વાદો કયા? મેં આપ્યા નથી કે લીધા નથી, એટલે મને એમાંનો એકે યાદ નથી. એવા આશીર્વાદ લઇ ચૂકેલા બેચાર મિત્રોને પૂછ્યું તો એમનું કહેવું એમ છે કે 'તે વખતની વાત જ નિરાળી છે. કોણે શા આશીર્વાદ આપ્યા એ સાંભળવામાં દિલ હોતું જ નથી, તો પછી એ યાદ તો શાના જ રહ્યા હોય?' લ્યો જોયુંને? જેને આશીર્વાદો આપીએ છીએ એ તો સાંભળતા જ નથી, અને સાંભળે છે તો સંભારી શકતા નથી! એટલે હવે તો હું ખાસ ધ્યાન રાખીને, કોઈ વરકન્યા વડીલોને પગે લાગવા નીકળશે ત્યારે સાથે જઇને આશીર્વચન ગણગણતા વૃદ્ધોના શબ્દો સમજવા જરૂર પ્રયત્ન કરીશ. પણ અત્યારે તો મને એવા એકે આશીર્વાદની ખબર નથી કે જે હું પેલા મિત્રને મોકલી આપું.

પણ ત્યારે એ કોડીલા વરરાજાનું શું? મારા આશીર્વાદની કદાચ ચાતકને ડોળે એ રાહ જોઈ રહેશે, અને નહિ મળે ત્યારે ભાંગેલે હૈયે નિશ્વાસ નાખશે, એનો નિશ્વાસ સાંભળી નવવધૂનું હૈયું પણ નિશ્વાસ નાખશે, અને એ જોઇને વાલ્મીકિ જેવું કો'ક મને શાપ આપશે કે 'મા નિષાદ પ્રતિષ્ઠાં ત્વામાગમઃ શાશ્વતી સમાઃ ...'તો?

એ બીકે પણ હું એને આશીર્વાદ મોકલાવી દઉં છું કે, 'ઈશ્વર તને સદાય સમજ્યા વિના આશીર્વાદ આપ્યા કરવાની અને સાંભળ્યા વિના તે સ્વીકાર્યા કરવાની હિંમત આપો!'

મૅટ્રિક પછીનું માર્ગદર્શન

★ લેખક · પ્રો. સ. અ. રાનડે ★ ★ ★

બી.એસસી. કેમિસ્ટ્રી સાથે પાસ થએલા માટે

(૧) કેમિસ્ટ્રી લઇને બી.એસ.સી. પાસ થએલા વિદ્યાર્થીઓ માટે આગળ અભ્યાસમાં બી.એસસી.ટેક.નો બે વરસનો કોર્સ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઑવ ટેકનૉલૉજી–માટુંગા મુંબાઈ-૧૯માં કરાવાય છે. એવો જ વ્યાવહારિક(applied)રસાયનનો કોર્સ માટુંગાના વિક્ટોરિયા જ્યુબિલી ટેકનિકલ ઈન્સ્ટીટ્યૂટમાં છે. તે પણ બે વરસનો છે અને તેમાં ડિપ્લોમા મળે છે.

(૨) કાપડ-રસાયનશાસ્ત્ર (Textile Chemistry) માટેનો બે વરસનો ડિપ્લોમા કોર્સ કલાભુવન વડોદરામાં છે.

(૩) શ્યૂગર ટેકનૉલૉજી કાનપુરના પણ જુદાજુદા અભ્યાસક્રમો લઈ શકાય છે.

(૪) રંગવિષયક વિજ્ઞાન(paints & varnishes)નો ડિપ્લોમા બી.એસસી. માટે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં ઇન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજીમાં એક વર્ષનો કોર્સ છે. એ ઉપરાંત,

(૫) બી.એસ.સી. પછીના વિશેષ જ્ઞાનના કોર્સિઝ નીચેની સંસ્થાઓમાં છે: હિંદુ યુનિવર્સિટી–બનારસ; બટલર ટેકનૉલૉજિકલ ઇન્સ્ટીટ્યૂટ કાનપુર; કલકત્તા યુનિવર્સિટી તથા લક્ષ્મીનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઑવ ટેકનૉલૉજી કાનપુર.

(૬) ફલરક્ષણ (fruit preservation) માટે ૧૫ માસનો અભ્યાસક્રમ મ્હૈસુરમાં સેન્ટ્રલ ટેકનૉલૉજી રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં છે તે પણ વિચારમાં લેવા જેવો છે.


જંગલવિદ્યા (ફૉરેસ્ટ્રી)

એમાં વરિષ્ઠ (Superior) અને કનિષ્ઠ એવા બે વિભાગ પડે છે. વરિષ્ઠ જગ્યાઓ માટે હમેશાં પબ્લિક સર્વિસ કમિશનની સંમતિ મેળવવી પડે છે. જંગલખાતામાં વરિષ્ઠ જગ્યાઓ માટે પદાર્થ-વિજ્ઞાન અને રસાયનશાસ્ત્ર અથવા વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના વિષયો લઈને બી. એસસી.માં બીજા વર્ગમાં પાસ થએલાની પસંદગી થાય છે. એની ઉંમર ૨૩થી નાની હોવી જોઇએ; પસંદગી મળ્યા પછી છ માસ સુધી ઉમેદવારને પોતાના ખર્ચે ભણવું પડે છે. એમાં એનું વર્તન અને અભ્યાસ સારાં હોય તો બે વરસ વધુ શિક્ષણ માટે તેને દહેરાદૂન મોકલાય છે ને ત્યાં તેને માસિક ૧૦ રૂપિયાની શિષ્યવૃત્તિ અપાય છે. કૉલેજની ફી સરકાર જ આપે છે. આ અભ્યાસ પછી સાત વરસ સુધી નોકરી કરવાની સરકારની બંધણી સ્વીકારવી પડે છે. આમાં પગાર ૨૦૦-૨૫૦ મળે છે.

આવી જ કનિષ્ઠ નોકરીઓ (ranger) માટે વિદ્યાર્થી ઈન્ટર સાયન્સ થએલો અને ૧૮થી ૨૩ની ઉંમરનો હોવો જોઈએ. પસંદગી પછી ૩ માસ તેણે પોતઃને ખર્ચે ભણવાનું હોય છે. પછી બે વરસ સુધી માસિક ૭ રૂ.ની શિષ્યવૃત્તિ મળે છે અને ધારવાડ કૉલેજમાં બે વરસ સુધી ભણવું પડે છે. ત્યાર પછી ૮૦–૨૦૦ના પગારે તેને લેવામાં આવે છે. જંગલવિદ્યામાં પડનારનું ભવિષ્ય સારું છે.

બી. એ. થએલા માટે

બી.એ. થયા પછી તો બધાં જ સરકારી ખાતાંઓમાં નોકરી મળી શકે છે. આ અભ્યાસ દરમિયાન વિદ્યાર્થી સારી ટેવો પાડી તથા વાચન અને મનન વધારી પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરી ચિંતનશીલ બને, તો કોઈ પણ ખાતામાં તે આગળ આવી શકે. એટલા માટે જ અનેક વર્ષોથી ઇંગ્લંડની ઉચ્ચ પરીક્ષાઓમાં (અનુસંધાન પૃ. ૧૦૮મે)



ગંધ અને સ્વાદ

એ બે જ્ઞાન વળી આપણને આપણા જ્ઞાન-તંતુઓમાં થતા રાસાયનિક ફેરફારોથી મળે છે

'કાયાની કરામત'ની લોકપ્રિય થએલી લેખમાળાનો ૩૦મો મણકો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ગંધ અને સ્વાદનું જ્ઞાન આપનારા જ્ઞાનતંતુઓ જુદાંજુદા છે, અને મગજમાં તેનાં સ્થાન પણ જુદાંજુદાં છે; છતાં એ બંને એકબીજા સાથે એવી અદ્ભુતરીતે જોડાયા છે કે સ્વાદનું જ્ઞાન મોટાભાગે ગંધ દ્વારા જ થાય છે. દાખલા તરીકે છોલેલી નારંગીની ખટમધુરી વાસ આવતાં જ આપણા મોંમાં પાણી છૂટે છે. તે કેમ બને છે તે સામેના ચિત્રમાં બતાવ્યું છે. નારંગીની વાસના સૂક્ષ્મ વાયુરૂપ અદૃશ્ય કણો નાક દ્વારા તેના ટોચ ભાગે આવેલા ગંધધારકોને સ્પર્શે છે અને તેમાંથી નીકળતા શ્લેષ્મમાં ભળી ત્યાંના ઘ્રાણતંતુઓને ઉત્તેજે છે. એથી શરૂ થએલો તંતુપ્રવાહ મગજના ઘ્રાણકેન્દ્રમાં જઈ આપણને ગંધનું જ્ઞાન કરાવે છે. તેની સાથોસાથ એ તંતુપ્રવાહ ફંટાઈને સ્વાદકેન્દ્રમાં પણ જાય છે, જ્યાંથી તેના ખબર આપણા મોંમાંની પાચનગ્રંથીઓને પહોંચે છે એટલે તે ઉત્તેજાઈ મોંમાં પાણી છૂટે છે. તંતુપ્રવાહનો એ માર્ગ આ ચિત્રમાં તીરની નિશાનીઓ વડે દર્શાવ્યો છે.

જોવાનું અને સાંભળવાનું જ્ઞાન પ્રકાશનાં ને અવાજનાં મોજાંને લીધે થાય છે એ આપણે જોઇ ગયા. જ્યારે ગંધ ને સ્વાદનું જ્ઞાન નાક અને જીભમાં આવેલા જ્ઞાનતંતુઓના છેડાઓ રાસાયણિક ફેરફારોથી ઉત્તેજના પામતાં થાય છે. આમાં નાક અને જીભ ભીનાં હોય તો જ એ શક્ય બને છે. આથી એ રાસાયણિક જ્ઞાન કહેવાય.

ગંધ ને સ્વાદનું જ્ઞાન આપનારા જ્ઞાનતંતુઓ તથા મગજમાંનાં કેન્દ્રો જુદાંજુદાં છે, પણ બીજાં બધાં જ્ઞાન કરતાં આ જ્ઞાન એક-બીજામાં એવાં તો સેળભેળ થઇ જાય છે કે મોટા ભાગે સ્વાદનું જ્ઞાન ગંધ દ્વારા જ ઉત્પન્ન થતું હોય છે, પણ આપણને તેની ખબર પડતી નથી. આવું સંયુક્ત જ્ઞાન સહેતુક પણ છે. એક તો ખોરાકની સોડમ-થી હોજરીમાં પાચનરસ છૂટે છે, જેથી ખોરાક જલદીથી પચે છે; અને વાસી, ઊતરી ગએલા કે ન ખાવા જેવા ખોરાકની વાસથી આપણે તેને મોંમાં મૂકતાં ખમચાઇએ છીએ.

ગંધ અને સ્વાદનું જ્ઞાન જ્ઞાનતંતુઓના છેડાઓ પર અદૃશ્ય એવા સુગંધિત દ્રવ્યના સૂક્ષ્મ કણોના આઘાત (impact-bombard-ment)ને લીધે જ ઉપજે છે. એટલે એક રીતે એમ લાગે કે એ તો સ્પર્શથી નિપજતું જ્ઞાન હશે. પણ આ સ્પર્શજન્ય જ્ઞાન એવું તો અતિ-સૂક્ષ્મદર્શી છે કે જે અવયવો ભીનાં (mosit) હોય ત્યારે જ એના ઉપર થતી પરમાણુઓની રાસાયણિક ક્રિયાઓ ઉપર અવલંબે છે.


નાકના છેક ઉપલા ભાગમાં, શ્વાસોચ્છ્વાસના માર્ગની પણ ઉપર ગંધધારકો (olfactory receptors) આવેલા છે. ત્યાં એક ખાસ જાતની આંતરત્વચાનું પડ છે. એમાંની શ્લેષ્મ-ગ્રંથીઓમાંથી શ્લેષ્મ (mucus) સ્રવે છે, ને તેમાં જ મગજમાંથી સીધા આવતા ઘ્રાણ-તંતુ (olfactory nerves)ના બારીક છેડાઓ શાખા પ્રશાખાઓમાં વિસ્તરી પથરાએલા છે.

ગંધવાળી ચીજોમાંથી જે અદૃશ્ય અતિ સૂક્ષ્મ વાયુરૂપ કણો નીક-ળતા હોય છે તે પ્રથમ તો આ શ્લેષ્મમાં આવી ભળે છે ને ત્યાંથી તે ઘ્રાણતંતુના છેડાઓ ઉપર જાય છે. એથી ઘ્રાણતંતુઓ ઉત્તેજના પામે છે ને તેને લીધે શરૂ થએલો તંતુપ્રવાહ (nervous impulse) મગજમાં આવેલા ઘ્રાણકેન્દ્ર (smell or olfactory centre)માં જઇને આપણને ગંધનું જ્ઞાન કરાવે છે. નાકમાંના એ ગંધધારકો એટલા બધા તો નાજુક અને પટુકરણ (sensitive) છે કે સુખડ યા અંબર જેવાની મંદ ને સૂક્ષ્મ ગંધ પણ તે તરત પકડી લે છે; અને કો'ક ઉગ્ર વાસની રાસાયણિક અસર એમના પર ઉપજતાં ત્યાં બળતરા કે ચરચરવાની વેદના થાય છે.

ઉપરાઉપરી ખેંચીને શ્વાસ લેવાથી ગંધની માત્રા વધારે અનુ-ભવાય છે, કારણ કે એથી હવામાં ભળેલાં ગંધના વાયુરૂપ રાસાયણિક અણુઓ સીધા છેક ગંધ-ધારકો સુધી પહોંચે છે, જ્યારે સામાન્ય શ્વાસ લેતી વખતે તો ફેફસાંમાં જતી હવામાંથી જે કંઇ થોડા અણુઓ ત્યાં જઇ અસર ઉપજાવે તે પર આધાર રહે છે. આ પરથી સમજાશે કે સુગંધિત દ્રવ્યે વાયુરૂપે નાકમાં જવું જોઈએ. વળી મોં બંધ રાખી શ્વાસ લેવાની ક્રિયા કરવાથી ગંધનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. આમ હોવાથી આપણે ગંધ લેવાની શક્તિ ઉપર કાબૂ પણ રાખી શકીએ છીએ. શ્વાસ લેવાનું બંધ રાખીએ તો ગંધનું જ્ઞાન આપણે રોકી શકીએ છીએ. દુર્ગંધભર્યા સ્થળે આપણે જોસથી નાક દબાવી શ્વાસ નથી થંભાવતા ?

રાસાયણિક ક્રિયાઓથી પેદા થતું આ ગંધજ્ઞાન અતિ ગૂઢ છે. એના સંબંધો વિગત વાર જાણી શકાયા નથી. પણ એટલું તો જણાયું છે કે ઘ્રાણેન્દ્રિય જલ્દી થાકી જાય છે. એક ગંધ સતત લીધા કરવાથી થોડી મિનિટોમાં તે ગંધ પારખવાની આપણી શક્તિ નાશ પામે છે. પણ આ દરમિયાન જો બીજી ગંધ લેવામાં આવે તો તેનું જ્ઞાન થવામાં કશો વાંધો પણ નથી આવતો.

આપણને જ્યારે શરદી થઈ હોય છે ત્યારે ઘ્રાણશક્તિ થોડા-વત્તા અંશે નાશ પામ્યાનું અનુભવાય છે, કેમકે એ વખતે આંતર-ત્વચાને સોજો આવવાથી શ્લેષ્મનો સ્રાવ ઓછો કે તદ્દન બંધ થઈ





બાજુની આકૃતિમાં જીભના કયા ભાગ પર કેવો સ્વાદ પરખાય છે તે દર્શાવવા સાથે મગજમાંના સ્વાદકેન્દ્રનું અને જીભનું સ્વાદતંતુઓ દ્વારા થતું જોડાણ દર્શાવ્યું છે. આપણી જીભ ઉપર ઝીણાઝીણા માંસાંકુરો હોય છે જેને લીધે તે ખરબચડી લાગે છે. એ માંસાંકુરોમાં આપણને સ્વાદનું ભાન કરાવનારી સ્વાદકલિકાઓ આવેલી છે. તેમાંની એકને ખૂબ મોટી કરીને મથાળાના ચિત્રમાં દર્શાવી છે. સ્વાદકલિકામાં લોહીની ઝીણી શિરાઓની સાથોસાથ જ્ઞાનતંતુઓ પણ જોડાએલા હોય છે, જેના બીજા છેડા મગજ સાથે જોડાએલા હોય છે. એટલે અહીં વસ્તુનો સ્પર્શ થતાં જ તેના સ્વાદનો સંદેશો મગજના સ્વાદકેન્દ્રને પહોંચે છે, અને આમ આપણને સ્વાદનું જ્ઞાન થાય છે.

જાય છે. અને વાયુરૂપ સુગંધિત અણુઓ શ્લેષ્મમાં ભળ્યા વગર તો ઘ્રાણતંતુઓ સુધી ન જઈ શકતા હોવાથી આપણી વાસશક્તિ કાં તો મંદ બને છે કે કામચલાઉ નાશ પામે છે. એ જ રીતે ગંધ-ધારકો ઉપર કોકેન લગાવવાથી પણ ગંધશક્તિ કામચલાઉ નાશ પામે છે. વળી સુગંધિત દ્રવ્ય જો વાયુરૂપે હોય તો જ તેની વાસ આવે છે; એટલે સુવાસિત પદાર્થનું પ્રવાહી નાકમાં ભર્યું હોય તો તેની વાસ ન આવે.

ગંધોનું વર્ગીકરણ સંતોષકારક તો નથી, પણ મહાભારતના શાંતિપર્વમાં નવ પ્રકારની ગંધ વર્ણવેલી છે: (૧) ઇષ્ટ ગંધ (કસ્તુરી વગેરેની), (૨) અનિષ્ટ ગંધ (મડદું, છાણ, મૂતર, કહોવાટ વગેરેની), (૩) મધુર ગંધ (પુષ્પો આદિની), (૪) મરચાં વગેરેની કટુ ગંધ, (૫) કપુર, તેજાના, લીંબુ, સંત્રાં, હીંગ આદિની નિર્હારી ગંધ, (૬) સંહત ગંધ (એકઠા ખાંડેલા પદાર્થોની ગંધ), (૭) તાજું ઘી, વર્ષાદના ફોરાંથી ઉપજતી પૃથ્વીની ફોરમ આદિની સ્નિગ્ધ ગધ, (૮) રુક્ષ ગંધ (સરસવના તેલ જેવી) અને (૯) વિશદ ગંધ, જે બાસમતી પંખાળી વગેરે કમોદના ચોખા રંધાતા હોય ત્યારે પ્રગટે છે. આ ઉપરાંત દસમી ગંધ બળતા પદાર્થોની–જેવા કે લાકડું, તમાકુ, કાગળ, કોલસા, રબર વગેરેની છે. આથી યે થોડા વધુ પ્રકારની ગંધ હશે. વળી જેટલા પ્રકારની ગંધ હોય છે તેટલી જાતના ગંધધારકો પણ હોવાનું જણાય છે.

આ ગંધધારકોની વિચિત્રતા તો એ છે કે તે ગમે તે પ્રકારની વાસથી તરત ટેવાઇ જાયછે. એક વાર દુર્ગંધથી પણ ટેવાઇ ગયા પછી તે તરત પારખી પણ શકાતી નથી. આથી જ સુઘરાઈના સફાઈકામદારો માથું ફાડી નાખે એવા ગંદવાડમાં પણ આયાસથી કામ કરી શકે છે.

આ હકીકત અંગે લખતાં ડૉ. મેરી સ્ટોપ્સનું કથન એ છે કે મોટરોના એક્ઝૉસ્ટ (Exhaust) વાલ્વમાંથી નીકળતા ઝેરી વાયુઓ ભરેલી શહેરોની દૂષિત હવાથી શહેરીની ઘ્રાણશક્તિ એવી તો બુઠ્ઠી છે કે શરીર માટે નુકસાનકારક એવા દુર્ગંધ ભરેલા વાયુઓની જરા ખબર પડયા વગર તેઓ નિરાંતે હવાના ઘૂંટડા ભરે છે. મોટરના વાયુ નાનાં છોકરાં માટે તો બહુ ખરાબ છે. રસ્તે ચાલતાં બાળકોના લગભગ નાક જેટલી જ ઉંચાઇએ આવેલા મોટરોના એક્ઝૉસ્ટ પમ્પમાંથી નીકળતા વાયુઓથી એમની ઘ્રાણશક્તિ મંદ કે નાશ પામે છે. આમ થતાં એક તો દુર્ગંધની જાણ કરી સચેત બનાવનાર જીવનપર્યંતનો એક અડીખમ રખેવાળ અને બીજું ઘર ને વૃક્ષોની મધુર ગંધથી પ્રાપ્ત થતો અપ્રાપ્ય એવો આનંદ, સદાને માટે તેઓ ગુમાવે છે.

માનવીએ ટટ્ટાર ચાલવા માડયું ત્યારથી એની ઘ્રાણશક્તિ ક્ષીણ થવા માંડી છે, ને આંખકાનનો વપરાશ વધુ થવા માંડયો છે. સભ્ય માનવી કરતાં જંગલવાસીની ઘ્રાણશક્તિ તીવ્ર હોય છે. આજની સભ્ય પ્રજાઓમાં એકલા જાપાનીઓ જ આ શક્તિને કેળવી રહ્યા છે. અંધ માણસો સ્પર્શ પછી બીજે નંબરે ઘ્રાણશક્તિનો વધારે ઉપયોગ કરે છે.

ઢોર, હરણ, કૂતરાં, મધમાખ, કીડી વગેરે જીવ-જંતુઓની ઘ્રાણેન્દ્રિય તો અતિ તીવ્ર હોય છે. વિવિધ પ્રાણીઓની ગંધશક્તિઓમાં પણ ફેર હોય છે. હિંસક પશુઓ પોતાના ખાદ્યને તથા શિકારને વાસથી ચોક્કસરીતે પારખી અને શોધી શકે છે, પણ તેમને ફૂલછોડની વાસનું સહેજસાજ જ જ્ઞાન થાય છે. જ્યારે ઘાસ ખાનારાં પ્રાણીઓ ફક્ત વનસ્પતિની વાસ ગ્રહણ કરવાની શક્તિમાં એક્કા હોય છે. વાસ ગ્રહણ કરવાની પ્રાણીઓની શક્તિની તીવ્રતાની સરખામણીમાં તો માનવી બહુ ઊતરતો છે, પણ વૈવિધ્યની દૃષ્ટિએ જુદીજુદી જાતની વાસ ગ્રહણ કરવાની તેની શક્તિ વિસ્તૃત છે. પ્રાણીઓમાં ઘ્રાણેન્દ્રિય માત્ર આહારોપાદાનનું મુખ્ય અંગ છે, જ્યારે માનવીમાં તેનો ઉપયોગ આનંદ-આહ્‌લાદ મેળવવા માટે પણ છે. આ બાબતમાં તેની ગંધશક્તિની નાજુકતા એટલી બધી છે કે એક ગ્રેન કસ્તુરીના લાખ

અગજમાં ભાગ જેટલાની પણ વાસ તેને જલદી આવે છે.

ઘ્રાણેન્દ્રિયની તીવ્રતામાં કૂતરાં કદાચ મોખરે છે. કૂતરાંની આંખોનો ઉપયોગ આસાનીથી ચાલવા માટે છે, પણ દુનિયાનું બીજું બધું જ્ઞાન તે નાક વાટે જ મેળવે છે. વિજ્ઞાની જી. જે. રોમાનિસના પ્રયોગો દ્વારા જાણવા મળ્યું છે કે અગિયાર માણસોનાં પગલાં નીચે દબાએલાં પોતાના માલિકનાં પગલાંની શોધ કૂતરાં પોતાની ગંધ પારખવાની શક્તિવતી કરી શકે છે.

રંગ અને અવાજ કરતાં પણ ગંધ સ્મૃતિને સતેજ કરવામાં વધુ શક્તિશાળી છે. વળી તે (ખાસ કરી પશુઓમાં) કામોદ્દીપનમાં પણ અગત્યનો ભાગ ભજવે છે. આથી જ ભગવાન બુદ્ધે ભિખ્ખુઓને પ્રબોધ્યું છે કે 'જુવાનો, સ્ત્રીની સુગંધ પુરુષના હૃદયને કબજે કરે છે.'

સુગંધથી મન આહ્લાદિત થાય છે જ્યારે દુર્ગંધ ઊબકાની, અંધારાં આવવાં, ઉબકા-ઉલટી થવાં વગેરે પીડાકારક ચિહ્નો ઉપજાવે છે. જુદીજુદી ગંધોથી ઉપજતી વિવિધ અસરોના તફાવતનું કારણ શોધાયું તો નથી, પણ આટલું તો ચોક્કસ કે સારી યા ખરાબ વાસ એ સાપેક્ષ ખયાલ છે. કેટલી યે મધુર વાસ ઘણાને અસહ્ય થઇ પડે છે. એક જ સુગંધિત પદાર્થમાંથી આવતી વાસ જુદાજુદા માણસો નોખીનોખી-રીતે વર્ણવે છે. માણસો જેમ રંગ-અંધ હોય છે તેમ કેટલાક માણસો કેટલીક ગંધ પણ પારખી શકતા નથી. જેમ માણસે માણસે દૃષ્ટિની તીવ્રતામાં ભેદ હોય છે તેમ ગંધના જ્ઞાનનું પણ છે. જેમ કેટલાક માણસોના કાન સંગીત અપનાવી શકતા નથી તેમ કેટલાકને ગંધની અસરની બૂજ ન હોવાથી ગંધ વિષે તેમનો રસ પણ નહિવત્ હોય છે.

સ્વાદ

ગંધની જેમ સ્વાદનું કોઈ એક નિશ્ચિત સ્થાન નથી, પણ જીભ ઉપરાંત તે તાળવું, પડજીભ, કાકડા ને ગળાના પાછલા ભાગમાં પણ આવેલું છે. આ બધા ભાગોમાં સ્વાદનું જ્ઞાન સ્વાદતંતુ (gustatory nerve) દ્વારા નહિ પણ જ્ઞાનતંતુ (glosso pharynged) દ્વારા થાય છે. સ્વાદનું જ્ઞાન જીભના ઉપલા ભાગમાં ને તેમાં યે ખાસ કરી તેની ધાર અને ટેરવા પર થાય છે; વચલા ભાગમાં તે મંદ હોય છે.

સ્વાદનું જ્ઞાન આપનારી સ્વાદકલિકાઓ (taste buds) જીભની ધારો, ટેરવા અને પાછલા ભાગ ઉપર પથરાએલી છે. શંકુ આકારના—બહુકે ત્રાકાકારી કોષોની બનેલી આ સ્વાદકલિકાઓનો સમૂહ બીડાએલી પાંખડીઓવાળી કળી જેવો આકાર ધારણ કરી હારબંધ ગોઠવાએલો હોય છે. એની નીચે અડીને સ્વાદતંતુના સૂક્ષ્મ છેડાઓ આવેલા હોય છે. સ્વાદકલિકાના એ બારીક છેડાઓ સ્વાદિષ્ટ પદાર્થના મિશ્રણમાં તરબોળ થવાથી તેમને તળિયે આવેલા સ્વાદતંતુઓ ઉત્તેજાય છે, જેના પરિણામે મગજમાં આવેલા સ્વાદકેન્દ્ર (taste centre)માં સંવેદના પ્રગટે છે અને આપણને સ્વાદનો બોધ આપે છે. ખાદ્ય પદાર્થોની જુદીજુદી જાતો પ્રમાણે સ્વાદતંતુઓમાં વિવિધ પ્રકારની ઉત્તેજનાઓ થાય છે અને તેને પરિણામે સ્વાદકેન્દ્રમાં અનેકાનેક સ્વાદોનું જ્ઞાન થાય છે.

સ્વાદ તો ઘણા પ્રકારના છે, પણ એના મુખ્ય પ્રકાર ચાર છે: (૧) ખારો, (૨) ખાટો, (૩) મીઠો અને (૪) કડવો. આયુર્વેદ પ્રમાણે આમાં બે વધુ પ્રકાર છે: (૫) તૂરો અને (૬) તીખો.

આ દરેક સ્વાદ માટે નિરનિરાળી સ્વાદકલિકાઓ છે. બધી જાતની સ્વાદકલિકાઓ જીભ ઉપર બધે પથરાએલી નથી, પણ વિશિષ્ટ વિશિષ્ટ પ્રકારની સ્વાદકલિકાઓ જુદાંજુદાં ચોક્કસ સ્થાનો ઉપર ગોઠવાએલી છે. પરિણામે, મીઠો અને ખારો સ્વાદ જીભના ટેરવા ઉપર, ખાટો સ્વાદ બાજુની ધારો ઉપર અને કડવો સ્વાદ જીભના પાછલા ભાગમાં પરખાય છે. છ મુખ્ય સ્વાદોની ભેળસેળથી બીજા સ્વાદો પણ પેદા થાય છે. આમાં ઠંડુ-ગરમ ખાદ્ય અને ચાવતાં ઉપજતી ખોરાકની સોડમ પણ અગત્યનો ભાગ ભજવે છે.

સ્વાદ-જ્ઞાન થવા માટે આટલી બાબતો જરૂરી છે: (૧) જ્ઞાનતંતુ અને જ્ઞાનકેન્દ્ર; (૨) પ્રવાહીરૂપમાં સ્વાદિષ્ટ પદાર્થ; (૩) મોઢાનું ૯૮થી ૧૦૦ અંશ જેટલું ઉષ્ણુમાન અને (૪) ગંધ-ધારકોના સ્થાનની જેમ જીભ ઉપર ભિનાશ. આ ઉપરથી સમજાશે કે સ્વાદ મેળવવા માટે ખાદ્ય પદાર્થ પ્રવાહીરૂપમાં કે જીભની ભિનાશમાં ભળે એવા રૂપનો હોવો જોઇએ. અદ્રાવ્ય (કઠણ) પદાર્થ સ્વાદ વગરનો લાગવાનું ને તાવ કે બીજા રોગોમાં જ્યારે જીભ-મોં સુકાતાં હોય ત્યારે સ્વાદિષ્ટ પ્રવાહી પદાર્થો પણ ફિક્કા લાગવાનું કારણ આથી સમજાશે.

ખોરાક ચાવતી વખતે નીકળતી ગંધ જીભના પાછલા ભાગમાં થઈ, નાકમાં ઊંચે ચડી, ગંધ-ધારકોમાં પહોંચવાથી ખોરાકનું સ્વાદ સાથે ગંધ જ્ઞાન પણ થાય છે. સ્વાદમાં ગંધ મોટો અને મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણને જ્યારે શરદી થઈ હોય ત્યારે રસોઇનો સ્વાદ વર્તાતો નથી. આ દશામાં ઘડીભર માટે સ્વાદની મજા માણવી હોય તો મોંમાં કોળિયો રાખી નાક નસકોરવાની ક્રિયા કરી મોંમાંથી ઊંચો ઝડપી શ્વાસ ખેંચવો જોઇએ. આથી થોડીક જ વાર માટે ગંધ આવશે; કારણકે વળી પાછા ઘ્રાણતંતુઓ શ્લેષ્મથી ઢંકાઈ જશે.

સ્વાદ ઉપરાંત જીભ દ્વારા ગરમી, ઠંડી, દરદ ને દબાણનું (અને આ રીતે પદાર્થના કદનું) પણ જ્ઞાન થાય છે. આ જ્ઞાન જીભના ટેરવા અને બાજુની ધારો ઉપરની સ્વાદકલિકાઓના ચોક્કસ અને અતિનાજુક દબાણના જ્ઞાનને આભારી છે. જીભનું આ દબાણનું જ્ઞાન કદાચ નાશ પામે તોપણ સ્વાદનું જ્ઞાન તો કાયમ રહે છે; ને આથી ઊલટું પણ બનવા સંભવ છે. એક જ માંસાંકુર (સ્વાદકલિકા એ માંસાંકુર papillœ છે) અને એક જ જ્ઞાનતંતુથી નિપજતા આ પ્રકારના જ્ઞાન માટે કરામત એ છે કે સ્વાદતંતુની સાથોસાથ જ દબાણનું જ્ઞાન પ્રગટાવનારા તંતુના તાંતણાઓ પણ રહેલા છે. ઘ્રાણતંતુમાં પણ આવી ગોઠવણ છે. એમાં આવેલા બીજી જાતના જ્ઞાનતંતુ તાંતણાઓ (nerne fibers) ગરમી ઠંડી; સળવળાટ, દરદ, દબાણ કે ભારનું જ્ઞાન નાકમાં પ્રગટાવે છે.

આ ઉપરાંત આપણી જીભ બોલવાની, ચાવવાની, ગળે ઉતારવાની અને ચૂસવાની ક્રિયાઓ પણ કરે છે જે સ્વાદતંતુ ઉપરાંત બીજા જ્ઞાનતંતુની ક્રિયાને આભારી છે.

દુર્ગંધ અને અપથ્ય ખોરાકથી આપણને ચેતવનાર ગંધ અને સ્વાદની જ્ઞાનેન્દ્રિયો આપણા શરીરનું જીવનપર્યંતનું અડીખમ રખોપું કરે છે. જોકે આ બન્ને જ્ઞાનેન્દ્રિયોનો ઉપયોગ આપણે મોટા ભાગે ખાવાના કામ પૂરતો જ કરીએ છીએ. પરંતુ ગંધજ્ઞાનવતી ધરતી અને પુષ્પોની નિરંતર પસરતી ફોરમ તથા એવી બીજી અનેક મધુર ફોરમો પણ-આપણને નિરંતરનો આનંદ અને આહ્લાદ આપે એમ છે.

(હવે પછી 'સ્પર્શ અને વેદના')

પ્રો. મધુસૂદને શું જોયું? (અનુસંધાન પૃ. ૮૬થી)

એ પછીનું દૃશ્ય જંગલનું હતું. એમાંનાં વૃક્ષો ઘેરાવામાં મોટાં અને ઊંચાઈમાં તદ્દન નાનાં હતાં. ડાળીઓને ઠેકાણે એમને વિશાળ ભુજાઓ હતી. અરધો ડઝન જેટલી વ્યક્તિઓ સાવધાનીપૂર્વક આ જંગલમાં કશાક શિકાર માટે આગળ વધી રહી હતી. કેટલાક વૃક્ષોની ભુજાઓ એમની તરફ લંબાતી, પરંતુ એમનો સ્પર્શ થતાં જ પાછી ખેંચાઈ જતી. કેમ જાણે કશી ચોટ લાગી ન હોય! જ્યારેજ્યારે કોઈ વૃક્ષભુજા કોઈ વ્યક્તિના બખ્તરને અડતી કે એક ઝબકારો થઇને ત્યાં જ્વાળા પ્રગટી ઊઠતી.

એકાએક જંગલનાં કાળા ઓછાયા પાછળથી એક સફેદ આકૃતિ દૃશ્યમાન થઈ અને જબરા વેગે પ્રવેશનારાઓ સામે ધસી. પરંતુ એની એ વેગીલી દોડની વચ્ચે જ સામેથી છ ઝબકારા થયા અને તે જમીન પર લથડી પડી. છએ જણે શિકારનાં જુદાંજુદાં અંગ કાઢી લઇ બાકીનું મુડદું ત્યાં જ રહેવા દીધું અને ઝડપભેર પાછા ફર્યા.

અને ત્યાં એક અજબ બનાવ બન્યો. એ મુડદાની નજીક પોતાની ભુજાઓ સંકેલીને ઊભેલાં વૃક્ષોએ પેલા છ શિકારીઓએ પીઠ ફેરવતાં જ પોતાની ભુજાઓ લંબાવી અને પોતપોતાની દિશામાં એ મુડદાને ખેંચવા માંડ્યું. એમાંનો એકાદ ટુકડો ખેંચાઇને છૂટો પડતો કે એ ટુકડો ઝડપનાર ભુજા ઊંચી લંબાઇને થડમાં એ હોમી દેતી. થડ અંદરથી પોલાં હોય એમ આ પરથી લાગતું.

હવે આ બંને પ્રેક્ષકો પડદા પરના ચિત્રમાં દેખાતાં પ્રાણીઓનો કંઈક વધુ પરિચય મેળવી શક્યા હતા. પડદા પર એક ચહેરો દેખાયો. એનો દેખાવ અને એની લાક્ષણિકતા કીડી જેવાં હતા. પરંતુ એનાં વિશાલ નેત્રોમાં બુદ્ધિપ્રભા ચમકતી હતી અને એની ખોપરીનો ઘેરાવો પણ અસામાન્ય મગજશક્તિ સૂચવતો હતો. પરંતુ અસામાન્ય બુદ્ધિપ્રતિભા સૂચવવા છતાં એ ચહેરો રાક્ષસી હતો.

ચહેરો ધીમેધીમે દૂર હટતો નાનો દેખાવા લાગ્યો અને આખું શરીર દૃશ્યમાન થયું. કીડી જેવું જ એનું શરીર હતું અને બે હાથ તથા બે પગ ઉપરાંત બે લમણાં પર બે સ્પર્શતંતુઓ હતાં. શરીર પાતળું છતાં ગજબનું સામર્થ્ય ધરાવતું લાગ્યું. ધીમેધીમે એ દૃશ્યમાન પ્રાણીનું શરીર પણ નાનું ને નાનું દેખાવા લાગ્યું અને એ જે ખંડમાં હતું એ ખંડનો અંદરનો ભાગ દેખાવા લાગ્યો. ઘરના કરતાં એકાદ વિશાળ મ્યૂઝિયમ જેવો એનો દેખાવ હતો.

ખંડમાં તરેહ તરેહનાં યાંત્રિક સાધનો ગોઠવેલાં હતાં જેમાં વીજળિક સાધનો તરત પરખાઇ આવતાં હતાં. ખંડના છેડે એક મોટી ટીપાઇ પર એક 'ઑસીલોગ્રાફ ટ્યૂબ' જેવી દેખાતી નળી તારનાં ગૂંચળાં તથા બીજાં ન પારખી શકાય તેવી સામગ્રી સાથે પડી હતી.

એક જબરી કીડી—એ પ્રાણીને એ સિવાય બીજું નામ આપી ન શકાય—એ નળી પાસે પહોંચી અને તેનો છેડો સહેજ નમાવ્યો. ત્યાર પછી તે ખંડના બીજા છેડે પહોંચી, ને ત્યાં પડેલા ધાતુના એક વિશાળ ગોળા પાસે ઊભી રહી. ગોળાને એક બાજુ કૅમેરાના જેવું 'શટર' હતું. દરમિયાન, એનાથી કંઈક નાની બીજી બે કીડી આવી પહોંચી, જેમાંની એકના હાથમાં એક પાંજરું હતું. પાંજરામાં પૂરાએલું પ્રાણી પ્રોફેસર અને શશીવદન બંનેને અત્યંત પરિચિત લાગ્યું. પાંજરું ઉઘાડતાં જ એમાંથી એક માનવ પ્રાણી કૂદીને બહાર આવ્યું. આ કીડીઓની સરખામણીમાં તો તેનું કદ તદ્દન વામણું લાગતું હતું. આ માનવપ્રાણી બેબાકળું આમતેમ જોઇ રહ્યું હતું એ દરમિયાન પેલી કીડીઓ પેલા ગોળાની પાછળ ગોઠવાઇ ગઇ. ગોળામાંથી એક સફેદ રશ્મિસમૂહ નીકળીને રસ્તા પડતો જઇ બરાબર પેલા માનવપ્રાણી સામે જેવો ફેંકાયો કે તરત તે ધુમાડાના એક ગોટામાં અદૃશ્ય થઈ ગયું...

અને પડદો પણ એકાએક અંધારો બની ગયો.

આવા અમાનુષી પ્રયોગથી સ્તબ્ધ બનેલા પ્રોફેસર મધુસૂદન હજુ પડદા સામે જ તાકી રહ્યા હતા. સ્તબ્ધતાથી સ્વસ્થ થતાં એમણે વિહ્વળપણે ફરી ટેલીવીઝન ચાલુ કરવાનો પ્રયાસ કરી જોયો, કલાકો સુધી એ પાછળ મથતા રહ્યા, પણ પડદા પર ફરી કશું દેખાયું જ નહિ.

કેટલાક દિવસ બાદ દુનિયાનો વ્યવહાર પાછો પૂર્વવત્ થઇ જતાં પ્રોફેસર મધુસૂદને કૉલેજમાંના પોતાના વ્યાખ્યાનમાં આ વિષય હાથ ધર્યો. એ આખો યે પ્રસંગ એમણે આ રીતે સમજાવ્યો:

'એ ત્રણ યાદગાર અઠવાડિયાં દરમિયાન આપણી પૃથ્વીની કક્ષાને સમાંતર રહીને પંખાકૃતિના ધૂમકેતુએ જબરો ઉત્પાત મચાવી દીધેલો. એની પૂંછડીએ પૃથ્વીને પહોંચતાં સૂર્યના કિરણોને અવરોધી મૂકતાં આપણા વાતાવરણના ઉપલા પડનું વિદ્યુદ્વહનનું સઘળું સામર્થ્ય નાશ પામ્યું. પરિણામે રેડિયો-બ્રોડકાસ્ટિંગ અશક્ય બની ગયું.

ધૂમકેતુએ માત્ર વિદ્યુદ્વહન જ ન અટકાવી દીધું. પરંતુ પૃથ્વીની આસપાસનું વીજળિક આવરણ અથવા 'આયોનાઈઝ્ડ બ્લૅન્કેટ' પણ દૂર કરી દીધું. આ આવરણ જ અંતરીક્ષમાંથી આવતા ઇલેક્ટ્રોમૅગ્નેટિક તરંગો આપણી પૃથ્વીને પહોંચતા અટકાવે છે, અને એ દૂર થવાને લઇને જ ટેલીવીઝન સેટ ઉપર ૮૦૦ મીટર પર અંતરીક્ષનાં દૃશ્યો ઝીલી શકાયાં.

આપણી સૂર્યમાળામાં—કદાચ એની બહાર પણ હોય—એક ગ્રહ આવેલો છે જ્યાં કીડી જેવાં દેખાતાં પ્રાણીઓએ તેમની અનોખી સંસ્કૃતિ વિકસાવી છે. વૈજ્ઞાનિક પ્રગતિની નજરે જોઇએ તો તો એ ગ્રહવાસી જાતિ આપણા કરતાં ઘણી જ આગળ છે. આપણી પૃથ્વી પરની માનવજાત જેવી જાત ત્યાં પણ વિકસેલી ખરી, પરંતુ અત્યારે ત્યાં આધિપત્ય મેં કહી તેવી કીડી જેવી દેખાતી જાતિનું છે ને ત્યાંના અવશિષ્ઠ માનવીઓનો તો તે માત્ર વૈજ્ઞાનિક પ્રયોગો માટે ઉપયોગ કરે છે—આપણે જેમ ઉંદર ને સસલાં પર પ્રયોગો કરીએ છીએ તેમ.'

અભિનવ અંકયંત્ર યોજક: મૂળજી જેઠુ જોષી

૧	૯૮	૯૭	૯૬	૯૫	૯૦	૭	૯	૧૦	૨
૧૭	૧૯	૮૦	૭૯	૭૮	૭૪	૨૬	૨૮	૨૦	૮૪
૧૪	૭૦	૩૩	૬૬	૬૫	૬૪	૪૧	૩૪	૩૧	૮૭
૧૮	૭૨	૬૧	૫૮	૪૪	૪૫	૫૫	૪૦	૨૯	૮૩
૮	૭૬	૬૨	૪૭	૫૩	૫૨	૫૦	૩૯	૨૫	૯૩
૮૮	૨૪	૩૮	૫૧	૪૯	૪૮	૫૪	૬૩	૭૭	૧૩
૮૫	૩૦	૪૨	૪૬	૫૬	૫૭	૪૩	૫૯	૭૧	૧૬
૮૯	૩૨	૬૭	૩૫	૩૬	૩૭	૬૦	૬૮	૬૯	૧૨
૮૬	૮૧	૨૧	૨૨	૨૩	૨૭	૭૫	૭૩	૮૨	૧૫
૯૯	૩	૪	૫	૬	૧૧	૯૪	૯૨	૯૧	૧૦૦

સો ખંડના આ અંકયંત્રમાં બીજા પણ ત્રણ અંકયંત્ર સમાયાયા છે. બહારના પહેલા મોટા યંત્રમાં દરેક ઊભી, આડી કે તીરકસ હારનો સરવાળો ૫૦૫ થાય છે. અંદરના બીજા યંત્રમાં એવી જ રીતે ૪૦૪, ત્રીજામાં ૩૦૩ અને છેલ્લે સૌથી નાના યંત્રમાં ૨૦૨ સરવાળો થાય છે.

મેટ્રિક પછીનું માર્ગદર્શક (અનુ. પૃ. ૧૦૪થી) અંગ્રેજી, ઇતિહાસ, લૅટિન વગેરે વિષયો જ હોય છે. એટલે માત્ર બી.એ. થવામાં અર્થ નથી એમ માનવું નહિ. ઊલટું સારીરીતે બી.એ. થનારાઓની વધુ જરૂર છે.

બી.એ. પછી 'સમાજશ્રેયવિદ્યા' (સોશ્યલ સાયન્સિઝ)ના અભ્યાસક્રમ લઈ શકાય. ટાટા ઇન્સ્ટીટ્યૂટ ઑવ સોશ્યલ સાયન્સિઝ, મુંબાઇ અથવા વડોદરા મહાવિદ્યાલય, વડોદરા એ સરનામે લખવાથી એ વિષે વધુ વિગતો મળી શકશે. ફૅક્ટરી ઈન્સ્પેક્ટર્સ, સમાજસેવકો, જેલરો વગેરે માટે આ વિષયનું જ્ઞાન આવશ્યક છે.

બી.ટી. : આ કોર્સ શિક્ષકો માટે છે. વડોદરા, મુંબાઇ ને અમદાવાદમાં તેની કૉલેજો છે. આ સિવાય શારીરિક શિક્ષણ તથા વાચનાલયો વિશેના ખાસ અભ્યાસક્રમો પણ લઈ શકાય.

વૃત્તપત્રશાસ્ત્ર : નાગપુર વિદ્યાપીઠમાં આ વિષયના ડિપ્લોમાની સગવડ છે. આ સિવાય ગણિત અને અર્થશાસ્ત્ર લઈને બી.એ. થનારાઓનો હાલ ઘણી જરૂર છે. આ બધી જ પરીક્ષાઓમાં બીજો વર્ગ મેળવવો આવશ્યક છે. ઉત્તમ વિદ્યાર્થીઓ ઇંડિયન એડ. સર્વિસની પરીક્ષાઓ આપી શકે છે.

વિમાનવિદ્યા

આમાં એન્જિનીઅરિંગના અભ્યાસક્રમો મહત્ત્વના છે. પરંતુ તેમાં ખર્ચ પુષ્કળ લાગતું હોઈ મધ્યમ સ્થિતિના વિદ્યાર્થીઓએ સરકારી હવાઈ દળ (air force)માં દાખલ થવાનો પ્રયત્ન કરવો સારો છે. હાલ એને માટે નીચેની સંસ્થાઓ છે, તેમાં સામાન્યરીતે ઇન્ટર સાયન્સ થએલાઓને જ લેવામાં આવે છે. બેથી ત્રણ વરસનો તેનો અભ્યાસક્રમ હોય છે. જેનો ખર્ચ લગભગ ૩૦૦૦ રૂપિયા થાય છે.

૧ સિવિલ ઍવીએશન ટ્રેનિંગ સેંટર, અલ્લાબાદ.
૨ હિંદુસ્તાન એર ક્રાફ્ટ, બૅંગલોર.
૩ હૈદ્રાબાદ સ્ટેટ એરો ક્લબ, હૈદ્રાબાદ (દક્ષિણ).
૪ એર ટેક. ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યૂટ, ડમડમ.
૫ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સ, બૅંગલોર, આ સંસ્થા અનેક જુદાજુદા અનુસ્નાતક (post graduate) અભ્યાસક્રમો માટે પ્રખ્યાત છે.
૬ મધ્યપ્રદેશ ફ્લાઈંગ ક્લબ, નાગપુર.
૭ મદ્રાસ ફ્લાઈંગ ક્લબ, મદ્રાસ.

રેડિયો તાલીમ

રેડિયો હવે વધુ ને વધુ લોકપ્રિય થતો જાય છે. અને ભવિષ્યમાં હાલ કરતાં પણ ઘણા રેડિયો વપરાવાની શક્યતા છે. આ વિષયમાં રેડિયો સર્વિસિંગ એટલેકે રેડિયો સારી સ્થિતિમાં રાખવા વિષે એક વર્ષનો કોર્સ છે. એસ.એસ.સી.માં પાસ થએલા વિદ્યાર્થીઓ તેમાં દાખલ થઇ શકે. રેડિયો એન્જિનીઅરિંગમાં 'એ' ગ્રુપમાં ઇંટર સાયન્સ પાસ કરનારાઓને જ લેવાય છે. તેનો બે વર્ષનો કોર્સ છે. રેડિયો એન્જિ૦ માટે નીચેની બે સંસ્થાઓ છે (૧) ઝેવીઅર કૉલેજ ટેક૦ ઇન્સ્ટીટ્યૂટ, મુંબાઇ-૧, ને (૨) વાડિયા ઇન્સ્ટીટ્યૂટ ઑવ ઇલેક્ટ્રિકલ ટેક્નૉલૉજી, પૂના-૧. રેડિયો સર્વિસિંગ માટે પણ આ બે સંસ્થાઓમાં સગવડ છે. તે ઉપરાંત (૧) રેડિયો ઇલે. ઇન્સ્ટી. મુંબાઈ-૪ (૨) સાબૂ સિદ્દિક ટૅક્નિકલ ઇન્સ્ટીટ્યૂટ, ભાયખલા, મુંબાઈ-૮, (૩) મોરબી ટેક્નિકલ ઇન્સ્ટીટ્યૂટ, મોરબી (સૌરાષ્ટ્ર), (૪) પારેખ ઇન્સ્ટીટ્યૂટ, રાજકોટ, (૫) સી. એન. ટેક. ઈન્ડસ્ટ્રિયલ સ્કૂલ, અમદાવાદમાં એ વિષયની સગવડ છે.

લશ્કરી શિક્ષણ

લશ્કરમાં અનેક જગ્યાઓ અને તક છે. તે માટે વિદ્યાર્થીએ હિંમત ને નીડરતા જેવા ગુણો વિકસાવવા જોઇએ. ગુજરાતની સરહદ પાકિસ્તાનની નજીક છે એ ધ્યાનમાં રાખી, શ્રીમંતોએ હવે પ્રજામાં એવા ગુણો ખીલવવા માટે ખાસ શિષ્યવૃત્તિઓ રાખવી જોઇએ. રીક્રૂટિંગ ઑફિસર, ઇંડિયન આર્મી, મુંબાઇ અથવા પૂનાને સરનામે પુછાવવાથી આના વિષયમાં વધુ માહિતી મળી શકશે. એ વિષે છાપાંમાં જાહેરખબરો પણ આવે છે તે ઉપર લક્ષ રાખવું. ૧૫ થી ૧૮ સુધીના વિદ્યાર્થીઓને માટે સારી તક હોય છે. શરીર સુગઠિત અને તબિયત અચ્છી વિશેષ મહત્ત્વની છે. હવે લશ્કરમાં બધે જ યન્ત્રજ્ઞાનની મહત્તા છે. કહેવાય છે કે પ્રખ્યાત જર્મન જનરલ રોમેલના બધા જ સૈનિકો સારા યન્ત્રવિશારદો હતા. લશ્કર, નૌકાદળ અને હવાઈદળમાં ઇલેક્ટ્રિશિયન, ફિટર, મિકૅનિક, ઇન્સ્ટ્રુમેંટ મેકર, ફોટોગ્રાફર, વાયરલેસ મિકૅનિક, બ્લૅક્સ્મિથ, કૉપરસ્મિથ, ટેલિપ્રિંટર ઑપરેટર, પી.ટી. ઇન્સ્ટ્રક્ટર, આર્ટિફાઈસર્સ સીમેન, સ્ટોકર્સ, પ્લંબર્સ, લાઈન્સમેન વગેરે અનેક પ્રકારના ધંધાના જાણનારાઓની જરૂર પડે છે. આ ક્ષેત્રમાં પ્રવેશ મેળવ્યા પછી સગવડો પણ સારી મળે છે અને દેશસેવા કરવાની તક પણ સાંપડે છે.

મૅટ્રિકમાં નાપાસ થએલાઓ માટેના અભ્યાસક્રમો

મુંબાઇ સરકારના ટેક્નિકલ ઍજ્યુકેશન ડિપાર્ટમેન્ટે હવે મૅટ્રિકમાં નાપાસ થએલા વિદ્યાર્થીઓ માટે પણ અનેક જુદાજુદા ડિપ્લોમા અને સર્ટિફિકેટોની યોજના કરી છે. આ અભ્યાસક્રમો માટેની મુદત સામાન્યરીતે બેથી ત્રણ વર્ષની હોય છે. દરેક કોર્સમાં દાખલ થવા સારુ તેના અભ્યાસને અનુરૂપ જુદીજુદી લાયકાતો હોવી જરૂરી છે. પણ સામાન્યરીતે અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ પૂરતો છે તેમાં યે કેટલાક વિષયો માટે તો અંગ્રેજી ત્રીજી અથવા પ્રાયમરી સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષા પાસ કર્યા જેટલો અભ્યાસ પણ પૂરતો છે.

આ બધા વિષયોમાં શારીરિક શ્રમ કરવાની તૈયારી હોવી જોઇએ. બાહોશ કારીગરો (skilled workers) તૈયાર કરવા આ અભ્યાસક્રમોની યોજના કરાઈ છે. ૧ ઑટો એન્જિનીઅરિંગ, ૨ વર્કશૉપ ઍપ્રેંટિસ, ૩ એન્જિ૦ ઍપ્રેંટિસ, ૪ મોટર બૉડી બિલ્ડિંગ, ૫ વહાણો બાંધવા, ૬ સુથારકામ, ૭ ટર્નર, ૮ ફિટર, ૯ મિકૅનિક ને ૧૦ દરજીકામ.

ગુજરાતમાં આ જાતનું ધંધાદારી શિક્ષણ આપનાર શાળાઓ અમરેલી, પાટણ, ધરમપુર અને અમદાવાદમાં છે. આ ઉપરાંત રેલવે, સ્ટેટ ટ્રાન્સપોર્ટ વગેરેમાં પણ ઉમેદવારો લેવાય છે. તે સિવાય ડિપાર્ટમેંટ ઑવ ટેક્નિકલ એજ્યુકેશન મુંબાઇ તરફથી પણ આવી ઉમેદવારો લેવાની એક યોજના વર્ષોથી ચાલે છે. કેટલાંક મોટાં ખાનગી કારખાનાંઓમાં તથા તાતાની થોડી સંસ્થાઓમાં પણ એવી યોજનાઓ છે.

ભીખાજી ભૂલકણા એક દિવસ એક મિત્રને મળવા ગયા અને ત્રણ-ચાર કલાક વાતો કરી. બહુ મોડું થવાથી મિત્રે કહ્યું કે તમને વાંધો ન હોય તો હું શાક લઇ આવું, કેમકે અમારે હજી રાંધવાનું બાકી છે. આ સાંભળીને ભીખાજી બોલી ઊઠ્યા, 'અરેરે, મને માફ કરજો. મારા મનથી એમ કે હું મારા ઘેર જ બેઠો છું ને તમે મને મળવા આવ્યા છો.'

દુનિયામાં મોટામાં મોટી જળશક્તિ કઈ?'
'સ્ત્રીઓનાં આંસુ.'

ગામડિયો : વરસો પહેલાં મારો નાનો ભાઈ પરદેશ રળવા ગયો હતો, તે હવે ખૂબ કમાયો લાગે છે.

મિત્ર : કેટલોક દલ્લો એકઠો કર્યો હશે ?

ગામડિયો : એ તો કોણ જાણે; પણ ગયા અઠવાડિયે પોલીસે તેને માટે દસ હજાર રૂપિયા આપવાની જાહેરાત બહાર પાડી છે.




આર્દ્રુ ઝરી

મ્હેક મ્હેક ઉર થાય પરાગે, પાંખડીએ બંધાયે શે?
સૂરધાર ભીતર રણઝણતી, ગૌન ધર્યે રૂંધાયે શે?
લજ્જાના આવરણે નેણાં નેહભરેલ છુપાયે શે?
મધુર વ્યથાએ હૈયું થડકે, પાલવમાં સંતાયે શે?
કિરણ-ઝરણ પૂનમ-શશિયરનાં તિમિરે અવરોધાયે શે?
પ્રણય-જુવાળ ચડે અણુ અણુએ, મત્ત જલધિ ઢંકાયે શે?
(સંસ્કૃતિ) —ગીતા કાપડિયા


સર ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગ: એક મહાન ઔષધિના શોધક

ઈ. સ. ૧૯૨૮ના સપ્ટેમ્બરના એક દિવસે લંડનની સેન્ટ મેરી ઑસ્પિટલમાં એક વિજ્ઞાનીએ શરીરમાં પરૂ ઉત્પન્ન કરતા જીવાણુઓવાળી કાચની એક પટ્ટી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે ગોઠવીને મૂકેલી. એ પટ્ટીને હવા લાગી જતાં તેમાંના જીવાણુઓની નજીક એક જાતની લીલી ફૂગ જામેલી જોવામાં આવી. આમાં કંઈ આશ્ચર્ય નહોતું, કારણકે આવું તો ઘણીવાર બનતું. પરંતુ આ વખતે જે આશ્ચર્યજનક હકીકત જોવામાં આવી તે એ હતી કે એ ફૂગની નજીકના જીવાણુઓ ધીરેધીરે મૃત્યુ પામતા જતા હતા! આ જોઈ પહેલાં તો એ વિજ્ઞાનીએ દુઃખ તથા નિરાશા અનુભવ્યાં, પણ પછી તરત એના પ્રતિભાસંપન્ન મગજમાં નવો જ વિચાર ઉદ્ભવ્યો: આ પદાર્થનો ઉપયોગ પરૂ થતું અટકાવવા કેમ ન થઈ શકે? પાકવા આવતાં અંગોમાં પરૂ પેદા થતાં પહેલાં જ તેમને કેમ મટાડી ન શકાય?

આવા પ્રયોગ કરતા અન્ય વિજ્ઞાનીઓએ પણ જીવાણુઓવાળી કાચની પટ્ટી પર આવી જ પ્રક્રિયા થતી તો જોએલી, પણ તેમણે પોતાનો પ્રયોગ નકામો ગએલો માની લઇને તે કચરાટોપલીને હવાલે કરી દીધેલી; પરંતુ આ વિજ્ઞાનીએ તો આ પ્રક્રિયા સાથે પોતાની તર્કબુદ્ધિ યોજીને એમાંથી માનવજાતને કલ્યાણકારી એવી મહાન શોધ નીપજાવી. આ વિજ્ઞાની તે સર ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગ, અને તેમણે શોધેલી દવા તે પેનિસિલીન, જે આજ સુધીમાં લાખો માનવીઓને મૃત્યુદ્વારેથી પાછા લાવવામાં સહાયભૂત નીવડી છે. આ કલ્યાણકારી શોધ બદલ નોબેલ પારિતોષિક વડે સંમાનિત થએલા સર ઍલેક્ઝાન્ડર હાલ ભારતના પ્રવાસે આવેલા હોઈ તેમના જીવનકાર્યનો પરિચય પ્રસંગોચિત જણાશે. 'વિશ્વ આરોગ્ય સંસ્થા' (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન WHO) અને અમેરિકાના યુનિટેરિયન સંપ્રદાયની યુનિટેરિયન સર્વિસ કમિટીએ સંયુક્તપણે સાત દેશોના પંદર નામાંકિત વિજ્ઞાનીઓની મંડળીનો જે પ્રવાસ ગોઠવ્યો છે તેના ઉપક્રમે તેઓ આ દેશની મુલાકાતે આવ્યા છે.



ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગનો જન્મ ઇ.સ. ૧૮૮૧માં સ્કૉટલૅન્ડમાં લૉકફીલ્ડ મુકામે થએલો. લંડનની પોલીટેકનીકમાં અભ્યાસ પૂરો કરી એ વહાણવટાની એક પેઢીમાં સામાન્ય કારકૂન તરીકે જોડાયા, પરંતુ વૈદકશાસ્ત્રના વધુ અભ્યાસ માટેની



ચગદા વિનાના મોરપીંછ જેવી કમાનાકારની લાંબી પાતળી પૂછડી તથા માથે ઝીંથરાંની કલગીવાળા ચમકદાર કાળા પંખીને કદી જુઓ તો એ છે ભીમરાજ-ભૃંગરાજ.

, કોશિયાની જાતના આ પંખીને જોવા કરતાં યે સાંભળવો વધુ ગમે એવો તીણો છતાં મીઠો એનો કંઠ છે; ને વળી બધી જાતનાં પંખીની બોલીની તે નકલ કરી શકવા ઉપરાંત જો ટેવાયું હોય તો બિલાડીનું મ્યાઉ ને માનવીનો અવાજ પણ સંભળાવે! તેની આ શક્તિથી આકર્ષાઇ ઘણા તેને પાળે છે.

પૂછડી સાથે લગભગ ૨૫-૨૬ ઇંચ લાંબું, ગીચ જંગલનું અધિવાસી આ પંખી, જોડીમાં કે ચાર-પાંચની સંખ્યામાં જોવા મળે છે. એના ચળકતા કાળા વાનમાં આંખની લાલ કીકીઓ સિવાય ક્યાંયે બીજો રંગ જોવા ન મળે. બધી જાતનાં જીવડાં ને તીડપતંગિયાં તે ખાય, અને એ માટે ઊડે ત્યારે એમ જ લાગે કે કોઇ બીજા પંખીનાં પીછાં જ તેની પૂછડીમાં ભરાઇ ગયાં હશે. ઊડતાં ઊડતાં યે શિકાર કરી લે. પણ આ બધો વખત તેનો કોઈ ને કોઈ જાતનો અવાજ તો ચાલે જ.

માર્ચથી જૂન તેનો પ્રજનનકાળ. ઊંચેઊંચે ઝાડની બહાર પડતી કોઈ ડાળીના ચિપિયામાં, ઝાડની છાલની દીવાલો સાથે, કરોળિયાનાં જાળાં વડે ડાંખળાં-મૂળિયાં ચિટકાવીને ચીવટપૂર્વક પ્યાલા ઘાટનો માળો ગૂંથી, તેમાં સફેદથી પીળાશ પડતાં, તથા પહોળે છેડે ઘેરી થતી રતાશપડતી તપખીરી છાંટવાળાં ત્રણથી ચાર ઈંડાં તે મૂકે છે.

વૃત્તિ પ્રબળ બનતાં ૨૦ વર્ષની વયે એમણે ફરી અભ્યાસમાં ઝુકાવ્યું અને ઉત્તરોત્તર શિષ્યવૃત્તિઓ મેળવતા જઈ ઈ. ૧૯૦૮માં બહુમાન સાથે વૈદકની પરીક્ષા પસાર કરી તેમણે લંડન વિદ્યાપીઠનો સુવર્ણચંદ્રક મેળવ્યો. એ પછી એક વર્ષ રહીને તેઓ એફ.આર.સી.એસ. થયા.

ડૉ. ફ્લેમિંગે હવે સેન્ટ મેરી ઑસ્પિટલમાં સર આમરૉથ રાઈટના માર્ગદર્શન નીચે ચેપી રોગોની રસીને લગતા વિભાગમાં કામ શરૂ કર્યું. આ સંશોધક જોડીએ પહેલા મહાયુદ્ધમાં બહુ સારી સેવા બજાવી. ડૉ. ફ્લેમિંગ 'રૉયલ આર્મી મેડિકલ કોર'માં કૅપ્ટનની પદવીએ પહોંચેલા. લશ્કરી અહેવાલોમાં એમના કાર્યનો પ્રશંસાયુક્ત ઉલ્લેખ કરવામાં આવતો. સૈનિકોના સડતા જખમોનો અભ્યાસ કરવાથી એમને જીવાણુનાશક દવાઓમાં ખાસ રસ ઊપજ્યો હતો. યુદ્ધમાંથી પાછા ફર્યા બાદ થોડો સમય લંડનની રૉયલ કૉલેજ ઑવ સર્જ્યન્સમાં અધ્યાપક રહ્યા બાદ ઈ. ૧૯૧૮માં સેન્ટ મેરી ઑસ્પિટલમાં જંતુશાસ્ત્રના અધ્યાપક તરીકે એ નિમાયા.

યુદ્ધોત્તર કાળમાં ડૉ. ફ્લેમિંગે જીવાણુનાશક દવાઓ વિષેનું સંશોધન આગળ વધાર્યું. ઈ.૧૯૨૨માં તેમણે 'લાઈસોઝાઈમ' નામનું જલદ જીવાણુનાશક દ્રવ્ય શોધી કાઢ્યું. આ દ્રવ્ય માનવશરીરમાંથી બહાર ફેંકાતાં પ્રવાહીઓમાં—ખાસ કરીને આંસુમાં તેમજ ઇંડાંની સફેદીમાં પણ મળી આવે છે. જીવાણુનાશક દવામાં આટલા બધા રસના કારણે જ, આ લેખના પ્રારંભે આલેખેલા પ્રયોગોનું તાત્પર્ય તેઓ તરત કળી જઈ શક્યા હતા. એ જે જીવાણુઓ પર પ્રયોગ કરી રહ્યા હતા તે હતા સ્ટેફિલોકૉક્સ જીવાણુઓ. એમણે જોયું કે ફૂગમાંથી સ્રવતો એક જાતનો પદાર્થ આ જીવાણુઓના 'કલ્ચર'ને—ઉછેરને રોકવાની પ્રચંડ શક્તિ ધરાવતો હતો.

રોગોત્પાદક જીવાણુઓના વિનાશ કરનારા કે તેનો વિકાસ રોધનારા પદાર્થોની શોધ માટેના ડૉ. ફ્લેમિંગના વરસો જૂના પ્રયત્નો આમ સફળ થયા. તેમના હાથે અતિ મહત્ત્વની શોધ થઈ. ફૂગમાંથી સ્રવતો એ રાસાયનિક પદાર્થ રોગજનક જીવાણુઓનો વિનાશક હતો. આવા પદાર્થ ઍન્ટીબાયોટિક (પ્રતિજૈવિક) કહેવાય છે.

પ્રો. ફ્લેમિંગે એ ફૂગના ગુણદોષ પારખ્યા. તેના વડે બીજાં કયાં કયાં જીવાણુઓની વૃદ્ધિ અટકે છે તે પણ અખતરા દ્વારા નક્કી કર્યું. જીવતાં પ્રાણીમાં તેનાં ઇન્જેક્શન આપવાથી થતી અસરોનો અભ્યાસ કર્યો, અને એ ફૂગની જાતનું પણ નિદાન કર્યું. તે ફૂગ 'પેનિસિલીઅમ નોટેટમ' જાતની હતી. આ ઉપરથી એ નવા શોધાએલા પદાર્થનું નામ 'પેનિસિલીન' આપવામાં આવ્યું.

પેનિસિલીન અમુક જાતના રોગજનક જીવાણુઓનો વિકાસ રોકવાની પ્રબળ શક્તિ ધરાવતું હોવાથી તે, એ જીવાણુઓથી ઊભા થએલા કેટલાક ભયંકર અને અસાધ્ય લેખાતા રોગો માટે રામબાણ ઔષધ નીવડવાની હવે સંભાવના દેખાઈ, કારણકે આ અગાઉ આવા રોગો માટે કોઇ અચૂક દવા જ ન હતી. પરંતુ પેનિસિલીનને દવા રૂપે વપરાશમાં લેવામાં હજી થોડી મુશ્કેલીઓ હતી. તે અતિ અસ્થિર પદાર્થ હતો. વળી દવામાં તો રોગ પેદા કરનાર જીવાણુઓનો નાશ કરવાના ગુણ ઉપરાંત બીજા ગુણો પણ જરૂરી છે: જેવા કે એનાથી શરીરમાંના બિનઉપદ્રવી જીવાણુઓ સલામત રહેવા જોઇએ તેમજ દરદીને તરત કે લાંબા ગાળે જરા પણ નુકશાન થવું ના જોઇએ.

હવે બ્રિટિશ વિજ્ઞાનીઓએ પેનિસિલીન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પ્રયોગોના પરિણામે ઈ. ૧૯૩૨માં ફૂગમાંથી પેનિસિલીન નામનો ચોક્કસ પદાર્થ જુદો તારવી શકાયો. છ વર્ષ બાદ ઑક્સફર્ડના પ્રો. ફ્લોરી અને ડૉ. ચેઇને પેનિસિલીનનો રીતસરનો અભ્યાસ માંડયો, તેના સવિસ્તર પ્રયોગો કર્યા ને જાહેર કર્યું કે બીજી કોઈ દવાથી નાશ ન પામતાં કે અંકુશમાં ન આવતાં સ્ટૅફિલોકૉક્સ જીવાણુઓથી થતા રોગો માટે તો આ સંજીવની મહૌષધિ છે. ફ્લેમિંગે પેનિસિલીન શોધ્યું અને ફ્લોરીએ ઔષધ તરીકેનો તેનો ઉપયોગ સિદ્ધ કર્યો.

દવા તો શોધાઈ, પણ તેની માત્રા નક્કી કરવી જોઈએ. ડૉ. એન. જી. હીટલીએ પેનિસિલીનનું દવામાપ નક્કી કરવાની યુક્તિ શોધી, કે જે ઑક્સફર્ડ યુનિટના નામે અત્યારે ઓળખાય છે. આ કંઇ જોખવાથી, માપવાથી કે ગણવાથી નક્કી થઇ શકે એવી સરળ બીના ન હતી. દરમિયાન પેનિસિલીનને શુદ્ધ બનાવવાનું કામ ચાલ્યા કરતું હતું. છેવટે મંદ ઉષ્ણામાનના સાધન વડે તે પીળાશ પડતા ભૂખરા ભૂકા રૂપે પ્રાપ્ત થયું. હવે ઉંદર, ગિનીપિગ ને સસલાં પર પ્રયોગોની હારમાળા શરૂ થઇ. આ પ્રાણીઓમાં રોગો ઉપજાવી એમના પર નવી શોધાએલી દવા વાપરવામાં આવે છે અને દવા માણસ માટે બિનજોખમી છે કે નહિ એ નક્કી કરવામાં આવે છે. આ માટે કરવામાં આવતી કસોટીઓના લાંબા ઇતિહાસમાં અહીં નહિ ઊતરીએ.

બીજા વિશ્વયુદ્ધે પેનિસિલીનનું મહત્ત્વ સિદ્ધ કરી આપ્યું એટલે ડૉ. ફ્લેમિંગ પર માનચાંદનો વરસાદ વરસવા લાગ્યો, જેમાં સૌથી અધિક સંમાનપ્રદ એમને ઈ. ૧૯૪૫માં અપાએલું નોબેલ પરિતોષિક છે. ઇ. સ. ૧૯૪૩માં એમને રૉયલ સોસાએટીના ફેલો બનાવવામાં આવ્યા અને ૧૯૪૪માં નાઈટહૂડ આપવામાં આવ્યું. દેશવિદેશની અનેક વિજ્ઞાનસંસ્થાઓ અને વિદ્યાપીઠો એમને ઉપાધિઓ તથા પદકો પ્રદાન કરીને ગૌરવ અનુભવે છે.

ઈ.૧૯૪૭માં સર આમરૉથ રાઇટના મૃત્યુ બાદ સર ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગ 'રાઈટ–ફ્લેમિંગ ઈન્સ્ટીટ્યૂટ' તરીકે ઓળખાતા સેન્ટ મેરી ઑસ્પિટલના રસીવિભાગના વડા બન્યા હતા. ૨૦ વર્ષ વૈદકસંશોધનના ક્ષેત્રમાં સેવા આપ્યા બાદ ૧૯૪૮માં તેઓ નિવૃત્ત થયા છે અને હાલ લંડન વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે.

સર ઍલેક્ઝાન્ડરના વિવિધ શૉખમાં સાહિત્ય તથા ચિત્રકલાનો શૉખ પ્રધાનપદે છે. ચિત્રો માટેના રંગ તરીકે તેઓ જીવાણુઓને બાફીને તેનો ઉપયોગ કરે છે અને આ રંગો ઘણા સુંદર અને ઉઠાવદાર હોય છે! તરવાનો તેમને જબરો શૉખ છે અને બંદૂક વડે ધાર્યું નિશાન લઇ શકે તેવા ચુનંદા નિશાનબાજ પણ છે. ઈ. ૧૯૧૫માં કરેલા લગ્નથી તેમને એક પુત્ર છે, જેણે પિતાને પગલે ચાલી વૈદકના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માલદ્વીપ પ્રજાસત્તાક

હિંદથી લગભગ ૪૦૦ માઇલ અગ્નિ ખૂણે હિંદી મહાસાગરમાં આવેલો માલદ્વીપ નામે ઓળખાતો દ્વીપસમૂહ ચાલુ વર્ષની તા. ૧લી જાન્યુઆરીથી પ્રજાસત્તાક બન્યો. સીલોનમાંના બ્રિટિશ હાઇ કમિશનરે એ દિવસે ત્યાંના નવા ચુંટાએલા પ્રમુખ અમીર અમીન દીદી સાથે પ્રજાસત્તાક માલદ્વીપને લગતા નવા કરારો કર્યા છે. આમ, છેલ્લા આઠ સૈકાથી ત્યાં ચાલ્યા આવતા સુલતાની શાસનનો અંત આવીને લોકનિયુક્ત ૪૭ સભ્યોની લોકસભાએ તેનું શાસન હાથ ધર્યું છે, જેમાં આઠ સ્ત્રી સભ્યો છે. દ્વીપસમૂહની બધી વસતિ મુસ્લિમ હોવા છતાં પરદાની પ્રથાને ત્યાં તિલાંજલિ આપી દેવામાં આવી છે.

આ ટાપુઓનો ઇતિહાસ અત્યંત પ્રાચીન છે. બ્રહ્માંડ પુરાણમાં મલયદ્વીપના નામે એનું વિસ્તૃત વર્ણન આપેલું છે. પ્રાચીન કાળમાં એ સિંહલ (સીલોન અથવા લંકા)ના રાજ્યને તાબે હતું. ગ્રીક, અરબ, અને ચીની યાત્રીઓએ એને સિંહલને અધીન જ દર્શાવ્યું છે. એની પ્રચલિત ભાષા પણ સિંહલની છે જે સીલોન સાથેનો એનો પ્રાચીન

સંબંધ પ્રકટ કરે છે.

ઍલેક્ઝાન્ડ્રિયાવાસી પાપુસ નામના પ્રવાસીએ ચોથી સદીમાં કરેલા સિંહલના પ્રવાસ વિષે લખતાં જણાવ્યું છે કે, સિંહલ રાજ્યની અંતર્ગત ૧૩૭૦ ટાપુઓ હતા. પાંચમી સદીના ચીની યાત્રી ફા-હિયાને પણ સિંહલની ચારે તરફ અનેક ટાપુઓનો ઉલ્લેખ કરેલો છે અને તેમાંથી મોટા પ્રમાણમાં હીરામોતી મળતાં હોવાનું લખ્યું છે. છઠ્ઠી સદીમાં ટૉલેમીએ અને નવમી સદીમાં સલીમૅને એમનો ઉલ્લેખ કર્યો છે. અગિયારમી સદીમાં અલબરૂનીએ પણ આ ટાપુઓનો અને તેમના કોડીઓના વેપારનો ઉલ્લેખ કર્યો છે.

ઈ. ૧૩૪૦માં ઇબ્ન બતૂતા નામનો એક અરબ યાત્રી માલદ્વીપ આવેલો અને ત્યાંના વજીરની કન્યા સાથે પરણેલો. એના લખવા પરથી જણાય છે કે તેરમી સદી સુધીમાં આ દ્વીપસમૂહના વાસીઓ ઈસ્લામનો સ્વીકાર કરી ચૂક્યા હતા. છેલ્લી લગભગ આઠ સદી થયાં ઈસ્લામમાં ધર્માંતરિત અરબ મુલ્લાંઓ સુલતાન તરીકે તેનું શાસન કરતા આવ્યા હતા. યુરોપિયન પ્રજાઓ પૂર્વમાં વ્યાપારાર્થે આવતાં, અનુક્રમે પોર્ટુગીઝ, ડચ અને છેવટે ૧૭૯૬માં અંગ્રેજોએ સીલોન કબજે લેતાં અંગ્રેજોનું સંરક્ષણ માલદ્વીપના સુલતાને સ્વીકાર્યું. સુલતાનો સુન્ની મત અનુસાર તેનું શાસન કરતા, પરંતુ ઈ. ૧૯૩૦માં તત્કાલીન સુલતાનના મૃત્યુ પછી પ્રજાએ સુલતાનને ચુંટી કાઢવાની પ્રથા શરૂ કરી અને ૧૯૪૫માં સેંકડે ૯૯ મતે માલદ્વીપીય પ્રજાએ સુલતાનના શાસનનો અંત આણી તેને પ્રજાસત્તાક જાહેર કરી દીધું. ૧૯૫૩ના જાન્યુઆરીની ૧લી તારીખે બ્રિટને પણ એને પ્રજાસત્તાક જાહેર કરી એની સાથે નવા સંધિકરારો કર્યા.

આ દ્વીપસમૂહમાં નાનામોટા મળીને લગભગ ૧૨૦૦ ટાપુઓ છે, પણ એમાંના ૩૦૦ પર જ વસતિ છે. વસતિની કુલ સંખ્યા ૯૩,૦૦૦ છે. ત્યાંના લોકો ચુનંદા ખલાસી છે અને નૌવિદ્યાનાં શિક્ષણ આપતાં અનેક વિદ્યાલયો ત્યાં છે. આ દ્વીપસમૂહના નામ વિષે અનેક અનુમાનો ચાલે છે. કેટલાકનું કહેવું એવું છે કે હિંદી મહાસાગરમાં માલાના આકારે એ આવેલ હોવાથી એનું નામ માલાદ્વીપ અથવા માલદ્વીપ પડ્યું, જ્યારે કેટલાકનું કહેવું એ છે કે આખા સમૂહમાં ચાર ટાપુઓ મુખ્ય હોવાથી એનું નામ મેલેદ્વીપ પડ્યું હશે. ત્યાંની ભાષામાં 'મેલે'નો અર્થ 'ચાર' થાય છે.

જ્ઞાનેન્દ્રિયના ધર્મ

માણસને પાંચ જ્ઞાનેન્દ્રિય છે: (૧) કાન, (૨) ત્વચા, (૩) આંખ (૪) જીભ, ને (૫) નાક. એ પાંચ ઈન્દ્રિયો વડે આપણને અનુક્રમે (૧) શબ્દ, (૨) સ્પર્શ, (૩) રૂપ, (૪) રસ અને (૫) ગંધ, એમ પાંચ પ્રકારે જ્ઞાન થાય છે. એ વિષે મહાભારતના શાન્તિપર્વના ૧૮૪મા અધ્યાયમાં સવિસ્તર વર્ણન આપ્યું છે. એનો સંક્ષિપ્ત ભાગ નીચે આપ્યો છે:

(૧) કાન-શબ્દ: 'ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાધ, આ પ્રમાણે સાત પ્રકારનો શબ્દગુણ છે. વળી તે સર્વત્ર વ્યાપ્ત થઈને રહેલો છે, તો પણ ઢોલ નગારાં વગેરેમાં મુખ્યત્વે કરીને જ જણાય છે. મૃદંગનો, ભેરીનો, શંખનો, મેઘગર્જનાનો, રથનો, પ્રાણીનો કે અપ્રાણીનો જે કાંઈ શબ્દ સંભળાય છે તે સર્વનો પૂર્વોક્ત સાત ભેદોમાં જ સમાવેશ થઈ જાય છે.' (૩૯–૪૧)

(૨) ત્વચા-સ્પર્શ: 'ઉષ્ણ, શીત, સુખકારક, સ્નિગ્ધ, વિશદ, કઠોર, કોમળ, રુક્ષ, લઘુ (હલકો), ગુરુ, અતિશય ગુરુ (ભારે), દુઃખકારક આ પ્રકારે સ્પર્શના બાર ભેદો ગણાય છે.' (૩૭)

(૩) આંખ-રૂપ: 'નાનું, મોટું, જાડું, ચોખંડું, ગોળ, ધોળું, કાળું, લાલ, પીળું, લીલું, કઠિન, ચીકણું, સુવાળું, લીસું, કોમળ અને દારુણ, આ પ્રમાણે રૂપના સોળ ભેદો જગતમાં પ્રસિદ્ધ છે.' (૩૪)

(૪) જીભ-રસ: 'રસ ગુણના મધુર, લવણ, તિક્ત (કડવો), કષાય (તૂરો), અમ્લ (ખાટો) આવા છ પ્રકાર મુખ્ય ગણાય છે.' (૩૧)

(૫) નાક-ગંધ: 'ગંધગુણ નવ પ્રકારે વિસ્તારને પામેલો છે. જેમ: એક તો ઇષ્ટ ગંધ (કસ્તૂરી વગેરેનો), બીજો અનિષ્ટ ગંધ (મુડદાં વગેરેનો), ત્રીજો મધુર ગંધ (મધ, પુષ્પ વગેરેનો), ચોથો કટુ ગંધ (મરચાં વગેરેનો), પાંચમો નિર્હારી ગંધ (હીંગ વગેરેનો), છઠ્ઠો સંહત ગંધ (અનેક પદાર્થોને એકત્ર ખાંડવાથી નીકળેલો ગંધ), સાતમો સ્નિગ્ધ ગંધ (તાજા તાવેલા ઘી વગેરેનો) ને નવમો વિશદ ગંધ (ડાંગરના ભાત વગેરેનો); આ નવ પ્રકારના પૃથ્વીના ગંધગુણનું શાસ્ત્રોમાં વર્ણન છે.' (૨૮–૨૯)

આમ મહાભારતના વિવરણ પ્રમાણે શબ્દના સાત, સ્પર્શના બાર, રૂપના સોળ, રસના છ અને ગંધના નવ પ્રકાર છે. એમાંથી શબ્દના સાત પ્રકાર પછીના પંડિતોએ સ્વીકારીને આજ સુધી માન્ય રાખ્યા છે. રૂપના સોળ પ્રકારના ભાગ છે. તેમાં કેટલાક રંગના પણ છે. ઉપરના વિવરણમાં રંગના પાંચ પ્રકાર આપ્યા છે. ધોળું, કાળું, લાલ, પીળું, ને લીલું. ન્યૂટનના મત પ્રમાણે સૂર્યકિરણના પૃથક્કરણથી લાલ, નારંગી, પીળો, લીલો, ગળી (ભૂરો) અને જાંબૂડિયો, એ પ્રમાણે સાત રંગ જણાય છે. યંગ-હેલ્મહોલ્ઝ (Young-Helmholz)ના મત પ્રમાણે લાલ, વાદળી અને લીલો, એ ત્રણ જ રંગ જણાય છે. આજે એમ મનાય છે કે લાલ, પીળો ને વાદળી એ ત્રણ મૂળ રંગ છે, અને એમના મિશ્રણથી થતા નારંગી, લીલો, જાંબૂડિયો અને ગળી (ભૂરો) મળીને એકંદર સાત રંગ થાય છે.

(પ્રસ્થાન) —નરસિંહભાઈ પટેલ

મિનિટે ૩૦૦ લીટી છાપી નાખતું વીજળિક ટાઈપરાઈટર

ગણિતશાસ્ત્રના ઇલેક્ટ્રોનિક યંત્રો, ગમે તેવા ઉસ્તાદ ગણિતશાસ્ત્રીની ઝડપ કરતાં પણ હજારોગણી ઝડપે ગણતરીઓ કરી શકે છે. આ યંત્રોમાં એકમાત્ર મુશ્કેલી, બધી અટપટી ગણતરીઓ પતી ગયા પછી એનાં પરિણામોની નોંધણી માટે હતી. એ યંત્રને પહોંચી વળે એટલું ઝડપી ટાઈપરાઈટર આજ સુધી શોધાયું નહોતું. હવે એક એવું ટાઈપરાઈટર તૈયાર થયું છે જે કાગળ પર એકેક અક્ષર છાપવાને બદલે આખેઆખી લીટી એકીસાથે છાપી નાખે છે, એટલું જ નહિ, પણ મિનિટની ૩૦૦ લીટીની ઝડપે એ છાપકામ કરે છે.

આ ગણિતી ટાઇપરાઈટરમાં એક થાળી સતત ફર્યા કરે છે. એ થાળીની કોર પર બધા અક્ષરો ને આંકડા હોય છે. ગણિતયંત્રમાંથી બહાર આવતી મૅગ્નેટિક પટી પરનાં સંજ્ઞાવાચક ટપકાંનો એકેક લીટીમાં ઍંસીઍંસી અક્ષરોમાં તાબડતોબ તરજુમો થઈ જાય છે. આ થાળી અસાધારણ ઝડપે ચકરચકર ફરતી હોય છે, ત્યારે વીજળીથી ચાલતી ૮૦ હથોડીઓ કાગળની પછવાડે સતત પછડાયાં કરે છે. થાળી અને કાગળની વચ્ચે શાહીવાળી રિબન હોવાને કારણે ગણિતના કોઇ પણ કોયડાનો ઉકેલ કાગળ પર છપાઇ જાય છે.

અનુકરણીય

ઇંગ્લંડના મિડલસેક્સ પરગણાના એનફીલ્ડ ગામની શાળાઓના ૧૦થી ૧૫ની ઉમરના વિદ્યાર્થીઓ માટે એક 'ધનુર્ધારી મંડળ'ની કરયુ છે. તેમને તેમના માપનાં તીર-કામઠાં બનાવી આપવામાં આવ્યા છે. દર શનિવારે સવારે પરાળના થેલા કે પાટિયાંનાં નિશાન બનાવી તેઓ તીરંદાજી શીખે છે. આપણે ત્યાં સરહદના ગામોમાં (તથા અન્ય સ્થળે પણ) ઊગતી પ્રજાને આવી તાલીમ આપી શકાય. તેનું શિક્ષણ આપી શકે તેવા કાબેલ તીરંદાજ ભીલોની આપણે ત્યાં ખોટ નથી.



દૂરની અને નજીકની

રશિયાના સૂત્રધાર માર્શલ સ્તાલિનના ચાલુ માસની તા. ૫ મીએ થએલા અવસાન પછી સારા યે જગતની મીટ રશિયા હવે પછી શું કરશે તે પર મંડાઈ છે. એના ઉત્તરાધિકારી તરીકે આવેલા જ્યોર્જી માલેનકોફે રશિયાની શાંતિની નીતિ ચાલુ રાખવા સાથે મૂડીવાદી અને સામ્યવાદી દેશો વચ્ચેનું ઘર્ષણ ટાળી બંને વચ્ચે સહકાર સ્થાપવાનો જે સૂર કાઢ્યો છે એ પરસ્પરના અવિશ્વાસે સરજેલા યુદ્ધના ભયમાં જબરા આશ્વાસનરૂપ છે.

હૈદરાબાદ મુકામે મળી ગએલા કૉંગ્રેસના અધિવેશને ભાષાવાર ધોરણે અલગ પ્રાંતો રચવાનો ઠરાવ પસાર કરીને આંધ્ર પ્રાન્તની રચના માટે સરળતા કરી આપ્યા બાદ ન્યા. વાંચુનો અલગ આંધ્ર અંગેનો હેવાલ પણ તૈયાર થઇ ગયો છે પરંતુ એ નવા રચાનારા પ્રાંતના પાટનગરનો પ્રશ્ન હજુ ઉકેલી શકાયો નથી. નવી દિલ્હીમાં મળેલી કૉંગ્રેસ કારોબારીમાં રાજાજીએ મદ્રાસને આંધ્રનું કામચલાઉ પાટનગર બનાવવાનો પણ વિરોધ કરતાં કારોબારીએ આંધ્રવાસીઓને મદ્રાસ સિવાયનું કોઈ સ્થળ પાટનગર તરીકે નક્કી કરવા જણાવ્યું છે.

પાકિસ્તાનમાં અહમદિયા કોમ સામે ઉગ્ર આંદોલન શરૂ થયું છે. લાહોર, રાવલપીંડી, સિયાલકોટ વગેરે સ્થળે પોલિસને ગોળીબાર કરવો પડ્યો છે અને લાહોરમાં તો લશ્કરી કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ આંદોલન ઉપાડનારાઓ અહમદિયા કોમને મુસ્લિમ ગણવા પણ તૈયાર નથી. પાકિસ્તાનના વિદેશમંત્રી સર મોહમ્મદ ઝફરૂલ્લાખાન પણ આ કોમના જ હોઇ તેમની સામે યે ત્યાં ઓછો વિરોધ નથી. આ કારણે જ એમને પાકિસ્તાનના બંધારણના પાયારૂપ સિદ્ધાંતો નક્કી કરવા નિમાએલી સમિતિમાંથી રાજીનામું આપી દેવું પડ્યું છે.

આચાર્ય વિનોબા ભાવે હાલ જ્યાં ચંદેલ (બિહાર) મુકામે આરામ લઈ રહ્યા છે ત્યાં અખિલ ભારત સર્વોદય સંમેલન મળવાનું છે. બિહારમાં આવેલા રામગઢના રાજાએ ચંદેલ મુકામે તા. ૯મીએ વિનોબાજીની મુલાકાત લઈ તેમના ભૂદાન યજ્ઞમાં એક લાખ એકર જમીન આપી છે જે અત્યાર સુધીમાં મળેલા ભૂદાનમાં સૌથી મોટું દાન છે. વિનોબાજીએ ભૂદાન સાથે સંપત્તિદાનની પણ ટહેલ નાખી છે જેમાં બિહારના ગવર્નર શ્રી રંગનાથ દિવાકરે પોતાના દરમાયામાંથી દર મહિને રૂપિયા ત્રણસો તથા મલાયા ખાતેની હિંદી કાઉન્સીલના સભ્ય શ્રી પી. કે. મેનને દર મહિને રૂપિયા પચાસ આપવા જણાવ્યું છે. વિનોબાજીએ ગયા ઑક્ટોબરમાં પટણા મુકામે પહેલી જ વાર જાહેર કર્યું હતું કે 'હવેથી હું દ્રવ્યરૂપે આપવામાં આવતી ભેટ પણ સ્વીકારીશ.'

દામોદર ખીણની અનેકારથી યોજનાઓમાંના તિલૈયા બંધ તથા બોકારો થર્મલ પાવર સ્ટેશનનું પંડિત જવાહરલાલે ઉદ્ઘાટન કર્યું.

આ સાલ હિમાલયનું આરોહણ કરનારી બ્રિટિશ ટુકડી તા. ૨૮ મી ફેબ્રુઆરીએ મુંબઈ ઊતરી છે, એ ટુકડીના નેતા મેજર વાયલીના જણાવ્યા મુજબ અગાઉની કોઇ પણ પર્વતારોહી ટુકડી કરતાં એ વધુ સાધનસજ્જ હોઈ આ વખતે જો પવનનું તોફાન ન નડે તો એવરેસ્ટની ચોટી પર તે પહોંચી જવાની ઉમેદ ધરાવે છે.

પ્રો. સી. વી. રામનને એમની જે શોધ પર નોબેલ પુરસ્કાર મળેલો એ 'રામન્ ઇફેક્ટ'ની શોધને ચાલુ માર્ચ માસની ૧૯મી તારીખે ૨૫ વર્ષ પૂરાં થતાં હોઇ હિંદ તેનો રજતમહોત્સવ ઊજવી રહ્યું છે. બૅંગલોર મુકામે પ્રો. રામને પહેલવહેલી ઇ. સ. ૧૯૨૮ના માર્ચની ૧૯મીએ આ શોધ જગત સમક્ષ રજૂ કરેલી.

ભારત સરકારે સાહિત્ય એકેડેમીની કરેલી સ્થાપના પછી નૃત્ય, નાટ્ય અને સંગીતની એકેડેમીની સ્થાપના કરી છે, જેની સામાન્ય સભાની પ્રથમ બેઠકે નીચેના કલાકારોને એ સંસ્થાના પહેલા ફેલો તરીકે ચૂંટી કાઢ્યા છે: ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાન, શ્રી ઉદયશંકર, ઉસ્તાદ હાફીજઅલીખાન, શ્રી પૃથ્વીરાજ કપૂર; શ્રી કરાઇકુડી શાંબશિવ અય્યર, શ્રી શિશિર ભાદુરી ને શ્રી આરિયકુડી રામાનુજ આયંગર.

આવતા એપ્રિલ માસમાં હિંદમાં રેલવેની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેની શતાબ્દિ ઉજવાનાર છે. એ અંગેનું એક વિશાળ પ્રદર્શન દિલ્હી મુકામે યોજવામાં આવ્યું છે જેનું ચાલુ માસની તા. ૭મીએ વડા પ્રધાન શ્રી નેહરુના હાથે ઉદ્ઘાટન થયું. આ પ્રદર્શન દોઢ મહિના સુધી ચાલુ રહેવાનું છે.

પૂના યુનિવર્સિટીએ મે મહિનાના ત્રીજા અઠવાડિયામાં પૂના મુકામે ભારતીય ભાષાવિકાસ પરિષદ બોલાવવાનું નક્કી કર્યું છે. આ પરિષદમાં જુદીજુદી પ્રાંતિક ભાષાઓનો વિકાસ શી રીતે સાધી શકાય તેની ચર્ચાવિચારણા કરવામાં આવશે.

મુંબાઈ યુનિવર્સિટીના 'ટીચર્સ એસોસિએશન' તરફથી શિક્ષણના માધ્યમ અંગે કરવામાં આવેલી દેશભરમાં પહેલી જ 'સર્વે'માં ૮૩ ટકા શિક્ષકોએ હિંદી માધ્યમનો વિરોધ કરેલો છે.

અત્યારે બ્રિટિશ કાબૂ હેઠળના સાઇપ્રસ ટાપુના નેતા મકારીસે જાહેર કર્યું છે કે સાઈપ્રસને જો ગ્રીસ સાથે જોડાવા દેવામાં નહિ આવે તો તેનો કેસ સંયુક્ત રાષ્ટ્ર સંઘ સમક્ષ લઇ જવામાં આવશે.

કોરીઆમાં શાંતિસ્થાપના માટેની હિંદની દરખાસ્તનો અસ્વીકાર થયા પછી હિંદે એ માટેની કોઈ નવી દરખાસ્ત ઘડી ન હોવાનું શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે લંડન મુકામે જાહેર કર્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘના મહામંત્રી ટ્રિગ્વાલી નિવૃત્ત થતા તેમની જગ્યાએ શ્રીમતી પંડિતનું નામ સૂચવાયું છે.

સંશોધન કરતાં જાણવા મળ્યું છે કે હિંદી મહાસાગરના એક નાનકડા ભાગ સમાન કચ્છના અખાતમાં મુંદ્રા, માંડવી ને જખૌની ખાડીઓમાં મોતી ઉત્પન્ન કરનારી 'પર્લ આઈન્સ્ટર્સ' નામની માછલીઓ છે. આ માછલીઓ દ્વારા કિંમતી મોતી નીકળ્યાનું પણ જાણવા મળ્યું છે. મત્સ્ય ઉદ્યોગના એક પેટા વિભાગ તરીકે આ ખાડીઓ પાસે તથા દક્ષિણ ભારતમાં સંશોધન કરવામાં આવે છે.

સતત ૧૦૫ કલાક ૩૫ મિનિટ સાઇકલ ચલાવી ૨૩ વર્ષના બંગાળી યુવાન સલીલ બેનરજીએ વિશ્વનો નવો વિક્રમ સ્થાપ્યો છે. આ પહેલાનો વિક્રમ ૧૦૫ કલાક ૧૫ મિનિટનો હતો.

નાણાંપ્રધાન શ્રી દેશમુખે પંચવર્ષીય યોજનાની છાપવાળું બજેટ રજૂ કર્યું. જેમાં આવકવેરામાં મધ્યમ વર્ગને રાહત આપવાની, કાપડના વાર પર આબકારી જકાત નાખવાની, પોસ્ટલ રજિસ્ટ્રેશન અને વીમાના દરમાં વધારો થવાની તથા મોજશૉખની ચીજોની આયાત જકાતમાં વધારો થવાની બાબતો ખાસ ધ્યાન ખેંચે છે. આમ કેટલીક પુનઃ વ્યવસ્થા કરીને તેમણે ૧ કરોડ ૫ લાખની ખાધને ૪૫ લાખ રૂપિયાની નજીવી પુરાંતમાં પલટી નાખી છે.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૩ સર ફિરોઝશાહ મહેતાના આશ્રયે 'બૉમ્બે ક્રૉનિકલ' દૈનિકની સ્થાપના, ૧૯૧૩
તા. ૪ એશિયાખંડની પ્રથમ ઑલિમ્પિક રમતો 'એશિયાડ'ની દિલ્હીમાં શરૂઆત, ૧૯૫૧.
તા. ૬ ઇટાલિયન કલાકાર માઈકલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫.
તા. ૧૨ ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચ શરૂ કરી, ૧૯૩૦.
તા. ૧૪ હિંદી કારીગરીનું ૮૦૦૦ ટનનું પ્રથમ જહાજ 'જળઉષા' તરતું મુકાયું; ૧૯૪૮.
તા. ૧૫ ગાંધીજીના રચનાત્મક કાર્યને ધપાવવા 'સર્વોદય સમાજ'ની સ્થાપના, ૧૯૪૮.
તા. ૧૮ હિંદુસ્તાનનું નૂતન પાટનગર નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭માં.
તા. ૨૦ ગુરુત્વાકર્ષણના સ્થાપક અંગ્રેજ વિજ્ઞાની સર આઈઝેક ન્યૂટનનો જન્મ, ૧૭૨૭.
તા. ૨૩ લાહોર કાવતરા કેસ અંગે ભગતસિંહ વગેરેને ફાંસી, ૧૯૩૧.
તા. ૨૫ ૧૫૬૨થી ચાલ્યો આવતો ગુલામોનો વેપાર ઇંગ્લંડે કાયદો કરી બંધ કર્યો, ૧૮૦૭.
તા. ૨૮ બાળલગ્ન પ્રતિબંધક સારડા કાયદાનો અમલ હિંદમાં શરૂ થયો, ૧૯૩૦.
તા. ૨૯ દક્ષિણ ધ્રુવની શોધ કરી પાછા વળતો કેપ્ટન સ્કૉટ બરફમાં ગારદ થયો, ૧૯૧૨.

વ્યક્તિવિશેષ : નાનાલાલ દલપતરામ કવિ



ગુજરાતના 'મહાકવિ'ઓમાં જેમનું નામ આજે મુકાય છે તે ગુજરાતના એ લાડીલા કવિવરનો જન્મ ૧૮૭૭ની ૧૭મી માર્ચે વઢવાણના શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબમાં થએલો. ગુજરાતના જનતાપ્રિય કવિ દલપતરામના એ ચોથા પુત્ર. અમદાવાદમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણી દરમિયાન પોતાના તોફાનોથી માતાપિતાને એમણે સારી પેઠે પજવેલા એટલે થોડો વખત એમને સ્વ. પ્રો. કાશીરામ દવે પાસે મોરબીમાં રાખવામાં આવેલા. પ્રો. દવે જેવા સદ્ગુરુના પ્રતાપે એમનામાં જે પલટો આવ્યો એ એમના કવિ દલપતરામને અંજલિ રૂપે લખેલા કાવ્ય 'પિતૃતર્પણ'માં જોવા મળે છે,

૧૯૦૧માં એમ. એ. થઇ સાદરાની સ્કૉટ કૉલેજમાં હેડમાસ્તર તરીકે જોડાયા બાદ ૧૯૦૪માં રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં પ્રોફેસર તરીકે એમની નિમણૂક થઈ. અહીં એમના કાર્યથી આકર્ષાઈ રાજકોટનરેશ સર લાખાજીરાજે સરકાર પાસેથી એમની નોકરી ઉછીની લઈ એમને સર ન્યાયાધીશપદે નિયુક્ત કરેલા. ત્યાંથી પાછા ફર્યા બાદ રાજકુમાર કૉલેજના વાઇસ-પ્રિન્સિપાલ તરીકે એમની નિમણૂક થઈ, જે પદેથી ૧૯૨૧ની રાષ્ટ્રીય ચળવળો દરમિયાન રાજીનામું આપી એમણે નોકરી છોડી દીધેલી અને ત્યાર પછી અખંડ સાહિત્યોપાસના જ આદરેલી.

૧૮૯૯માં ડોલનશૈલીવાળી પોતાની આગવી અને અભિનવ કવિતાશૈલીમાં લખાએલા 'વસંતોત્સવ' દ્વારા સાહિત્ય રચનાનો આરંભ કર્યો. એ શૈલીએ ગુજરાતી વાઙ્મય પર એ કાળમાં પણ એક એવી તો અસર કરી કે અનેકને એનું નિષ્ફળ અનુકરણ કરવા મન થતું. એમની કવિ પ્રતિભા એમના રાસ, અન્ય કાવ્યો, ગદ્યકૃતિઓ આદિમાં પણ એજ સામર્થ્યથી પ્રકાશી છે. સોએક જેટલી કૃતિઓમાં પથરાઇ રહેલી એમની સર્વંગામી લેખિનીના પ્રસાદે ગુજરાતી સાહિત્ય પર એવી ઘેરી અસર મૂકી કે અરધી સદીનો એમનો કાળ એમના નામથી નાનાલાલ યુગ તરીકે ઓળખાયો.

જાણીતા લોકગીતોના જૂના ઢાળમાં નવું રસસિંચન કરી એમણે રચેલા રાસ પ્રગાઢ કાવ્યતત્ત્વભર્યાં છંદોબદ્ધ કાવ્યો, ઉષા અને સારથિ નામે નવલકથાઓ તથા જયાજયંત, ઇંદુકુમાર, ગોપિકા, જહાંગીર-નૂરજહાં, શાહેનશાહ અકબરશાહ વગેરે એમની આગવી ડોલનશૈલીમય નાટકો; સાહિત્યમંથન, ફૂદ્બોધન, સંસારમંથન આદિ ગદ્યગ્રંથો; કવીશ્વર દલપતરામ આદિ ચરિત્રો ઉપરાંત 'કુરુક્ષેત્ર' નામનું એક મોટું કાવ્ય પણ લખેલું. એવું જ મોટું 'હરિસંહિતા' એ રચી રહ્યા હતા જે ૧૯૪૬ની ૯મી જાન્યુઆરીએ થએલા એમના અવસાનને કારણે અધુરું રહ્યું. સ્વભાવે અત્યંત તેજીલા હોવા છતાં પોતાના સાહિત્યસર્જન વડે ગુજરાતના બધા કવિઓ ને લેખકોમાં સૌથી વધારે માન મેળવનાર એ કવિનું મૂલ્યાંકન કરતાં શ્રી વિજયરાય વૈદ્યે લખ્યું છે તેમ 'એમના કવનમાં એમના પુરોગામીઓ કરતાં કાંઈ અનોખી જ સૃષ્ટિ રચાઇ છે અને એમાં ઉલ્લાસ, ભવ્યતા કે ભાવના પ્રાબલ્યનું કોઈ અદ્ભુત વાતાવરણ જામે છે. રસર્ષિની આર્ષદૃષ્ટિથી, વિસ્મયકારી કલ્પનાપ્રભાવથી, અજ્ઞાત કલાસૌભાગથી, મનમોહક વાણીવૈભવથી આપણા એ કવિએ એમનાં કાવ્યો અને નાટકોમાં સ્ત્રીજનની વિવિધ દશાના ઉરભાવ, અને પુરુષનાં પરાક્રમ, સેવાવ્રત તથા દેશભક્તિ, સાત્ત્વિક સંવનન, એવો જ દામ્પત્યપ્રેમ અને લગ્નમહિમા, કુદરતની લીલાનાં પરમ રમ્ય ચિત્રો, ભારતવર્ષની ગુણગાથા અને એના અમોઘ પ્રેરણાસ્રોત યત્નશીલ માનવજીવનની અંતિમ મંગલતા અને ઈશ્વરની અવિચલ શ્રદ્ધાયુક્ત ભક્તિ ગાયાં છે.'

પ્રસંગવિશેષ : ટેલીફોનનો પહેલો સફળ પ્રયોગ તા. ૧૦મી માર્ચ ૧૮૭૬

બૉસ્ટન શહેરમાં એક નાનકડા કીર્તિગૃહમાં કાંસાની એક તકતી પર લખ્યું છે કે, ''આ સ્થળે ઈ. ૧૮૭૬ના માર્ચની ૧૦મી તારીખે ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલે ટેલિફોન મારફત ટૉમસ ઑગસ્ટસ વૉટ્સનને પહેલવહેલું આખેઆખું સમજી શકાય એવું વાકય સંભળાવેલું.'' ૧૮૬૫માં બેલને વીજળીનાં મોજાં મારફત ધ્વનિપ્રસારણ કરવાનો વિચાર સ્ફૂરેલો. ૧૮૭૫માં ટેલીગ્રાફ યંત્રના પ્રયોગો કરતાંકરતાં માનવવાણીનું પ્રસારણ કરવાના સિદ્ધાંતે તેના મગજમાં સ્પષ્ટ આકાર લીધો ત્યાર પછીના વર્ષમાં એણે આ યંત્ર તૈયાર કરી નાખ્યું, અને એમાં તેઓ પહેલવહેલું વાકય બોલ્યા 'મિસ્ટર વૉટ્સન, અહીં આવો તો મારે તમારું કામ છે.' પોતાના શયનગૃહ અને પ્રયોગશાળા વચ્ચે દોરડાં જોડી આ સર્વ પ્રથમ સંદેશો તેમણે પાઠવેલો. પછી તો મેની ૧૦મીએ અમેરિકન ઍકૅડેમી ઑવ આર્ટ્સ ઍન્ડ સાયન્સિઝ નામની સંસ્થા સમક્ષ તે શકવર્તી શોધનો જાહેર પ્રયોગ થયો ને ૧૮૭૭માં બેલ ટેલિફોન કંપનીની સ્થાપના થઇ સ્થળ અને કાળનાં બંધનો પર વિજય મેળવી એ શોધે સમગ્ર દુનિયાને ભરડો લઇ આજે આપણા જીવનમાં કેવું અગત્યનું સ્થાન મેળવ્યું છે એ આપણે જાણીએ છીએ.

નવાં પુસ્તકો


જીવન શોધન: જીવનમાં કંઈક કરી જવાની તમન્નાવાળા ઈચ્છુકોને માર્ગદર્શક નીવડે એવા, સ્વ. શ્રી કિશોરલાલ મશરૂવાળાના આત્મમંથનોની પાંચમી આવૃત્તિ, ૩-૦-૦; **સરદાર વલ્લભભાઈ—ભાગ બીજો**: ૧૯૩૦ની સવિનય ભંગની લડતની શરૂઆતથી તે ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતના આરંભ સુધીનાં બાર વર્ષના ગાળાનું ચરિત્રાલેખન, કરનાર: નરહરિ દ્વા. પરીખ, ૬-૦-૦; બંનેના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

લોકસાહિત્યનાં રહસ્યો સમજાવવા સાથે તેમાંનું રસદર્શન કરાવતી પ્રાણલાલ મ. મહેતાની પુસ્તિકા, ૦-૪-૦; **રમૂજી ટુચકા**: સંગ્રાહક: ચન્દ્રશંકર ગૌરીશંકર જોષી, ૦-૬-૦; **જીવનરંગ**: પીતાંબર પટેલની ઓગણીસ નવી વાર્તાઓ, ૧-૮-૦; **શિશુસાથી—ભાગ ૧-૨**: ભણવાની શરૂઆત કરતા બાળકો માટેની સચિત્ર પાઠ્યપુસ્તિકાઓ, લેખક: સોમાભાઈ ભાવસાર, દરેકના ૦-૨-૦. આ ચારેના પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ.

સમાજ સર્જકો: બુનિયાદી તાલીમને ધોરણે નાનાં બાળકો માટે ઇતર વાચન સારુ લખાએલી જીવનકથાઓ—પ્રકાશક: અનડા બુક ડીપો, અમદાવાદ, ૦-૧૦-૦; **વ્યાયામ વિચાર**: વ્યાયામનાં સર્વક્ષેત્રોની સવિસ્તર સમજણ આપતું એક ઉપયોગી પ્રકાશન—લેખક: ડૉ. હરકિસનદાસ ગાંધી, પ્રકાશક: ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા; ૧-૪-૦. **સરળ ચિત્રપોથી-ભાગ ૪થી ૭**: ધોરણ ચોથાથી સાતમા માટે ઉપયોગી પાઠ્યપુસ્તકો—કર્તા: મગનલાલ ત્રિવેદી, પ્રકાશક: હંસ પ્રકાશન, રાજકોટ; કિંમત અનુક્રમ ૦-૫-૦, ૦-૧૦-૦, ૦-૧૧-૦, ૦-૧૨-૦; **સૂરત શહેર સુધરાઇ શતાબ્દી ગ્રંથ**: સૂરત શહેરની સુધરાઇ તથા શહેરના ઇતિહાસ ને સુધરાઈના અન્ય અંગોની માહિતીઓ આપતું પ્રકાશન, પ્રકાશક: ઠાકોરભાઈ ર. દેસાઈ, મુખ્ય અધિકારી, સૂરત શહેર સુધરાઈ, સૂરત, ૩-૦-૦; **નરસિંહરાવની રોજનીશી**: સાહિત્યના જ વિચારદોહનમાં જેમનું આખું આયખું વિત્યું છે એ પ્રખર વિદ્વાનની નિત્યનોંધ, સંપાદકો: ધનસુખલાલ મહેતા અને રામપ્રસાદ બક્ષી, પ્રકાશક: ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પાકું પૂઠું ૬-૦-૦, કાચું પૂઠું ૫-૦-૦.

આકુ-ઈંધણ* ને જવનું અન્ન, છોરૂ બાપ-હળ્યાં,*
છાપરૂં ચૂવે ને નાર કુભારજા, એ પાંચે પાપ માર્યાં.

નેપોલિયન સામે વૉટર્લૂના યુદ્ધમાં અંતિમ વિજય મેળવનાર ડયૂક ઑવ વેલિંગ્ટનને એક મસ્તકવેત્તાએ કહ્યું, 'તમારા મસ્તકમાં હિંમતનો ભાગ ઝાઝો વિકાસ પામ્યો નથી.' વેલિંગ્ટને જવાબ દીધો: 'ખરી વાત છે મને કર્તવ્યનો ખયાલ ન હોત તો પહેલી જ લડાઇમાંથી હું પાછો નાઠો હોત.'



અનેકાર્થી શબ્દ: **વેધ**=વીંધવું તે (દા.ત. મત્સ્યવેધ); વેહ કે છિદ્ર; જખમ; દોષ અથવા બાધ; ગ્રહો વગેરે આકાશીય પદાર્થોની ગતિ સમય વગેરેનું નિરીક્ષણ; સુતાર કે કડિયાના કામમાં શાસ્ત્રીય દોષ આવે તે; સૂર્યગ્રહણની પહેલાંનો ચાર પહોરનો અને ચંદ્રગ્રહણની પહેલાંનો ત્રણ પહરનો સૂતક પાળવાનો વખત; ખાર કે દ્વેષ; ગણિતશાસ્ત્રમાં 'કોઑર્ડિનેટ ઑવ ઝેડ.'

કહેવતોના અર્થ: 'મુખમેં રામ બગલમેં છુરી, ભગત થયા પણ દાનત બૂરી.' મોઢે મીઠું બોલીને મનમાં કપટ રાખતાં માણસો વિષે ગયે મહિને જણાવેલી કહેવતને અનુસંધાને અનેક કહેવતો આપણે ત્યાં પ્રચલિત છે: 'ઉપરકી અચ્છી અચ્છી, ભીતરકી રામ જાને'; 'જાહેર રહેમાનકા, બાતિન શયતાનકા'; 'હરિગુણ ગાતી ને હૈયામાં કાતી'; 'ડોકમાં માળા ને પેટમાં લાળા'; 'ઘણી ભક્તિએ છિનાળું ને ઘણે વેપારે દેવાળું'; 'દેખાડે ગોળા ને આપે ચડવા'; 'મોઢે મિઠાઇ ને પેટમાં પાળી'; 'મોઢે પરવત ને પેટમાં કરવત'; 'રામ નામ જપના, પરાયા માલ અપના'; 'મીઠી છરી ને ઝેરની ભરી' વગેરે.

ફાંસ વાગી હોય તેને કાઢવાનું ચીપિયા જેવું કાંઇ સાધન હાથવગું ન હોય ત્યારે કલમની ટાંક નીચે આંગળી દબાવવાથી તેની ફાડ પહોળી થશે, અને ઢીલ મૂકવાથી ફાંસ તેની પકડમાં આવી ગયે ખેંચી કાઢી શકાશે.



હેલસિંકીમાં ગુજરાતી. ('લોકનાદ'માંથી)

અમેરિકાનું રાષ્ટ્રગીત 'ધ સ્ટાર-સ્પૅંગલ્ડ બૅનર' બ્રિટિશ યુદ્ધજહાજમાં કામ કરતા એક અંગ્રેજે લખેલું અને તેની સ્વરલિપિ એક ફ્રેન્ચમૅને તૈયાર કરેલી.

ચાંચડ તેની લંબાઇ કરતાં બસો ગણું કૂદી શકે છે. સિંહ જો એની લંબાઈના પ્રમાણમાં આ રીતે કૂદવા સમર્થ હોય તો એક જ છલંગમાં તે ¼ માઇલ કૂદી શકે!

ગણિતગમ્મત: કોઇ પણ દેશી મહિનો ધારો. તે ચૈત્ર માસથી કેટલામો છે તે ગણો. જે અંક આવે તેમાં ૨૯ ઉમેરો. જે આવે તેને ૧૨ વડે ભાગો, અને શેષ રહે તેટલા મહિના કારતક માસથી ગણતાં ધારેલો માસ આવશે.

દા.ત. અષાડ માસ ધાર્યો. ચૈત્રને ૧ ગણતાં અષાડે ૪ આવે. ૪+૨૯=૩૩÷૧૨=૯ શેષ. હવે કારતકથી ૧ ગણતાં ૯મો અષાડ આવશે. (આવતે મહિને વાર વિષે) —મયાશંકર જોષી

તેલ અને પાણી ભળે નહિ એમ કહેવાય છે, પરંતુ પાણીમાં સાબુનો કકડો નાખી પછી તેમાં તેલ નાખશો તો ભળી જશે.

કલાકણિકા (નીચે): ૪થી-૬ઠ્ઠી સદી દરમ્યાનના ગાળાના કાંસાના પાત્ર પરનું શોભન



* આકુ-ઈંધણ=આકડાનું બળતણ; બાપને હળેલાં છોકરાં કામ કરવા ન દે.



બોધિસત્વનું ધડ: સાંચીમાંથી મળેલો પાંચમી સદીના ગુપ્તકાળના શિલ્પનો અતીવ સુંદર નમૂનો. ભારતના ઇતિહાસમાં ગુપ્તકાળ સંસ્કાર-વિકાસની દૃષ્ટિએ સુવર્ણમય ગણાયો છે, તેની સાક્ષાત પ્રતીતિ બોધિસત્ત્વની મૂર્તિનો આ અવશેષ કરાવે છે. માથું પણ નથી અને પગનો ભાગ પણ નથી, છતાં માત્ર ત્રિવલ્લીયુક્ત ગ્રીવા, વિશાળ સપાટ વક્ષસ્થળ અને સુંદર ભંગી કરી રહેલી કટિસન્મુખનો નાભિપ્રદેશ આદર્શ નરદેહનું સૌન્દર્ય ઉતારવામાં આજથી દોઢ હજાર વર્ષ પરના કલાકારો કેટલા પ્રવીણ હતા તે દર્શાવે છે. ગળામાં ઝીણી ઘૂઘરીઓથી મંડિત રત્નજડિત હાર છે, ઉપવીતસ્થાને કાળા હરણનું ચામડું છે. કમર પરની ધોતીની ઉપલી કિનારમાં સુંદર ફૂલવેલની ભાત છે, અને તેના પરનો સુશોભિત કમરબંધ કીર્તિમુખ વડે ભીડેલો છે. ૮૭ સેન્ટીમીટર ઊંચી, લીસા લાલ પથ્થરની આ સુંદર મૂર્તિ જનરલ કનિંગહામે સાંચીમાંથી મેળવેલી તે હાલ લંડનના વિક્ટોરિયા-આલ્બર્ટ મ્યુઝિયમમાં છે અને પરદેશમાં રહેલાં ભારતનાં બહુમૂલ્ય શિલ્પોમાં તેની ગણના થાય છે.